વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૮




Incredible !ndia
Gujarat Tourism
Khushboo Gujarat Ki
Mirage like, almost mingled in the dry foliage, the gentle, controlled, sauntering... Lion! Not just one, many. The entire lot begins moving towards us, getting closer and closer… and is now a few feet away from my hand!!
And why do I still wish that they had come closer? Maybe they will, in your tour.
GIR
Toll Free : 1800 200 5080
www.gujarattourism.com



Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

RATNAश्री®

Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

**Exclusive Silver Jewellery Showroom** - Shop No. 24, Super Mall, Ph. 26461919

**Gold Testing & Laser Shoulder Laboratory** - Shop No. 23, Super Mall

# સંપાદકનું સારેગમ

## નૂતન વર્ષે મધુરપની વહેંચણી કરતાં રહીએ!

દીપપર્વની શુભેચ્છા અને નૂતનવર્ષાભિનંદન.

આવનારા દિવસોની પોતાની વિશિષ્ટ ઓળખ છે. આગવું મહત્વ છે સૌનું.

વાણીનો વૈભવ વધે, ધનની વૃદ્ધિ થાય, અંધકાર ઉપર અજવાળાંનો વિજય થાય અને આ સઘળું હરખભેર ઉજવાય અને એનો મહિમા થતો રહે. નવાં વર્ષે લીધેલા નવાં સંકલ્પો ઝાકળ માફક ઉડી ન જાય અને સમગ્ર વર્ષ દરમિયાન એને પામવાના પ્રયત્નો કરી શકાય તો જ આ ઉજવણી સાચી.

વીતી ગયેલી વાતોમાંથી કડવાશ અને ડંખ દૂર કરીએ અને મધુરપની વહેંચણી કરતાં રહીએ.

આપણે સાધન સંપન્ન થયાં છીએ. સંપર્ક સાધવા માટે ઘણાં બધાં વિકલ્પો હાથવગા છે. પણ હવે તો માત્ર SMS કે Email થકી શુભેચ્છાઓ મોકલી રાજી થઈએ છીએ. કદાચ આપણે આપણામાં જ રાજી રહીએ છીએ. વારેવારે બુઠ્ઠું થતું રહેતું જીવન આવા તહેવારોનાં દિવસોમાં સહુ સાથે હળીમળીને ખીલતું રહે એ જ આશા.

**— સૌમિલ મુનશી**

વર્ષ: ૭/અંક: ૯૪-૯૫/ઓક્ટો.-નવે. ૨૦૧૮
**તંત્રી અને સંપાદક:**
સૌમિલ મુનશી
**પ્રકાશક:**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન:**
www.e-shabda.com
**તસવીર પરામર્શક:**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા

**ઑફિસ એક્ઝિક્યુટિવ:**
જિગીષા જાની
**સહાય:** ગોપાલ પઢિયાર
**કાર્યાલય:** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫

કુલ પેજ: ૭૨

**ઈ-મેઈલ:**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય ₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી.
તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

(નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

## ભાષાસમૃદ્ધિથી અવગત કરાવનાર સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

લાંચ એ ઋણાનુબંધનું ફળ છે—વાંચીને હસ્યા વગર રહી ના શકાયું. આપણી ગંભીર સમસ્યાને આવા હળવા મિજાજમાં રજૂ કરી તે બદલ લેખક રતિલાલ બોરીસાગરને અભિનંદન આપવા ઘટે છે. અને વળી પાછું ગીતાનું વાક્ય 'લાંચ આપનાર પણ હું છું અને લાંચ લેનાર પણ હું છું. વળી, લાંચ લેતાં પકડનાર પણ હું છું અને લાંચ લઈને લાંચ લેનારને છોડી મૂકનાર પણ હું છું.' જોરદાર લાગ્યું. ખરેખર લેખ ખૂબ જ ગમ્યો.

સ્વરસેતુ મેગેઝીનમાં જે નાનકડી વાર્તાઓ આવે છે તે પણ માર્મિક હોય છે. કવિ વિનોદ જોશીની કવિતામાં જે ભાષાસમૃદ્ધિ જોવા મળે છે તે વાંચીને ગુજરાતી હોવાનો ગર્વ થાય છે. ઘણાં શબ્દો હું વાંચી તેના અર્થ પણ મારા દીકરાને સમજાવું છું. ન્યુઝીક ટ્રેક વિભાગમાં અમદાવાદ ઉપરાંત બીજા શહેરોમાં થતી પ્રવૃત્તિ વિશે પણ જાણકારી આપવામાં આવે તો વધારે સારું. અમને સ્વર તથા સાહિત્ય સાથે જોડી રાખવા બદલ આભાર.

—શ્વેતા ભટ્ટ, અમદાવાદ

## એક નવા ગીતકારની કલમથી અવગત કરાવો છો

સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટમાં લેખક હર્ષ બ્રહ્મભટ્ટ કહે છે તેમ બહુ ઓછા જાણીતા ગીતકારો વિશે ખૂબ રોચક વાતો વાંચવા મળી તેમની સંગીત સફર અને કાવ્યતત્વ ધરાવતા ગીતો વાંચીને પણ આનંદ થયો. વર્મા મલિકની સંગીતયાત્રા વિશે ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હશે. પણ તેમના ગીતો લોકજીભે આજે પણ છે. ફિલ્મી ગીતોમાં કાવ્યતત્વ શ્રેણી વાંચી ઘણાં સાંભળેલા પણ નહીં જાણેલા ગીતકારો વિશે જાણવા મળ્યું. દર વખતે એક નવા ગીતકારની કાવ્યમય કલમને માણવા મળી. તે બદલ હર્ષ બ્રહ્મભટ્ટને અભિનંદન.

—સંતોષ શર્મા, અમદાવાદ

## Mohan no masalo

We had a pleasure of seeing 'Mohan no masalo' by Pratik Gandhi which was brought to Ahmedabad by Swarsetu team. Before the drama, as conveyed by Shyamal, Swarsetu is working to uplift Gujarati literature, music and other areas. Himani & I are very happy that you have not restricted yourself to music only which is your domain but you are working to promote other art forms of Gujarat.

'Mohan no masalo' was an amazing play. Each area of drama was excellent whether it was dialogue delivery, music, set and lighting. Pratik was at his best. I strongly recommend everybody to see this drama if one enjoys Gujarati Sahitya.

I am sure that Swarsetu has many such programs under its belt. Looking forward to more interactions. All the best.

—Dr. Nishith Shah, Ahmedabad



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# દિવાળીની રાતે લટાર



દીવા... દીવા... ઘરઘર દીવા,
લઈને આવ્યો અવસર દીવા.

એજ તીર્થ છે, એજ સંત છે,
જ્યાં પ્રગટાવે ઈશ્વર દીવા.

તેંય કોડિયા હશે મૂક્યા ત્યાં,
અહીં અમારે ભીતર દીવા.

યાદ દિવાળી આવી ઘરની,
ખર્યા આંખથી ખરખર દીવા.

અંધારી રાતે આ અવસર?
કરે હિસાબો સરભર દીવા.

કોના પગલાં થયા યાદમાં,
ઉંબરે, ફળીયે, પાદર દીવા.

મંત્રોએ અજવાળ્યું જીવતર,
લાગ્યા અક્ષર અક્ષર દીવા.

મિસ્કીન દર્પણ જેવું હૈયું,
જોઉં ઝગમગે અંદર દીવા.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

દિવાળી આવે છે... દિવાળી આવે છે... દિવાળી આવી અને ગઈ...

બાળપણથી આ વાક્યો સાંભળતો આવ્યો છું. દિવાળી આવે છે એની તૈયારીમાં આખું ઘર લાગી જાય. આખું ઘર ચોખ્ખું થઈ ગયું હોય. ખૂણે-ખૂણો સાફ થઈ ગયો હોય. આંગણે-ઓટલે-ટોડલે દીવા મૂકાયા હોય, રોશનીના બલ્બ લાગી ગયા હોય, ફટાકડાના ક્યાંક અવાજો આવતા હોય અને આવી દિવાળીની રાત્રે શહેરમાં, ગામમાં, ગલીમાં એક લટાર મારવાની ઔર મજા હોય છે. એક જમાનામાં અમે દિવાળીની રાત્રે સોસાયટીમાં ફરવા નીકળતા. કોને ઘેર કેવી રંગોળી પૂરાઈ છે, કેવી રોશનીઓ થઈ છે એ જોવાની મજા પડતી. પછી તો એ રંગોળી પ્લાસ્ટીકની તૈયાર આવવા માંડી અને આજની રંગોળી તો આપણે સૌ જાણીએ છીએ.

જે દિવસે જાણ્યું હતું કે અમાસની રાતને દિવાળી કહે છે. દિવાળી અમાસે આવે છે એ વાત એટલી નવાઈ ભરેલી લાગી હતી કે ઘરના વડીલોને પણ મેં બે-ત્રણ વાર પૂછ્યું

હતું. આટલા બધા દીવા અને આટલું બધું અજવાળું અને એ પણ અમાસે? સામાન્ય રીતે અમાસને અમાસ તરીકે આપણે જોઈએ છીએ. પરંતુ દિવાળીને અમાસ તરીકે જાણે વિચારી પણ નથી શકતા. દીવા-રોશની-અજવાળું-ફટાકડા-આનંદ... અંધારું ક્યાંય ભૂલાઈ જાય છે. આનંદની એ તાકાત છે કે, અવસરોની એ તાકાત છે કે અમાસને અજવાળાના પર્વમાં ફેરવી નાંખે.

> અમાસની રાતને દિવાળી કહે છે. દિવાળી અમાસે આવે છે એ વાત એટલી નવાઈ ભરેલી લાગી હતી કે ઘરના વડીલોને પણ મેં બે-ત્રણ વાર પૂછ્યું હતું. આટલા બધા દીવા અને આટલું બધું અજવાળું અને એ પણ અમાસે?

દિવાળીની રાત્રે લટાર... આ ગઝલ ગુજરાતના ગામોમાં ફરતાં-ફરતાં લખાઈ છે. ફ્લેટ-બંગલાથી લઈને નાનકડી ઝૂંપડી સુધી મેં દીવા મૂકાતા જોયા છે. છેવટે નાનકડી મીણબત્તી પણ સળગાવીને કોઈએ રોશની કરી હોય છે. અમદાવાદના ઍરપૉર્ટ ઉપર પ્લેન ઉતરતું હોય એની પહેલાં પ્લેનમાંથી અમદાવાદને જોઈએ તો આગિયાના ઝૂમખાં જાણે લટકતા હોય એવું લાગે છે. ગમે તેવી ઉદાસીમાં પણ એકાદ દીવો પ્રગટાવીને બેસવાથી જાણે તરત જ મન:સ્થિતિ બદલાઈ જાય છે. અજવાળાને જ્ઞાન સાથે પણ સંબંધ છે. અજવાળાને જીવનના આનંદ સાથે સંબંધ છે. આ પૃથ્વી ઉપર જ્યાં-જ્યાં તીર્થસ્થળો છે, જે-જે વ્યક્તિવિશેષમાં સંતત્વ જણાય છે, જ્યાં માથું સહજ ઝૂકી જાય છે એ બધા જ સ્થળે, એ બધા જ વ્યક્તિઓમાં ભગવાને દીવો પ્રગટાવ્યો હોય છે. ભગવાન જ્યારે દીવો પ્રગટાવે ત્યારે એ સૂર્ય અને ચંદ્ર જેવો શાશ્વત હોય છે.

પ્રિય પાત્ર યાદ આવી ગયું. દૂર ક્યાંક એણે પણ એના આંગણે કોડિયા મૂક્યાં હશે. રોશની કરી હશે. કારણ કે અહીં કંઈ એમનીમ... માધવ રામાનુજની ભાષામાં કહું તો અંદર તો એવું અજવાળું અજવાળું ના થાય, દૂર ત્યાં તેં કોડિયા મૂક્યા અને અહીં મારી અંદર મેં અજવાળું થતું જોયું. દૂરના સગાં કેટલા નજીક હોય છે.





દિવાળીની એક રાત્રે એક બુઢ્ઢા ફકીરને ભીખ માંગતો જોયો, સાંભળ્યો અને પગને જાણે બ્રેક લાગી ગઈ. રોશનીના શહેરના ફૂટપાથ ઉપર નાનકડી દીકરીની સાથે ફાટેલા કપડે હાથમાં લાકડી લઈને તેજસ્વી આંખો સાથે એ બૂમ પાડીને સૌને કહેતો હતો કે... આજ ઘર ઘર મેં ઉજાલા ઔર મેરે ઘર અંધેરા બાબા પૈસા દે દે. આંખ ભીની થઈ ગઈ. એક જમાનામાં સરસ ઘર હતું. એક જમાનામાં સરસ ઘર હશે. કેવી પરિસ્થિતિ સર્જાઈ હશે કે આજે આ ભિખારી દિવાળીની રાતે આ શબ્દ બોલી રહ્યો છે. ક્યારેક બાળપણમાં એ પણ હોંશે હોંશે માટીના કોડિયામાં તેલ ભરીને, છલકાય નહીં એમ સાચવીને કોડિયા આંગણામાં મૂકીએ અને પછી બા, એ દીવા પ્રગટાવતી. હવે બધું બદલાઈ ગયું છે. ઘરની દિવાળી યાદ આવી ગઈ અને આંખથી આંસુ નહીં જાણે બાળપણના એ દીવા ખર્યા. જેટલા પ્રગટાવ્યા હતા એટલા તમામ દીવાઓ સામટા યાદ આવ્યા અને આંખથી ખરખર ખરવા લાગ્યા.

દિવાળી જાણે બધું જ સરભર કરવા આવી હોય એવું લાગે છે. હિસાબ અંધારાનો અને અજવાળાનો હોય કે પૈસાની લેવડદેવડનો હોય, રોજમેળ નામના ચોપડાનું પૂજન કરવાનું હોય કે પછી ઘરના જે ખૂણા તરફ ક્યારેય ધ્યાન નથી ગયું હોતું તે ખૂણાને ચોખ્ખો કરીને રાખવાનો હોય. દિવાળીની સાથે કેટકેટલું યાદ આવી જાય છે. બાળપણથી આજ સુધીની દિવાળી આંખ સામે તરવરે છે. યાદમાં આ કોણ આવી ચડ્યું હોય છે કે સાવ સૂના ઘરમાં, સાવ ખાલી ઘરમાં, સાવ ખંડેર ઘરમાં પણ ઉંબરે જાણે દીવા મૂક્યા હોય. આંગણામાં જાણે દીવા થયા હોય તેવું લાગે છે. અરે છેક પાદર સુધી દીવા જ દીવા પ્રગટી જાય છે.

એક દિવાળી ભીતરની પણ છે. આપણી શ્રદ્ધા, આપણા મંત્રો, મંત્રનો એક-એક અક્ષર ભીતર દીવો બનીને પ્રગટે છે અને આખા જીવનને અજવાળી દે છે. આ અક્ષર એ અક્ષર નથી રહેતા. પ્રત્યેક અક્ષર દીવો બની જાય છે. જીવનનું અંધારું રોશનીથી ઝળહળતું થઈ જાય છે. મન સ્વચ્છ નિર્મળ રાખીએ છીએ તો એ દર્પણ જેવું બની જાય છે. હૃદય દર્પણ જેવું લાગે છે. ભીતર પણ ઝગમગતા દીવા દેખાય છે. દિવાળીની રાતે રાજ કપૂરના 'જાગતે રહો'ની જેમ એક લટાર મારવા નીકળ્યો અને આ ગઝલ જડી છે.

**અમાસ પણ થૈ ગઈ અજવાળી દિવાળી છે,**
**રિદ્ધિ-સિદ્ધિથી રઢિયાળી દિવાળી છે.**

**આંગણ આંગણ નૂતન નિત્ય ચિરંતન રંગો,**
**ખુશીઓ લે સઘળું સાંભળી દિવાળી છે.**

**આજ સાવ નિર્ભાર શ્વાસ મઘમઘતા ફૂલો,**
**વાત કાલની કાલે ટાળી દિવાળી છે.**

**ધરતીથી આકાશ સુધી કૈં મબલખ ઝૂલે,**
**મનગમતી સોનેરી ડાળી દિવાળી છે.**

**અંખડ એ શ્રદ્ધાના દીવા પ્રગટ્યા ઝગમગ,**
**ઘર ઘર રાધા ને વનમાળી દિવાળી છે.**


Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
AUTHORISED DISTRIBUTOR
SALES | SERVICE | SPARES
NO. 1 DEALER
EFFICIENT COOLING SOLUTIONS SINCE YEARS
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, Ahmedabad 15
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
079 26746605 / 06
98253 06605


વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ
આપનો
પ્રતિભાવ અવશ્ય
જણાવો
વાચકમિત્રો અને 'સ્વરસેતુ'ના સંગીતભાવકોને વિનંતી કે આ ન્યૂઝ ડાયજેસ્ટ અંગેના આપના નિખાલસ પ્રતિભાવ અને સૂચનો જરૂર લખી જણાવશો. 'સ્વરસેતુ'ના વિવિધ 'થીમ' આધારિત કાર્યક્રમો વિશેનો આપનો અભિપ્રાય કે આપનું સૂચન પણ અમને અવશ્ય જણાવશો. શ્યામલ–સૌમિલ દ્વારા અવારનવાર પ્રગટ થતી સીડી અને ડીવીડી વિશે પણ આપ આપનાં મંતવ્યો જણાવશો તો એ અમને અમારી ભવિષ્યની વિવિધ યોજનાઓમાં ઉપયોગી થઈ પડશે.
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬,
ટેલિફેક્સઃ (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫ Email: swarsetu@yahoo.com



રતિલાલ બોરીસાગર

# એકવીસમી સદી કેવી હશે?



વીસમી સદી તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ રાત્રિના બાર વાગ્યે પૂરી થઈ. પણ કેટલાંક પ્રગતિશીલ લોકોએ એક વર્ષ પહેલાં ભારે ધામધૂમપૂર્વક એકવીસમી સદીનું સ્વાગત કર્યું હતું. આખા જગતમાં આગલા વર્ષે 'મિલેનિયમ... મિલેનિયમ' થઈ રહ્યું હતું. ગુજરાતીઓને એક નવો અંગ્રેજી શબ્દ એક વર્ષ પહેલાં શીખવા મળ્યો. ખગોળશાસ્ત્રનું મારું જ્ઞાન નહિવત્ છે. આકાશમાં સહેજે ભૂલ કર્યા વગર હું માત્ર સૂરજ અને ચાંદાને જ ઓળખી શકું છું. ગણિતમાં તો હું આજન્મ નબળો છું ને આજીવન નબળો રહીશ એવું લાગે છે. મારી સામાન્ય સમજ ઘણી સામાન્ય છે તેમ છતાં, મને ખબર હતી કે વીસમી સદી તા. ૩૧-૧૨-૧૯૯૯ના રોજ પૂરી થતી નથી, પણ તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ પૂરી થશે. મારા પછી કેટલાક મોટા ગણાતાં માણસોએ પણ આવી વાત કરી હતી. પરંતુ એ કોઈ મોટા માણસે આ નાના માણસને આ વાત, એમની પહેલાં કહેવાનો યશ નહોતો આપ્યો. જગત કોઈને અપયશ આપવામાં જેટલો ઉત્સાહ દાખવે છે, એટલો યશ આપવામાં દાખવતું નથી. જગતનો આ સ્વભાવ છે. એટલે જ જ્યોતિષીઓ લગભગ દરેક જાતકને 'તમે સૌ માટે તૂટી મરો છો, તમને યશ નથી મળતો' એમ કહી શકે છે. અને આજ સુધીમાં કમમાં કમ આ બાબતમાં ભાગ્યે જ કોઈ જ્યોતિષી ખોટો પડે છે.

તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ વીસમી સદી પૂરી થઈ. તા.૧-૧-૨૦૦૧ના એકવીસમી સદીનો પ્રારંભ થયો. આ એકવીસમી સદી કેવી હશે એ વિશે હું આજે કેટલીક

આગાહીઓ કરી રહ્યો છું. તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ રતિલાલ બોરીસાગર નામના એક મહાન ચિંતકે એકવીસમી સદી વિશે કેવી સચોટ આગાહીઓ કરી હતી એવી વાત તા. ૩૧-૧૨-૩૦૦૦ના રોજ લોકો ભારે અહોભાવથી કરશે ત્યારે મારા વંશજો જગનદાદાએ પાડેલો મારો ફોટો સૌને બતાવશે અને આવા મહાન ચિંતક અમારા પ્રપ્રપિતામહ થતા હતા. એવું ગૌરવપૂર્વક કહેશે. જોકે એ વખતે કદાચ મારો ફોટો ન જડે એમ બને. મારા ફોટાની અવેજીમાં મારાં પુસ્તકો બતાવી શકે. પણ ઘરના સભ્યો અત્યારથી જ મારાં પુસ્તકો પસ્તીમાં આપી દેવા ઉત્સુક છે. કેવળ લખવા-વાંચવામાં જ ધ્યાન આપ્યું હોવાને કારણે મને વ્યવહારજગતની કશી ગતાગમ ન પડી, આ કારણે જ હું ખાસ કશું કમાઈ ન શક્યો એમ ઘરનાં સૌને લાગે છે. એટલે સો વરસ પછી મારું કોઈ પુસ્તક મારા વંશજોને હાથ લાગે એવો સંભવ નહિવત છે. આમ છતાં મારા પ્રપૌત્રો-પ્રપૌત્રીઓ કમ્પ્યૂટરમાં મારો ડેટા ફિટ કરીને કમ્પ્યૂટરને પૂછશે કે રતિલાલ બોરીસાગર નામના મહાન પૂર્વજ અમારા પ્રપ્રપિતામહ થાય કે માત્ર પ્રપિતામહ થાય? કમ્પ્યૂટર આનો સાચો જવાબ આપશે અથવા કમ્પ્યૂટર જે જવાબ આપે તે સાચો જ હોય એવી શ્રદ્ધા લોકોમાં દ્રઢ થઈ ગઈ હશે એટલે કમ્પ્યૂટર જે જવાબ આપશે તેને મારા વંશજો સાચો માનશે.

એકવીસમી સદી વિશે હું જે આગાહીઓ કરું એ આગાહીઓ, ધારો કે, ખોટી પડી તો? હું આવતી કાલ વિશે જે કહું છું તે પણ ભાગ્યે જ સાચું પડે છે. તો આખી સદી વિશે જે કંઈ કહું એ સાચું પડવાની શક્યતા કેટલી? આવો પ્રશ્ન મારા શંકાશીલ મિત્રોને-મારી બુદ્ધિ વિશે કાયમ શંકાશીલ રહેતા મિત્રોને થશે. હું એક દિવસ વિશે કહું એ સાચું ન પડતું હોય તેથી પૂરી એક સદી વિશે કહું તે સાચું ન પડે એવો તર્ક ખોટો છે. નજીકનું ન વાંચી શકનારો માણસ દૂરનું વાંચી શકે છે. એકવીસમી સદી કરતાંય બેતાલીસમી સદી વિશે હું વધારે મજબૂત ભવિષ્યકથનો ઉચ્ચારી શકું છું, અને ધારો કે મારાં ભવિષ્યકથનો ખોટાં પડે તોપણ મને એની ચિંતા નથી. કારણ કે એકવીસમી સદી પૂરી થતાં પહેલાં, આરોગ્યવિજ્ઞાનનો ગમે તેટલો વિકાસ થયો હોય, હું ખાવાપીવામાં ગમે તેટલી કાળજી રાખું, ઘી-તેલ ખાંડવાળો ખોરાક બંધ કરી દઉં, બારે મહિના અલૂણાવ્રત રાખું, તો પણ મારી જીવનલીલા સમાપ્ત થઈ ચૂકી હશે. અને આપણી સંસ્કૃતિમાં મૃત્યુ પામેલા માણસોની નિંદા કરવામાં આવતી નથી. હવે મૂળ વાત આગાહીઓની.

અમેરિકાના, રશિયાના, ચીનના, પાકિસ્તાનના વડાઓને વિશ્વયુદ્ધ... વિશ્વયુદ્ધ રમવાની પ્રબળ ઈચ્છા છે. મારા દાદાજી એક ટુચકો કહેતા: એક માણસ ખેતરમાં બનાવેલા કાચા મકાનમાં રહેતો હતો. એના ઘરની તદ્દન નજીક એક જબરજસ્ત ઝાડ હતું. એકવાર સવારે દાતણ કરતી વખતે એને વિચાર આવ્યો કે ધારો કે આ ઝાડ પડ્યું તો કેવડો મોટો ભુચાકો થાય! પછી તો રોજ સવારે દાતણ કરતી વખતે આ વિચાર આવવા માંડ્યો. પછી સવાર ઉપરાંત બપોરે, બપોર ઉપરાંત સાંજ, સાંજ ઉપરાંત રાત્રે પણ આ વિચાર એને સતાવવા માંડ્યો—આ ઝાડ પડે તો કેવડો મોટો ભુચાકો થાય! ઝાડ પડે તો એના ઘર પર જ પડે એમ હતું. પણ ભુચાકો સાંભળવાની એની ઈચ્છા દિનપ્રતિદિન એટલી તો તીવ્ર થતી ગઈ કે એક રાત્રે એ કુહાડો લઈને મંડી પડ્યો. કેટલીયે રાતની અથાક જહેમત પછી એક દિવસ વહેલી સવારની નીરવ શાંતિમાં ઝાડ ભયંકર અવાજ સાથે એના ઘર પર તૂટી પડ્યું. ઘર જમીનદોસ્ત થઈ ગયું. અવાજ સાંભળી દૂરદૂરથી લોકો દોડી આવ્યા. આ માણસનું ઘર છિન્નભિન્ન થયેલું જોઈ લોકોના હૃદય દ્રવી ઊઠ્યાં. પણ પેલો માણસ તો ખુશખુશાલ હતો. નાચતો-કૂદતો એ બધાંને

કહેવા લાગ્યો, 'ઘર ભલે ને ખેદાનમેદાન થઈ ગયું, પણ ભુચાકો કેવડો થયો!'

અમેરિકા, ઇંગ્લૅન્ડ, રશિયા, ચીન કે પાકિસ્તાન જેવા દેશોના જે-તે સમયે સત્તા પર હોય તેવા વડાઓ કે વડીઓ એકસાથે અણુબૉમ્બ ફૂટે તો ભુચાકો કેવો થાય એ સાંભળવાની તીવ્ર ઈચ્છા રહ્યા કરશે. એકવીસમી સદીના યુદ્ધખોર માણસને પ્રગટ કરતો એક મંત્ર મેં સંસ્કૃતમાં કવિતા લખ્યાં મિત્ર હર્ષદેવ માધવની મદદથી રચ્યો છે:

**ૐ સહ શસ્ત્રાણિ ઉત્પાદયન્તુ,**
**ૐ સહ શસ્ત્રાણિ ગૃહણન્તુ!**
**તેજસ્વિન: શસ્ત્રામસ્તુ સર્વદા વિદ્વિષામહે**
**ૐ અશાન્તિર શાંતિર શાંતિ:!**

(અમે સાથે શસ્ત્રો ધારણ કરીએ, અમારાં શસ્ત્રો તેજસ્વી થાઓ, અમે બધાંનો દ્વેષ કરીએ, ૐ અશાંતિ અશાંતિ અશાંતિ!)

માણસ પશુમાંથી ઉત્કાંત થયો છે, એવી ડાર્વિનની શોધમાં પ્રજાને વિશ્વાસ બેસે એટલા માટે તથા અણુબૉમ્બનો ભુચાકો સાંભળવાની પ્રૅક્ટીસ થાય એટલા માટે જુદા-જુદા દેશો વચ્ચે થોડા-થોડા સમયને અંતરે ખૂંખાર લડાઈઓ થતી રહેશે. યુનો, એઝ યુ નો, જાનમાં કોઈ જાણે નહી ને હું વરની ફોઈ એવા ઉત્સાહથી આવી લડાઈઓ રોકવા પ્રયત્ન કરશે. આમાંથી કોઈક દિવસ પેલો ભુચાકો થયો, તો THE END! ત્રીજા વિશ્વયુદ્ધ પછી જે થોડાઘણાં લોકો બચ્યાં હશે—આમ તો જોકે ઘણાં થોડા લોકો બચ્યાં હશે—એમની વચ્ચે ચોથું વિશ્વયુદ્ધ પણ થશે. એકવીસમી સદીમાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે, તો ચોથું વિશ્વયુદ્ધ પણ એકવીસમી સદીમાં જ થશે. આ ચોથું વિશ્વયુદ્ધ પથ્થરોથી લડાશે એમ આઇન્સ્ટાઈને કહ્યું છે. એટલે ત્રીજા વિશ્વયુદ્ધ પછી બચેલા જગતમાં જે દેશ પાસે પથરાઓ વધુ હશે એ દેશ મહાસત્તા બનશે. પથ્થરની ખાણવાળા દેશો મહાસત્તા બનશે. સોનાની ખાણ કરતાં પથ્થરની ખાણવાળા દેશોનું મહત્ત્વ ખૂબ વધી જશે.

મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, ગાંધીવાદ, સર્વોદયવાદ આદિ વર્ગો એકવીસમી સદીમાં પણ જોવા મળશે. જોકે આ દિશામાં થોડી પ્રગતિ અવશ્ય થશે. આજે ગરીબ માણસના મહિનેદહાડે પાંચસો રૂપિયા ખૂટતા હશે તો એકવીસમી સદી પૂરી થવામાં હશે ત્યારે પાંચ હજાર રૂપિયા ખૂટતા હશે. કદાચ, આથી વધુ ખૂટે એમ પણ બને. આમ, ગરીબીની ધોરણ ઘણું ઊંચું જશે. વીસમી સદીમાં કેટલાંક-કેટલાંક નહીં, ઘણાં લોકો અર્ધા ભૂખ્યાં રહે છે. ટકાવારીની દષ્ટિએ એકવીસમી સદીમાં પણ એટલાં જ લોકો ભૂખ્યાં રહેશે. આમ, ભૂખની સપાટી એકંદરે જળવાઈ રહેશે. આજે કેટલાંક લોકો ખાવાનું પૂરું ન મળતું હોવાને કારણે અને કેટલાંક લોકો ખાવાનું ખૂબ મળતું હોવાને કારણે ભૂખ્યાં રહે છે. તો કેટલાંક પચાવવાની શક્તિના અભાવે ખાઈ શકતાં નથી. એ જ રીતે કેટલાંક લોકોને પૂરતાં વસ્ત્રો ન મળવાને કારણે તેઓ અપૂરતાં વસ્ત્રો પહેરે છે તો કેટલાંક લોકો સંખ્યાબંધ વસ્ત્રો હોવા છતાં મૉર્ડન દેખાવા અપૂરતાં વસ્ત્રો પહેરે છે. એકવીસમી સદીમાં પણ આવું બનવાનું ચાલુ રહેશે. એકવીસમી સદીમાં પણ ભિખારીઓ તો હશે જ. પણ એમનું સ્ટેટસ એકવીસમી સદીના ભિખારીને છાજે એવું હશે. એકવીસમી સદી પૂરી થવા આવશે ત્યારે ભારતના ભિખારીઓ પણ મોબાઈલ ફોન વાપરતા હશે અને ભીખમાં ધંધાના વિકાસ માટે વિચારવિનિમય કરતાં હશે. ઇંગ્લૅન્ડ, અમેરિકા, આદિ વિકસિત દેશોના ભિખારીઓનું સ્ટાન્ડર્ડ તો આનાથી ઘણું ઊંચું હશે.

એકવીસમી સદીમાં ફુગાવો ઘટે એવો સંભવ ઓછો કે વધે એવો સંભવ વધુ છે. આજે જેટલા રૂપિયામાં ઇન્ડિયાથી અમેરિકા જવાય છે, એટલા રૂપિયામાં વિમાન માર્ગે અમદાવાદથી આણંદ જઈ શકાશે. અલબત્ત, આણંદમાં



ઍરપોર્ટ હશે એ નક્કી. એકવીસમી સદીમાં શહેરની યુવાપેઢીને ઘર કરતાં હોટેલમાં જમવાનું વધુ ફાવશે. અનેક ઘરોમાં રવિવારે સાંજે ગૅસ બંધ રહેશે. અમદાવાદી યુવાનો ટીપમાં પચ્ચીસ રૂપિયા આપશે. આ જાણીને વીસમી સદીના અવશેષ સમા વરિષ્ઠ નાગરિકોનો જીવ બળશે. તેઓને થશે: અહા! હોટલમાં તો અમે જતા, પણ એક ચામાં ચાર જણની ભાગીદારી રહેતી. એક ચાના ઑર્ડર સાથે પંખો ફાસ્ટ કરવાનું, આજનું છાપું લાવવાનું અને બહાર પડેલી સાઈકલનું ધ્યાન રાખવાનું કહી શકાતું હતું. (કર્ટસી: વિનોદ ભટ્ટ) દસ રૂપિયાની નોટ કેવળ આદુ-મરચાં-કોથમીરના નાના-નાના અંશો લેવામાં જ કામ આવશે.

એકવીસમી સદીમાં પણ લોકોમાં લગ્ન કરવાનો ઉત્સાહ ટકી રહેશે. લગ્નમાં કરવામાં મુહૂર્ત કરતાં કયો પાર્ટીપ્લોટ ખાલી છે, એ બાબત વધુ અગત્યની બનશે પાર્ટીપ્લોટ મળી જાય અને સારું મુહૂર્ત ન નીકળતું હોય એવા સંજોગોમાં ગોરમહારાજો ખાસ જાપ કરાવી આ વિઘ્ન દૂર કરી દેશે. આજે છે એમ જ એકવીસમી સદીમાં પણ ગોરમહારાજો પાર્ટીપ્લૉટ મળે ત્યારે લગ્ન કરનારા નવદંપતીને કશું નુકસાન ન કરવાની સૂચના ગોરમહારાજો ગ્રહોને આપી શકશે. એકવીસમી સદીમાં એન.આર.આઈ.ઓ ડિસેમ્બર મહિનામાં (અમેરિકાની ઠંડીથી બચવા) ભારતમાં આવશે. આને કારણે એન.આર.આઈ.ઓ દ્વારા કમૂરતાંમાં લગ્નો કરતાં થશે. એકવીસમી સદીમાં પતિપત્ની પ્રેમ પણ કરશે ને તકરારો પણ કરશે. એમાંના કેટલાંક પ્રેમ વધુ કરશે ને

તકરાર ઓછી કરશે. કેટલાંક તકરાર વધુ કરશે ને પ્રેમ ઓછો કરશે. આમ, પતિ-પત્નીઓમાં પ્રેમ અને તકરારનું સરેરાશ પ્રમાણ આજના જેટલું જ રહેશે.

વીસમી સદીમાં શરૂ થયેલી નારીમુક્તિની ચળવળ એકવીસમી સદીના અંતભાગમાં ભારતની સંસદમાં પુરુષો માટે તેત્રીસ ટકા અનામતની જોગવાઈ કરતું બિલ રજૂ થશે. સ્ત્રીઓ સ્વભાવે કોમળ હોવાને કારણે આ બિલ કશાં વિઘ્ન વગર પસાર થઈ જશે. અલબત્ત, વીસમી સદી સુધી પુરુષોએ જે વિશેષ હકો ભોગવ્યા છે; એવા હકો પાછા મળવાનો સંભવ નહિવત્ રહેશે.

એકવીસમી સદીમાં વસ્તીવધારા પર અંકુશ આવશે. પોતે જન્મીને જગતને પાવન કર્યું છે એ પૂરતું છે, એવી સમજનો વિકાસ થશે. સંભવામિ યુગેયુગેવાળું વચન ભગવાને પાળવું હશે તો કોઈ પણ ઘરે પહેલા-બીજા ક્રમે જન્મી જવું પડશે. ભગવાનના આળસમાં રહેશે ને આઠમા ક્રમ સુધી વાર લગાડશે, તો પછી એમનો પત્તો નહીં ખાય!

એકવીસમી સદીમાં વિજ્ઞાનનો ખૂબ વિકાસ થશે. એ સાથે વહેમનો પણ વિકાસ થશે. વીસમી સદી કરતાં એકવીસમી સદીના લોકો વધુ વહેમી હશે. ભવિષ્યવેત્તાઓનું ભવિષ્ય આજ કરતાંય વધુ ઉજ્જવળ હશે. ઉનાળામાં એલ.ટી.સી. અવકાશયાનમાં બેસી ચંદ્ર પર જતી વખતે મહૂર્ત જોવામાં આવશે. સારા ચોઘડિયામાં ઊપડતી મૂનફ્લાઈટના ભાવો ઘણા ઊંચાં હશે. અમેરિકા ભૌતિક સુખો પૂરાં પાડવાની ને ભારત આધ્યાત્મિક સુખો પૂરાં પાડવાની પોતાની પરંપરાઓ જાળવી રાખશે. વિજ્ઞાનની પ્રગતિને કારણે માણસ કરે છે, એવાં ઘણાંખરાં કામો યંત્રો કરશે. રૉબો સ્કૂટર પર બેસીને શાક લઈ આવશે; બાળકોને રમાડશે; ઘરકામ કરશે. પત્નીઓ આજે પતિ કરતાં ઘરના નોકરને વધુ સારી રીતે સાચવે છે. પતિવિરહ કરતાં રામાવિરહ એમને વધુ સાલે છે. એકવીસમી સદીની ગૃહિણીઓને રૉબો-વિરહ વધુ સાલશે. રૉબોમાં કંઈક યાંત્રિક ખામી આવી જશે, ત્યારે ગૃહિણીઓ ડિપ્રેશનમાં આવી જશે. 'અમારો રૉબુ આઉટ ઑફ ઓર્ડર છે. તમારો રૉબુ સ્પેર કરશો?' આવાં વાક્યો આડોશપડોશમાં સંભળાતા થશે. કચકચ કરતી પડોશણને ત્યાં કામ કરવા જવાનો રૉબો ઇનકાર કરી દેશે. ટેલિફોન પર વાત કરતી વખતે બોલનાર-સાંભળનારના ચહેરાઓ ટેલિફોન-સ્ક્રિન પર દેખાશે. પ્રેમીઓ આ સુવિધાઓથી રાજી થશે. નેતાઓએ સારા અભિનેતા બનવું પડશે. નહીંતર એમના હૃદયના ભાવો ટેલિફોન સ્ક્રિન પર દેખાઈ જશે. ચોપડી કપાળ પર રાખી, ઉપર પટ્ટી બાંધીને સૂઈ જવાથી સવારના ચોપડીની કન્ટેન્ટ મગજમાં ઊતરી જશે. આ કારણે એકવીસમી સદીમાં ચશ્માંવાળાંઓની સંખ્યા એકદમ ઘટી જશે. ચોમાસામાં મોટરનો કાચ સાફ કરવા માટે વાઈપર વપરાય છે, એવાં વાઈપરો ચાલુ વરસાદે ચશ્માંના કાચ સાફ કરવા માટે વપરાશે. એકવીસમી સદીમાં જાતજાતની દવાઓ શોધાશે. કેટલીક એવી દવાઓ શોધાશે, જેને માટેના રોગ શોધવાના બાકી હશે! માણસનું ઘણુંખરું કામ કમ્પ્યૂટર કરશે એટલે ઑફિસો—ખાસ કરીને ભારતની ઑફિસો—અઠવાડિયામાં બે દિવસ કામ કરશે પાંચ દિવસના આરામથી કંટાળેલા કર્મચારીઓ શનિ-રવિના કામના દિવસોની પ્રતીક્ષા કરશે.

એકવીસમી સદીમાં સજ્જનો અને દુર્જનોનું પ્રમાણ જળવાઈ રહેશે. આ કારણે જગત ડલ બની જવાનો સંભવ દેખાતો નથી. એકવીસમી સદીમાં પણ આજના જેવાં જ સુખો ને દુ:ખો હશે, ભય ને ચિંતાઓ હશે, પ્રેમ અને ધિક્કાર હશે. આ બધાંને કારણે જીવન આજની જેમ જ ધબકતું લાગશે. અસ્તુ.

**('અમથું અમથું કેમ ન હસિયે!' પ્રકાશન: ગૂર્જર પ્રકાશન)**

# માવજત



જયા પરેશાન હતી. તેને કાંઈ સૂઝતું નહોતું. આ છોકરીનું શું કરવું? તેની સાથે કેવી રીતે વર્તવું? રોજ ને રોજ તેને સજા પણ શી કરવી? ગમે તેટલી સજા કરું, પણ તેને તો એની કશી અસર જ નથી! આઠ-નવ વરસની છોકરી, પણ બધાને તોબા પોકરાવી દીધા છે. વર્ગ આખો માથે લીધો છે.

આજેય જયાએ વર્ગ લેવાનું શરૂ કર્યું, ત્યાં કમલાનાં તોફાન શરૂ થઈ ગયાં. જયા અત્યંત અકળાયેલા અવાજે બોલી, 'કમલા તને થયું છે શું? એક મિનિટ તું ચૂપ નથી બેસી શકતી? હવે તો તને વર્ગમાંથી જ નહીં, નિશાળમાંથીએ કાઢી મૂકીશ. બીજી બધી છોકરીઓ કેવી ધ્યાનથી ભણે છે અને તું આમ જોશે ને તેમ જોશે, ઘડીકમાં સ્કર્ટ ઊંચું કરશે ને નીચું કરશે, રિબન ખોલશે ને બાંધશે, કોઈકને ગલી કરશે ને કોઈકના પર કાગળનું તીર ફેંકશે. તારે તો ભણવું નથી, પણ બીજાનેય તું ભણવા દેતી નથી...' આજે જયા બહુ જ અકળાઈ ગઈ.

કમલા ડાહ્યો-ડમરો ચહેરો રાખી બોલી, 'મેં હમણાં ક્યાં કાંઈ કર્યું છે, ચીમટો તો દીપાએ ભર્યો અને તીર શિલ્પાએ ફેંક્યું.'

'દીદી, કમલાએ જ અમને એમ કરવાનું શીખવ્યું.'

'એટલે કે હવે તું એકલી નહીં, તારી તોફાની ટોળકીયે ઊભી કરી રહી છે!...' બોલતાં બોલતાં જયાએ જોયું કે કમલા પેલી બે તરફ ઘૂરકી રહી છે, એટલે એનો પિત્તો ગયો: 'ચાલ, ઊભી થા, વર્ગમાંથી બહાર નીકળી જા!... તુરત... સાંભળે છે કે નહીં?'

'જી, બરાબર સાંભળું છું.' અને કમલા ઊભી થઈને છણકો કરતી વર્ગ બહાર નીકળી ગઈ. જયા જોતી જ રહી. સજાનેય આટલી બેફિકરાઈથી લેવી! ન માફી માગવી, ન શરમ અનુભવવી. આ તે કેવી ગુસ્તાખી!

પહેલાં તો જયા બીજી શિક્ષિકાઓ પાસે વાત કરતી. પણ હવે એ બધીય કંટાળી હતી. ઘરે પતિ પાસે પોતાની મૂંઝવણ વ્યક્ત કરતી. પણ હવે પતિએ પણ કહી દીધું કે, 'તારી આ રોજની રામાયણ સાંભળીને હું થાકી ગયો. ઘરમાંય કમલાનું ભૂત તારા માથે સવાર થઈ જાય છે!'

એટલે જયા મનમાં ને મનમાં મૂંઝાતી રહેતી. કમલાનાં તોફાન રોજ ને રોજ વધતાં જતાં હતાં. જયા ભણાવતી હોય, ત્યાં વચ્ચે સીટી વાગે; કે કાગડા-કૂતરાનો અવાજ સંભળાય કે મ્યાઉં થાય. તો ક્યારેક વચ્ચે ઊભી થઈને ચિત્ર-વિચિત્ર સવાલ પૂછી પાડે.

'કમલા! તું આવા નકામા સવાલો પૂછીને શું કામ બધાનો સમય બગાડે છે?'

'અમને સમજાતું ન હોય તો પૂછીએ નહીં? લ્યો, હું બહાર જતી રહું. તમતમારે ભણાવો બધાને!'

કમલાનાં તોફાન રોજ ને રોજ વધતાં જતાં હતાં. જયા ભણાવતી હોય, ત્યાં વચ્ચે સીટી વાગે; કે કાગડા-કૂતરાનો અવાજ સંભળાય કે મ્યાઉં થાય. તો ક્યારેક વચ્ચે ઊભી થઈને ચિત્ર-વિચિત્ર સવાલ પૂછી પાડે.

એક દિવસ જયાએ એને પાસે બેસાડી. માથે હાથ ફેરવી પૂછ્યું, 'કમલા, તું આવું કેમ કરે છે?'

થોડી વાર એ મૂંગી રહી. પછી એકાએક બોલી ઊઠી, 'હું એક ખરાબ છોકરી છું ને એટલે.'

'કોણે કહ્યું કે તું ખરાબ છે?'

'મા કહે છે, તું ખરાબ છે; બાપા કહે છે, તું ખરાબ છે; બધા કહે છે, તું ખરાબ છે. તમે પણ મને ખરાબ છોકરી નથી માનતાં? બોલો!... બોલો!' કહેતાં કમલાનો સાદ ઊંચો થઈ ગયો.

ઘડીભર જયા સડક થઈ ગઈ. પછી જાતને સંભાળી લઈ બોલી, 'ના, હું તો તને સારી છોકરી બનાવી દેવા માંગું છું.'

'ના મારે, સારી છોકરી નથી બનવું.' અને પગ પછાડતી એ જતી રહી. જયાએ જોયું કે એની આંખો ભરાઈ આવી હતી.

ત્યાર પછી એના પ્રત્યે જોવાની જયાની દૃષ્ટિ સાવ બદલાઈ ગઈ. એના તોફાનોને ય એ હળવાશથી લેતી થઈ. એનો કોઈ ને કોઈ ગુણ બતાવીને એના વખાણ કરતી થઈ. એણે કાંઈ ને કાંઈ જવાબદારી સોંપતી થઈ.

નિશાળના વાર્ષિક ઉત્સવમાં જયાના વર્ગે પણ કાર્યક્રમ આપવાનો હતો. જયાએ કમલાને બોલાવી, 'આ કાર્યક્રમ બધો તારે સંભાળવાનો છે.'

'મારે?...' કમલાની આંખો પહોળી થઈ ગઈ.

'હા, બેટા!' વહાલથી એના માથે હાથ ફેરવતાં જયાએ કહ્યું.

કમલા નાચી ઊઠી, અને જીવ દઈને તૈયારીમાં લાગી ગઈ. એનો કાર્યક્રમ બહુ વખણાયો. એને ઈનામ મળ્યું. ઈનામ લઈને એ સીધી જયા પાસે દોડી ગઈ. એને ચરણ-સ્પર્શ કરી એના ખોળામાં માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડી. જયા ઊભરાતી આંખે એને બરડે વહાલથી હાથ ફેરવતી રહી.

**(શશિપ્રભા શાસ્ત્રીની મરાઠી વાર્તાને આધારે,**
**રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી,**
**સાભાર: યજ્ઞ પ્રકાશન)**



તેજસ દવે



# દિવાળી ગીત

ભીતરના અંધારા આજે ઉલેચીને અજવાળા આંખોમાં ભરીએ,
સમઝણની શેરીમાં આજ હવે ચાલ સખી દીવડા દિવાળીના કરીએ.
ભીતરના અજવાળા.

નક્કામી વસ્તુઓ માળીયામાં હોય એમ ચહેરે ઉદાસી શું રાખો?
રંગોળી ફળિયામાં કરજો પણ પહેલાં જઈ એને બહાર કાઢી નાંખો.

આપણે જ આપણને સાલમુબારક કહી આપણી હયાતી ઉજવીએ,
ભીતરના અંધારા.

ધીરેથી જીવતરના વીતેલાં વરસોનું જૂનું આ તોરણ ઉતારીએ,
સપનાના સાથીયાઓ આંખોના ઉંબર પર કરીએ ને સુખ આવકારીએ.

અંદરથી ખાલી થઈ ચાલ ફરી આપણે જ આપણને આપણાથી ભરીએ,
ભીતરના અંધારા.



અમર ભટ્ટ

# કાનનો રિયાઝ

૨૦૧૧માં ગાંધીનગરમાં શિવરંજની સંસ્થાએ યોજેલ એક અનોખા કાર્યક્રમનું સંચાલન મારે કરવાનું હતું. શીર્ષક હતું —'રિયાઝી શ્રોતા બનો'. હેતુ એ હતો કે કાવ્યસંગીતની ખૂબીઓ કાવ્ય-સ્વરાંકન-તેનું વાદ્યસંગીત નિયોજન ઉત્કૃષ્ટ રીતે કઈ રીતે માણવું જેથી કલાકારની નજીક જઈ શકાય, કાવ્ય-સ્વરાંકનની નિકટ જઈને એનાં સૌંદર્યસ્થાનો સમજી શકાય. અંતિમ હેતુ એ હતો કે સમજદાર અને સહૃદયી શ્રોતા કલાકારને પોતાનું શ્રેષ્ઠ પીરસવા કઈ રીતે પ્રોત્સાહિત કરી શકે એનો વિચાર કરવો. લગભગ ૧૫૦ જેટલા શ્રોતાઓ હતા. આ કોઈ મનોરંજનનો કાર્યક્રમ નહોતો છતાં અમે ગાતા ગયા, ગીત વિશેની વાતો કરતા ગયા અને અંતે સૌને એમ લાગ્યું કે આવા કાર્યક્રમોની સંખ્યા વધુ હોવી જોઈએ.

ગુજરાતી સંગીત સામે સુજ્ઞ શ્રોતાઓની એવી વ્યાજબી ફરિયાદ હોય છે કે વ્યાવસાયિક કાર્યક્રમોમાં કે સુગમ સંગીતના ઉત્સવોમાં પણ નવી રજૂઆત ઓછી થાય છે, ગાયકો સાધારણ રીતે પ્રચલિત ગીતો ગાવાનો આગ્રહ રાખે છે, શ્રોતાઓ પણ પ્રચલિત ગીતો માંગે છે અને ઘણીવાર તો ગુજરાતી કાર્યક્રમોમાં પણ હિન્દી ફિલ્મી ગીતો ગાઈને કેવળ મનોરંજન પીરસવામાં આવે છે. ક્ષેમુભાઈ દિવેટિયા કહેતા કે ગાયકે ગાનનો અને શ્રોતાઓએ કાનનો રિયાઝ કરવો જોઈએ. જો શ્રોતા રિયાઝી હોય તો કલાકારની રજૂઆતને એ માણી-પ્રમાણી શકે છે અને કાર્યક્રમમાં શ્રોતા કલાકાર પાસેથી એનું શ્રેષ્ઠ બહાર લાવી શકે છે. આનંદવર્ધને કાવ્યના ભાવક માટે જે અપેક્ષા વર્ણવી છે તે કોઈ પણ ભજવાતી કલાને લાગુ પડે છે અને એનો સાર કંઈક આવો છે—

'સહૃદય સંવાદવાળા એટલે કે કવિના હૃદય સાથે પોતાના હૃદયનું તાદાત્મ્ય સાધી શકે એ સહૃદય. ભાવક સહૃદય હોય તો જ સર્જકની અનુભૂતિને પામી શકે અને તો જ સર્જકે સર્જન કરતી વખતે જે આનંદ માણ્યો છે તે અનુભવી શકે. ભાવકે સર્જકની કક્ષાએ પહોંચવાનું છે.'

આ લેખ દ્વારા મારે આપ સૌની સાથે સહૃદય સંવાદ સાધવો છે. મારે અહીં કેટલીક વાત કરવી છે સ્વરાંકનની નજીક જવા અંગેની. કેટલાંક પ્રિય સ્વરાંકનોની પાછળ જઈ સ્વરકારનો દૃષ્ટિકોણ સમજવાનો—સમજાવવાનો—કહો કે સ્વરાંકનોના અર્થઘટન માટેની ચાવી આપવાનો મારો હેતુ છે.

પ્રથમ જે ગીત લેવું છે તે છે 'પુત્રીજન્મનાં વધામણાં'. કવિ છે સાંઈ મકરન્દ દવે. આ સ્વરાંકનની લિન્ક છે—

https://youtu.be/7gVfW_mPw6I

સ્થાયી/ઉપાડના શબ્દો છે—

**પ્રભુએ બંધાવ્યું મારું પારણું રે લોલ,**
**પારણિયે ઝૂલે ઝીણી જ્યોત રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

કવિએ ઢાળ લખ્યો છે—'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'નો. એટલે આ પંક્તિનું સ્વરાંકન એ ઢાળમાં છે, જેથી કવિનો ભાવ વ્યક્ત થાય. ગરબાનો ઠેકો અને ઢાળ ગુજરાતી ફ્લૅવર લાવવામાં મદદરૂપ થાય છે. શરણાઈનો ઉપયોગ વધામણાંનો ભાવ અભિવ્યક્ત કરે છે.

સ્થાયીની બીજી પંક્તિ છે—

**નભથી પધારી મારે તારલી રે લોલ,**
**અંગે તે વ્હાલ ઓતપ્રોત રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

સ્વરાંકન તાર સપ્તકના કોમળ ગાંધારથી ધીરે ધીરે નીચે આવે છે—'નભથી પધારી મારી તારલી' સ્વરમાં પણ ઉપરથી નીચે આવે છે.

પ્રથમ અંતરાના શબ્દો છે—

**લેજો રે લોક એનાં વારણાં રે લોલ,**
**પુત્રી તો આપણી પુનાઈ રે,**
**ઓસરીએ, આંગણિયે, ચોકમાં રે લોલ,**
**વેણીનાં ફૂલની વધાઈ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

પ્રથમ અંતરામાં પણ સ્વરથી અર્થઘટન છે. શબ્દોમાં 'વધાઈ', સૂરમાં પણ 'વધાઈ', વાજિંત્રમાં પણ 'વધાઈ'—પુત્રીના આગમનની સર્વત્ર વધાઈ.

બીજા અંતરાની પ્રથમ પંક્તિના શબ્દો જોઈએ—

**ગૌરીના ગીતની એ ગુલછડી રે લોલ,**
**દુર્ગાના કંઠનો હુંકાર રે.**

'દુર્ગા' શબ્દ પરથી એ પંક્તિનું સ્વરાંકન દુર્ગા રાગની દ્રુત એકતાલની બનારસ ઘરાણાની બંદીશ 'જય જય દુર્ગે માત ભવાની' પર આધારિત કરવાનો વિચાર આવ્યો. અંતરાની બીજી પંક્તિ છે—

**બાપુની ઢાલ બને દીકરો રે લોલ,**
**કન્યા તો તેજની કટાર રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

'બાપુ' શબ્દ તાર સપ્તકના શુદ્ધ રિષભ સ્વર પર છે. 'બાપુ' શબ્દ સાથે સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર એટલે દુહા. 'દુહા'નો શરૂઆતનો 'હે... જી...' શુદ્ધ રિષભ પર ગવાતો હોય છે એ કહેવાની જરૂર ખરી?

છેલ્લા અંતરાના શબ્દો—

**ઉગમણે પ્હોર રતન આંખનું રે લોલ,**
**આથમણી સાંજે અજવાસ રે,**
**રમતી રાખો રે એની રાગિણી રે લોલ,**
**આભથી ઊંચેરો એનો રાસ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

'ઉગમણે પ્હોર' પંક્તિમાં સવારના રાગ દેશકારની છાંટ, 'આથમણી'માં આથમવાનો ભાવ, 'આભથી ઊંચેરો એનો રાસ'માં તાર સપ્તકના ષડજને આભ ગણી 'રાસ' શબ્દનું સ્વરાંકન તાર સપ્તકના રિષભ પર એટલે કે ષડજથી ઊંચેના સ્વર પર છે એ તો તમે નોંધશો જ એની મને ખાતરી છે.

'અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ' પંક્તિ સમૂહમાં ગવાય છે, એમાં આખું વિશ્વ પુત્રીજન્મને વધાવે છે તે અભિપ્રેત છે.

આપણે ત્યાં 'તારે ઝમીન પર' ફિલ્મ ૨૦૦૭-૦૮માં આવી. બાળકો આકાશમાંથી આવેલાં તારકો છે એ વિચાર એમાં હતો. પણ એનાથી ૧૦ વર્ષ પહેલાં કવિએ દીકરીને 'નભથી પધારેલી તારલી' કહી. 'બેટી બચાવો' અભિયાન પણ ૨૦૦૩-૦૪ની આસપાસ શરૂ થયું. કવિ સાચે જ સમયથી આગળ હોય છે. આવું સુંદર ગીત સ્વરબદ્ધ કરવાનું સૌભાગ્ય મને મળ્યું એનો અનહદ આનંદ છે. ગીત અંતે તો ભાવકનું બને છે. રાજેન્દ્ર શુક્લ કહે છે તેમ—

**લે આ મને ગમ્યું તે મારું,**
**પણ જો તને ગમે તો તારું.**

આમ જ અન્ય ગમતાં સ્વરાંકનો વિશે વાત કરતા રહીશું.

**(સૌજન્ય: વિશ્વવિહાર)**





અજય સોની

# ધનતેરસ



પપ્પા, ફટાકડાં લેવા ક્યારે જઈશું?

મારા હાથમાંનો મોબાઈલ સ્થિર થઈ ગયો. નજર સામે સેંકડો ફટાકડાં ફૂટવા લાગ્યા. એક આકાર દેખાઈને જાણે ફટાકડાંના અજવાળામાં વિલીન થઈ ગયો. મને એકાએક વિચાર આવ્યો કે દિવાળી નજીક આવી રહી છે. મેં મોન્ટુની આંખોમાં ડોકાતાં વિસ્મયને જોયે રાખ્યું. ઘડીક સમજાયું નહીં કે આ મોન્ટુ છે કે પછી રીતુ... એજ ભૂરી આંખોમાં સમાઈ જતું આકાશનું પ્રતિબિંબ અને ચહેરા પર ઝળહળતું વિસ્મય. મારા જ અંશને હું ઓળખવા મથી રહ્યો. જાણે ભૂલા પડ્યાની વેદના થતી હોય એમ મને ઝીણી ફાંસ ખૂંચતી હતી. નાનકડાં પગ, બટૂકડાં હાથ, ગોળ-મટોર ચહેરો અને કાલુ ઘેલું બોલતાં મીઠડાં હોઠ. હું ઘડીક ભૂલી ગયો કે મારી આંખ સામે મોન્ટુ છે રીતુ નહીં. પરંતુ એ હકીકત એટલી જલ્દી સ્વીકારી શકાય તેમ ક્યાં હતી. સાત વરસ થઈ ગયા. તેમ છતાં હજી પણ જાણે આંખ સામે એ બધું ભજવાયા કરે છે. બે ઘડી પણ જીવને નિરાંત નથી મળતી. સ્નેહા બધું સ્વીકારીને આગળ નીકળી ગઈ. મોન્ટુમાં જીવ પરોવા લાગી. પણ મારું મન હજુ સ્વીકારવા તૈયાર ન હતું. આજે પણ કોઈ નાનકડું બાળક જોઉં અને મને એકચોટ તો રીતુ યાદ આવી જાય. પછી કમને એ બધું યાદ કરવામાંથી છટકી જાઉં તો પણ રાતે ફરી એ બધું આંખ સામે ભજાવાયા કરે. ઊંઘ ક્યાંય ચાલી જાય. સ્નેહા સમજી જાય. હવે એ પણ મને આશ્વાસન નથી આપતી. જો કે એની પાસે શબ્દો જ ક્યાં છે જે મને ભીતરથી ઠારી શકે. એ રડી, ઝઝુમી, દુ:ખી થઈને બધું પાછળ છોડીને આગળ વધી ગઈ. જ્યારે હું હજૂયે એજ જગ્યાએ ઊભો ઊભો સુકાઈ રહ્યો છું. જ્યાંથી પસાર થયે મને વરસો નીકળી ગયા છે. કોઈ આવતું નથી પણ જાણે કોઈના આવવાની અવિરત રાહ જોઈ રહ્યો હોઉં

એવું લાગ્યા કરે છે.

પપ્પા, સાંભળતા કેમ નથી? ક્યારે હાલશું ફટાકડાં લેવા? મોન્ટુએ જીદના સ્વરમાં કહ્યું.

હા બેટા, કાલે ધનતેરસ છે ને, સાંજે પૂજા કરીને પછી મમ્મી સાથે જશું.

હું આ વખતે મોટા સુથરી બોમ્બ પણ લઈશ. તમે ગયા વખતે નહોતાં લેવા દીધા.

ના બેટા, બહુ મોટાં ફટાકડાં ન લેવાય. તું મોટો થઈ જા પછી તને લઈ આપીશ. ભલે?

બટ પપ્પા, મમ્મી તો કહેતી હતી કે હવે હું ગુડ એન્ડ યંગ બોય થઈ ગયો છું. હજુ કેટલા મોટા થવાનું બાકી છે...?

મારા જેટલા. મારાથી અનાયાસે બોલાઈ ગયું.

તમે ક્યાં ફટાકડાં ફોડો છો.

હું કાંઈ ન બોલી શક્યો. મોન્ટુના પ્રશ્નએ મને દિગ્મુઢ કરી નાખ્યો.

આપણે મમ્મીને પણ સાથે લઈ જશું. મારો ફ્રેન્ડ રોનક તો આજે જ એના પપ્પા સાથે જઈને કેટલાં બધા ફટાકડાં લઈ આવ્યો. આટલા બધા હોં પપ્પા..! મેં પણ એને કીધું કાલે મારા પપ્પા પણ મને આવડાં બધા ફટાકડાં લાવી આપશે. નહીં પપ્પા...?

હા, બેટા.

પપ્પા, રોનક મને કહેતો હતો કે આજે રાત્રે આપણે ભેગાં થઈને ફટાકડાં ફોડશું. એના મમ્મીએ પણ કહ્યું કે તું આવજે. કેટલાં સારા છે આન્ટી નહીં?

ના મોન્ટુ.... તું એકલો ફટાકડાં ફોડવા ક્યાંય નહીં જાય. અને મને પૂછ્યા વિના કોઈના ઘરે પણ ન જજે. નહીંતર હું તને ફટાકડાં નહીં લાવી આપું.

મોન્ટુનું મોં પડી ગયું. એ સીધો ઘરમાં દોડ્યો. મારી નજર પણ એની સાથે દોરવાઈને ઘરના ઉંબર પાસે જઈને અટકી ગઈ. જાણે નીચે લીંપેલ ભોંય પર રીતુ સુતી છે અને આજ આંગણમાં માણસો ભેગાં થયા છે. બહાર આકાશ રંગવોહોણું થઈને કાળું પડી ગયું છે અને ફટાકડાંના અવાજોએ સાંજના મ્લાન આકાશને અજવાળી દીધું છે. ગામમાં ધનતેરસની ઊજવળી શરૂ થઈ ગઈ છે અને મારા ઘરમાંથી દીકરીની વિદાય થઈ રહી છે. રડી રડીને બેહાલ થઈ ગયેલી સ્નેહા અને ન રડી શકેલો હું. બંનેમાંથી એકેય એકબીજા સામે નથી જોઈ શકતા. અમારી આંખ સામે રીતુ સૂતી છે અને અમે એના સૂકા ચહેરાના સ્થિર થઈ ગયેલા ભાવો જોઈ રહીએ છીએ. ઘેરા ચિત્કાર સાથે ધનતેરસની ઢળતી સાંજ વધુ અંધારી લાગતી હતી. બધાની સાથે હું નીકળ્યો તે પછી પાછળ જોવાની હિંમત મારામાં ન હતી. સ્ત્રીઓએ સ્નેહાને પકડી લીધી હતી. એણે કોઈ ચંડીની જેમ રોદ્ર રૂપ ધારણ કરી લીધું હતું. આગળ જઈ રહેલી મારી દીકરી મારી ભીતર ઊતરીને ખડી થઈ રહી હતી. એનો ચહેરો, અવાજો, ધીમે રહીને પપ્પા બોલવું, મારા બાઈકના હોર્ન પર છેક ઘરમાંથી દોડીને ગેટ સુધી દોડી આવવું. દહીં ખાવા માટેની જીદ. બધું જ મને યાદ આવતું હતું. છેલ્લે પણ એણે મારી પાસે દહીં માગ્યું હતું અને હું એને નહોતો આપી શક્યો. ડોકટરે કશું પણ આપવાની ના પાડી હતી. સ્થિતી બહુ જ ક્રિટીકલ હતી. અને તે પછી એક બપોરે એ કાયમ માટે ઊંઘી ગઈ. ડૉક્ટરે છેવટ સુધી પ્રયત્નો કર્યા કે ન્યુમોનિયામાંથી રીકવરી મળે, પણ છેલ્લે તો રીતુના ફેફસાંએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. છેલ્લે અમને અમારી રીતુના બદલામાં લાકડું થઈ ગયેલી રીતુ મળી હતી. તેને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી એણે જિદ કરેલી કે આ વખતે હું બહુ બધા ફટાકડાં લેવાની છું. ત્યારે મારી આંખના ખૂણે ઝાકળ બાઝી આવી હતી. રીતુ સ્થિતિથી સાવ અજાણ હતી અને મને જાણે બધું જ ખબર હોય એમ મારાથી તેને

ખોટી હા પણ નહોતી પાડી શકાઈ. હું ફક્ત એના ફિક્કા ચહેરાને અને હાથમાંની સિરીંજને જોઈ રહેલો. આખું દૃશ્ય મારી અંદર ઊતરીને ઊહાપોહ મચાવી રહ્યું હતું. ઈશ્વરે આ શું કર્યું એ સમજાતું ન હતું. એક પ્રકારનો ડર પેસી ગયો હતો જે સાચો ઠર્યો. સ્નેહા તો ત્યારે જ ભાંગી પડી હતી જ્યારે રીતુને હૉસ્પિટલમાં દાખલ કરી. ત્રણ દિવસ રીતુને એડમીટ રાખી એ દરમ્યાન સ્નેહા એના બેડ પાસેથી ખસી ન હતી. ઊંઘમાં કણસતી રીતુને જોઈને સ્નેહાના ઊંહકારા નીકળી જતા. એ જ સ્નેહાને આજે જોઉં છું તો લાગતું નથી કે રીતુ માટે જાન રેડી દેનારી અને રીતુનાં ગયા પછી સાવ ભાંગી પડેલી સ્નેહા અંદરથી આટલી મજબૂત હશે. એ આઘાતમાંથી બહાર આવતા સ્નેહાને ખાસ્સો સમય લાગ્યો હતો. હું જાણતો હતો કે મા તરીકે સ્નેહા માટે બધું ભૂલીને આગળ વધવું મુશ્કેલ હતું. પણ આગળ વધવું પડશે એ હકીકત હતી. હું જેમ સ્નેહાને સધિયારો આપતો જતો હતો તેમ એ બેઠી થઈ રહી હતી. જ્યારે હું કોઈ પણ આધાર વિના વેદનાને અંદર પીગળાવીને જીવી રહ્યો હતો. સ્નેહા આઘાતમાંથી બહાર આવી ગઈ પણ મારા માટે એ અશક્ય હતું. જે આજે પણ શક્ય નથી બન્યું. હજુયે ફટાકડાનો અવાજ મને રીતુની યાદ અપાવે છે. રીતુના ગયા પછી મેં દહીં ખાવાનું બંધ કરી નાખ્યું હતું. શેરીના વળાંક પરથી હોર્ન વગાડવાની જૂની આદત એક પળમાં જ છૂટી ગઈ. ઘરમાં આવતાંની સાથે રીતુના સ્મરણો ઘેરી વળે અને હું ખોવાઈ જાઉં. સ્નેહાએ ઘણો સમજાવ્યો, હું એની વાત સમજું છું પણ સ્વીકારું નથી શકતો. એ બધું ભૂલીને બીજું બાળક લાવવા તૈયાર થઈ ગઈ હતી. મારું કાળજું કંપતું હતું. ફરી ફરીને એ બધું યાદ આવતું હતું. વિસ્ફોટની ક્ષણે રીતુનો ચહેરો તરવરી આવતો અને શરીર ધ્રુજવા લાગતું. મન કોઈ રીતે માનવા તૈયાર ન હતું. આવનારું બાળક બધું ભુલાવે દે એવું પણ બને અને એનાથી વિપરીત પણ બને કે વારંવાર એ બધું યાદ આવ્યા કરે. હું એ વાતે મુંઝાયા કરતો હતો. સ્નેહા મને આશ્વાસન આપતી હતી. એના ઠાલા શબ્દો મને વાગીને પડી જતાં હતાં. છેલ્લે તો એ આજીજીના સ્વરે કહેવા લાગી કે હવે મને બાળક જોઈએ છે. તું આપી શકીશ કે નહીં ? આ પ્રશ્નમાં ઘણું બધું આવી જતું હતું. મારી સામે મારી રીતુની મા નહીં પણ એક સ્ત્રી હતી, જે પોતાના હકનું માતૃત્વ ઝંખતી હતી. મને ફરી વિચારવા મજબૂર કરતી હતી.

તે પછી અમે બંને પંચગીની ફરવા ગયા. એ દરમ્યાન સ્નેહા બહુ ખુશ લાગતી હતી અને હું જાણે મારા દુઃખને પરાણે દાબીને સ્નેહાને છેતરી રહ્યો હોઉં એવું થતું હતું. પણ મારી અંદર જે ઘમાસાણ ચાલતું હતું એને ખાળવાના મારા બધા પ્રયત્નો બોદા નીવડ્યા હતા. હું કોઈ પણ ક્ષણ રીતુના સ્મરણ વિનાની નહોતો કલ્પી શક્તો. ઈશ્વર પ્રત્યે અપાર શ્રદ્ધા હતી અને હજીયે છે પણ આ બાબતે હું ઈશ્વરની કોઈ સલાહ માનવા તૈયાર ન હતો. ઊંઘમાં પણ જાણે મારી આસપાસ રીતુ ફરી રહી હોય એવું લાગતું હતું. પણ મારી ચોપાસ ફરતી અને મને વીંટળાઈ વળતી રીતુ પહેલાં જેવી ન હતી. એનું હાસ્ય, વિસ્મય ક્યાંક ઉડી ગયા હતા. ઉદાસ ચહેરે જાણે એ મને કશુંક કહેવા આતુર હોય એવું થયા કરતું હતું. હું એ પણ જાણતો હતો કે મારે ભૂતકાળની છાયામાંથી બહાર નીકળવું પડશે. પણ એ મારી દીકરી હતી, એની સ્મૃતિમાંથી કઈ રીતે બહાર આવું?

પંચગીનીમાં ફરતી વખતે ઢોળાવ ઊતરતા મારો પગ લથડ્યો અને હું ઢળી પડ્યો. મને જોઈને સ્નેહા મારી પાસે દોડી આવેલી. આંખોમાં ભારોભાર ગુસ્સો હતો. વાગે એવા ધારદાર શબ્દોમાં બોલી હતી.

હવે તમારે શું કરવું છે?

હું એની આંખમાં જોઈ રહ્યો.

રીતુ ફક્ત તમારી જ દીકરી ન હતી. એ મારી પણ દીકરી હતી. તમે એકલાએ એને નથી ગુમાવી. મેં પણ ગુમાવી છે. હું ભૂતકાળને ભૂલીને આગળ વધી ગઈ છું એનો મતલબ એવો નથી કે હું મારી દીકરી રીતુને ચાહતી ન હતી કે યાદ નથી કરતી. મને આજે પણ એ દિવસ યાદ છે જ્યારે આપણે છેલ્લીવાર એના શબને ઘરે લઈ આવેલા. બધાથી વધુ આઘાત મને લાગેલો. હું એની મા છું. પણ હવે શું? જે જનારું હતું એ ચાલ્યું ગયું. ભૂલાય તો ક્યાંથી? પણ આપણે આ દુનિયામાં આવ્યાં છીએ તો જીવવું તો પડશે ને? તમે બધું ભૂલીને આગળ વધો એ જ યોગ્ય છે. જે ધનતેરસના રીતુ ગઈ એવી ધનતેરસ બીજી ઘણીયે આવશે. આખી દુનિયા ફટાકડા ફોડશે. શું આપણે એ બધું યાદ રાખીને જીવન નહીં જીવીએ?

હું કશુંયે ન બોલી શક્યો. મારી આંખના ખૂણે આછો ન કળાય એવો ભેજ છવાઈ ગયો. અને જમીન પરથી ઊભો થઈને ચાલવા લાગ્યો. ત્યાં મારી સામે જ સ્નેહા હાથ લંબાવીને ઊભી હતી. મેં એનો હાથ પકડી લીધો. પછી અમે બંને સીધું લાગતું ચઢાણ આસાનીથી ચડવા લાગ્યાં.

અંધારું ઊતરી આવ્યું હતું. પાસેની વાડીમાંથી શિયાળુ પવન વહી આવતો હતો. દૂરના અવાજો પાસે આવીને મને વીંટળાઈ વળ્યાં. હું ખુરશી પરથી ઊભા થઈને પાછળ ફર્યો. ઘરની લોબીમાં બળતો બલ્બ અજવાળાનું કુંડાળું રચી રહ્યો હતો. સ્નેહા બહાર દરવાજા સુધી આવીને અંદર ચાલી ગઈ. હું સ્થિર નજરે એ બાજુ જોઈ રહ્યો. જાણે ફરી કોઈ ડોકિયું કરવા આવવાનું હોય. યંત્રવત ચાલીને ઘરમાં ગયો. સ્નેહા રસોડામાં હતી અને મોન્ટુ ટીવી પર કાર્ટુન જોઈ રહ્યો હતો. અવાજ ન થાય એ રીતે હું બાઈકની ચાવી લઈને ત્યાંથી નીકળી ગયો. ગેટનો આંકડિયો ખોલીને આખો ગેટ ખોલી નાખ્યો. પછી બાઈક પર ચડીને કીક મારી. બેક વ્યૂ મિરરમાં જોયું પણ અંધારાના કારણે ફક્ત અંદાજ જ આવ્યો કે એક નાનકડો ઓળો દોડીને દરવાજા સુધી આવ્યો હતો. એ મોન્ટુ હતો કે રીતુ એ હું કળી ન શક્યો. લીવર જોરથી ફેરવીને હું ઝડપથી ગેટ ઓળંગી ગયો.

એકાદ કલાક પછી હું ગેટ પાસે બાઈક ઊભું રાખીને ઊતર્યો. બાઈક અંદર લઈને હોર્ન માર્યું. થોડીવારે દોડતી સ્નેહા આવી. હાથ હલાવીને કહેવા લાગી કે મોન્ટુ સૂઈ ગયો છે. મેં બાઈક બંધ કરીને હાથમાંની બેગની ગાંઠ છોડી. ઘડીવારમાં ફટાકડાંના અવાજ અને અજવાળાથી અમારું આંગણું ભરાઈ ગયું. એનું તેજ મારા ચહેરા પર પડીને ફેલાઈ જતું હતું. સ્નેહા ઉતાવળી ચાલે મારી પાસે આવી રહી હતી. મારા બન્ને હાથમાં ફૂલછડી હતી. એ સાવ પાસે આવીને ઊભી રહી ગઈ.



પપ્પા, મને કહ્યા વગર એકલાં એકલાં ફટાકડાં લઈ આવ્યાં? ઓહ માય ગોડ આટલાં બધાં... યસ...

પાછળથી દોડી આવેલો મોન્ટુ અડધી ઊંઘમાં હતો. એના ચહેરા પરની આભા ફટાકડાંના તેજમાં નોખી પડી જતી હતી. મને લાગ્યું જાણે રીતુ અહીં આસપાસ જ છે અને અમને જોઈ રહી છે.



જયંત રાઠોડ

# ગૃહલક્ષ્મી



"ખોટી ચિંતા ન કરો. બાને આવવા તો દ્યો."

પંખો સાફ કરતાં મારા હાથ અટકી ગયા. મેં સ્ટુલ પકડીને ઊભી રહેલી કમળા સામે જોતાં કહ્યું.

"આ તું શું બોલે છે? બા તો ક્યારના આપણા ઘરે..."

સ્ટુલ નીચે ઉતરી પડતા મારાથી કહેવાઈ ગયું "દિવાળીની સફાઈ સાથે તારા ભેજાની સફાઈ પણ કરવી પડશે."

"બા આવ્યા તો ખરાં પણ તેમનાથી હજી નીલેશભાઈનું ઘર છૂટ્યું નથી." એમ કહેતી એ પાડોશીને સ્ટુલ પાછુ આપવા ચાલી ગઈ.

હું નાનો હતો, યાદ પણ નથી એ ઉંમરે બાપુજી ગુમાવ્યા. નીલેશભાઈની છાયામાં મોટો થયો. ભાઈ ભણવામાં હોશિયાર હતા. સ્કોલરશીપ મેળવીને આગળ ભણતા ગયા. સરકારી નોકરી મળતાં વડોદરામાં સ્થાઈ થયા. બા સાથે હું દેશમાં જ રહ્યો, ખાસ ભણી શક્યો નહીં. ફીટરનો કોર્સ કરીને કારખાનામાં લાગી ગયો. નોકરીમાં, ગૃહસ્થીમાં, સમાજમાં બધે જ ભાઈ નામ કાઢતા ગયા. ભાઈની સામે હું ક્યાં ઊભો છું એવો વિચાર મને આવતો જ નહિ. હું મારી દુનિયામાં મસ્ત હતો. ભાઈની પ્રગતિની લીટી જેમ જેમ લાંબી થતી ગઈ, બાની આંખમાં ફરક દેખાવા લાગ્યો. એ કહેતા 'સુતો રહે એનું તારી જેમ નસીબ પણ સૂતું રહી જાય.' મારા લગ્ન પછી તેઓ જીદ કરીને ભાઈને ત્યાં વડોદરા રહેવા ચાલ્યા ગયા. જતા પહેલાં બોલી પણ ગયેલા કે આખી જિંદગી વૈતરું કરવા જન્મ લીધો નથી.

બાના ત્યાં ગયા પછી ભાઈ પ્રગતિના બીજા અનેક સોપાન ચડ્યા એ તો ચિન્ટુના લગનમાં ગયેલા ત્યારે મને જાણ થઈ. કમળાએ બંગલાના દરવાજા તરફ મારું ધ્યાન દોરેલું. દરવાજે મોટા અક્ષરે નીલેશ પાણખાણીયાનું નામ મૂકેલી તકતી વાંચી ત્યારે જ ખબર પડી કે તેઓ સીનીયર મેનેજર બની ગયા હતા. ઘરમાં ચમકતી ગાડી આવી ગઈ હતી. દસમા માળે લીધેલી ઑફિસમાં તેમનો એન્જિનિયર દીકરો ચિન્ટુ બેસતો હતો. ચિન્ટુની પત્ની ફેશન ડીઝાઈનર હતી. ભાઈ અમારી જ્ઞાતિના પ્રમુખ બન્યા હતા. જોકે આ બધું જાણીને હું ખુશ થયો હતો. નાના ભાઈને થાય એવો ગર્વ પણ થયો હતો. બસ દરવાજે તકતીમાં, એ બાપુજીનું નામ લખવું ભૂલી ગયા હતા, એ વાત ખટકી હતી.

આ દિવાળીએ મોટાભાઈ પરિવાર સાથે વિદેશ ફરવા ગયા હોવાથી, બા પહેલી વાર મારે ત્યાં આવ્યા હતા. કમળા સમજુ હતી. એને પણ લગભગ મારી ઉંમરે એની માને

ગુમાવી હતી. એની એક જ તકલીફ હતી. એ કોઈના પણ મોઢે, મારી વિરદ્ધ બોલાયેલો એક પણ શબ્દ સાંખી લેતી નહિ. ચિન્ટુના લગ્ન સમયે બાને ઘણા સમયે મોકો મળ્યો. મારી સ્થિતિનું ભાન કરાવતાં રહેતાં. કમળાથી એ સહન થયું નહિ, અને અમારે જલ્દી પાછુ ફરવું પડ્યું. આમ છતાં એ બાને સાચવી લેશે એવો મને વિશ્વાસ હતો. થોડા સમય માટે આવેલા બાને ઓછું ન આવે બસ. એટલે હું એને ચેતવતો રહેતો એમાંથી કમળા સાથે આવો સંવાદ થઈ ગયો, બા બદલાયા નથી એવું જાણી મને ચિંતા થવા લાગી.

એ દિવસે કારખાનેથી આવ્યો ત્યારે કમળા, બાને આવા મતલબનું કહી રહી હતી—જે ઘર સાથે આપણો નાતો બંધાયો હોય. સ્ત્રીમાંથી પત્ની અને મા બનવાનું જે ઘરે શીખવાડ્યું હોય. એ ઘરમાં હવે સંકડાશ લાગે? મુંઝારો થાય એ કેવું? મનમાં મોકળાશ હોય એટલે પત્યું. એ હજુ બોલતી જ રહેત. એને ભાષણ કરવાની હમણાંથી ટેવ પડી ગઈ છે. સારું થયું એની સખી મંડળની બહેનો આવી જતાં એ ચાલી ગઈ. બાનું કહેવું હતું આવા શોખ મોટાની વઉને શોભે. એને તો આશ્ચર્ય થયું કે આમ એનું પાર્ટીમાં જવાનું મને પોસાય કેમ. મારે બાને સમજાવવું પડ્યું કે આ મોટા ઘરના બૈરા જાય એવી કોઈ કિટ્ટી પાર્ટી નથી. કમળાએ આસપાસના બૈરાઓ સાથે મળી મંડળ બનાવ્યું છે. ઘરડાઘરમાં જઈ સેવાનું કામ કરે છે. બીજા દિવસે જોયું તો કમળા બાને પરાણે સાથે લઈ ગઈ. પછીના દિવસોમાં બા મંડળમાં જવાના સમયની રાહ જોતાં થઈ ગયા.

દિવાળી નજીક આવી રહી હતી. અમારું બે ઓરડાનું મકાન કમળાએ મારી થોડી-ઘણી મદદ વડે સ્વચ્છ અને સુઘડ બનાવી મૂક્યું. એની સૂઝથી થતાં નાના નાના ફેરફારો—દરવાજે તોરણ, રોજ સવારે પુરાતી રંગોળી, સાંજે મૂકાતા દીવા, પલંગની નવી ચાદર, ખુરશીની ગાદીના નવા કવર, નવું પગલુછણીયું—દિવાળી સાથે જાણે અમારા જીવનમાં પણ નવું અજવાળું પથરાઈ ગયું. એ કહેતી રહેતી એમ મનમાં મોકળાશ હોય તો પછી પત્યું. એણે બાને પણ એવી મોકળાશનો ચેપ લગાડ્યો કે શું? મને બા બદલાઈ ગયેલાં લાગ્યાં. નીલેશભાઈની હાજરી હવે આ ઘરમાં જણાતી નહિ. આ ફેરફારનું કારણ મને સમજમાં આવતું નહિ. મારી કારખાનાની નોકરીમાં, બાળકોથી વંચિત અમારા સંસારમાં, બાપુજી છોડી ગયેલા એ સાદા બે ઓરડાના મકાનમાં, નીલેશભાઈના તેજથી અંજાયેલી બાની આંખો આટલા વરસે કેમ ઠરી હશે? એ કોયડો મને મૂંઝવતો રહ્યો. માણસનું મન પણ વિચિત્ર છે. હું ઈચ્છતો હતો એવું બની રહ્યું હતું, છતાં મને ચિંતા થઈ રહી હતી.

આજે લક્ષ્મી પૂજનનો દિવસ હતો. દર વરસે અમારા શેઠ પરિવાર સાથે કારખાનામાં લક્ષ્મી પૂજન કરાવતાં. શેઠાણીના હાથે મીઠાઈ અને બોનસ આપવાની તેમની પ્રથા હતી. શેઠાણીને તેઓ સાક્ષાત લક્ષ્મીસ્વરૂપ માનતા. કારખાનેથી ઘરે પાછા ફરતાં મને મોડું થઈ ગયું. ઘેર પહોંચ્યો ત્યારે બાને ઓરડામાં એકલાં બેસી રહેલાં જોયાં. કમળા એના મંડળ સાથે બહાર ગઈ હતી એવું તેમણે કહ્યું. મને એમનો ચહેરો બદલાયેલો લાગ્યો.

મારા તરફ જોઈને બાએ મોઢું ફેરવી લીધું. એમની આંખોમાંથી પાણી વહી રહ્યા હતા. હું પૂછવાની હિંમત કરી શક્યો નહિ. આ થોડા દિવસમાં મેં જોયું હતું, તેઓ આ ઘરમાં ગોઠવાઈ ગયા હતા. બે ઓરડાનું સાદું મકાન ઊભું કરવામાં બાપુજીએ પરસેવો પાડ્યો હતો. એ વાતની તેમને યાદ આવી જતી. કમળા સાથે તો તેમને સારું ફાવી ગયું હતું. મને બાના રડવાનું કારણ સમજાયું નહિ. કમળાના ભાષણથી કે બીજી કોઈ વાતે બાને ખોટું લાગી ગયું હશે? મોટાભાઈને ખબર પડશે તો શું થશે? એ વિચારે હું વધુ મૂંઝાયો. આખરે

બા મારી વહારે આવ્યા, ગળું ખંખેરતા એમણે કહેવા માંડ્યું.

"બેટા! આજે મને બોલવા દે જે, વચ્ચે રોકાતો નઈ." હું સડક થઈ ગયો. હકારમાં મારું માથું નમી ગયું.

"તારા બાપુ સ્વર્ગે સીધાવ્યા, એ દિવસે પણ દિવાળી હતી. તું તો સાવ નાનો હતો. મોટો એ દિવસથી ઉંમરના હિસાબે ઘણો મોટો થઈ ગયો. મને સંભાળી લીધી. ધીરે ધીરે આખા ઘરને પણ સાંભળી લીધું. ખોટું નહિ કહું મને મોટા માટે ઘણી લાગણી છે. તું બધી રીતે નાનો જ રહી ગયો. માને તો બેઉ આંખ સરખી એ કહેવત ઠીક છે, પણ મા છેવટે તો માટીનું જ માણસ ને?"

આમ કહી બા હિબકે ચડી ગયાં. મારા મનમાં જાગેલો ચચરાટ ભૂલી હું સાંત્વનના બે શબ્દો પણ ઉચ્ચારી શક્યો નહિ. ભીની આંખ ક્યાંક દૂર ઠેરવતાં બાએ ફરીથી કહેવા માંડ્યું.

"તારા બાપુના ગયા પછી હું દિવાળી તો શું કોઈ તે'વાર મનાવતી નથી. એમના જવાથી આવેલો ખાલીપો ભરવાનું સરનામું મને મોટાની મોટાઈમાં મળ્યું. એટલે તારે ત્યાં આવીને રે'વાનું મન થતું નઈ. ઉપરથી તારી વઉ વાંઝણી નીકળી, તારો વંસવેલો આગળ નઈ વધારે એ વાત મને કોરી ખાતી. એટલે તારી વઉને અપશુકનીયાળ માનવા લાગી. ઘરમાં લછમીના આવવાથી, જેમ મોટાનું થયું, નસીબ આડેનું પાંદડું ખસી જાય. પણ તારે નસીબે તો પાણો હતો! બધો વાંક તારી વઉના માથે થોપી હું બેસી ગઈ."

બા અચાનક અટકી મારી સામે તાકી રહ્યાં. હું એમની વાતોનો, ખાસ કરીને કમળા વિશેની એમની માન્યતાનો વિરોધ કેમ નથી કરતો. એનું અચરજ એમની ભીની આંખમાં તરવર્યું. મેં મન મક્કમ કરી રાખ્યું હતું. બાનું આ સ્વરૂપ ક્યારેય જોયું ન હતું, એ વધુ ખુલતું અટકી પડે એવું હું ઈચ્છતો નહોતો.

"બેટા! હું ભાન ભૂલેલી. મારો ખાલીપો મેં કેવી કેવી તકલાદી ચીજોથી ભરી રાખ્યો હતો એનું હવે મને ભાન થયું. મોટો એના કામમાંથી હવે ઊંચો જ આવતો નથી. એની વઉને બનીઠનીને ફરવામાંથી ફુરસત આવે તો ને? જોકે છોકરાંઉને મારી માયા ખરી."

"બા એ એમની દુનિયા છે. એમના જેવા થઈને રહેવાનું. કોઈનો દોષ શું જોવો."

"બેટા! હું એમના દોષ નથી જોતી. એમના જેવી થઈને રહી જ ગઈ હતી. દોષ તારી કમળાનો છે." હું ચુપ થઈ ગયો.

"આ કમળાએ મારી આંખ ઉઘાડી. મેં મારા જ ખાલીપાને જોયો. એને પણ ખાલીપો ઓછો વરતાતો હસે? ધન-દૌલત તો સમજ્યા. માન-મોભા વારો વર પણ ન મળે તોય ચલાવી લેવાય. સ્ત્રી છેવટે સંતાનોમાં સુખ ખોળી લે. બિચારી! એય એના નસીબમાં લખાયું નો'તું. એ પોતાનો આવો ખાલીપો કેમ ભરતી હશે? મેં સગી આંખે જોયું. બેટા! કમળા સાચે જ મનની મોટી છે. ઘરડાઘરમાં જઈ પારકાને પોતાના કરે છે. એણે તો મનેય એનો ચેપ લગાડ્યો છે. બીજાનું દુઃખ ઓછું કરવામાં જ સાચું સુખ રહેલું છે. બેટા! મારા મનનું અંધારું આજ હટ્યું છે. એટલે આજથી હું દિવાળી મનાવીસ!"

એમ કહી બા ઉઠ્યા અંદરના ઓરડામાંથી બે દીવા લઈ આવ્યા. હું એમને લઈને ઘરના દરવાજે પહોંચ્યો. ગોખલે દીવા મૂકી અમે ઊભા હતા. ત્યાં બહારથી કમળા આવી પહોંચી. બા એવી રીતે કમળાને અંદર દોરી ગયાં જાણે ઘરની લક્ષ્મીનો ગૃહપ્રવેશ કરાવતાં હોય.

# જગતજનની શ્રીમાતાજીની ભક્તિમય ગરબાસંગ્રહ 'મંગલ વરસે'




નવરાત્રિના પાવન અવસરે ડૉ. દિવ્યાક્ષી શુક્લ અને ડૉ. શ્રદ્ધા ત્રિવેદી દ્વારા ગરબાસંગ્રહ 'મંગલ વરસે' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું. પુસ્તકમાં જગતજનની શ્રીમાતાજીની ભક્તિ જ અનેકધા રીતે વ્યક્ત થઈ છે. ગરબો ગુજરાતની ઓળખ છે. આજે નવરાત્રિ ઉપરાંત શરદપૂનમ અને લગ્ન જેવા મંગળપ્રસંગોએ પણ ગરબાના કાર્યક્રમો થાય છે. પોળ કે ફળીયામાં ગવાતાં ગરબા આજે પાર્ટીપ્લોટ સુધી વિસ્તરી ગયા છે. જેમાં શક્તિઆરાધના સાથે દૃશ્ય-શ્રાવ્ય મનોરંજક તત્ત્વો વધતાં ગયાં છે. સમાજમાં પ્રચલિત અને હજી પણ ક્યાંક ક્યાંક જેનો રણકાર ગૂંજ્યા કરે છે તેવા પ્રાચીન ગરબા આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. આ પુસ્તકમાં ૨૦૧ ગરબા સમાવવામાં આવ્યા છે. જેથી નવી પેઢીને મોંઘી મિરાત સમો આપણો ગરબા વારસો આપી શકાય. સાથે જ અંતરના આનંદ સાથે સાત્વિક આનંદ પણ આપી જાય છે.

'મંગલ-વરસે' પુસ્તકમાં ગરબાઓને પ્રથમ પંક્તિમાં વર્ણાનુક્રમે ગોઠવ્યા છે, જેથી ગરબો શોધવામાં સરળતા રહે. અપવાદરૂપે માત્ર પ્રથમ રચના મૂકી છે. ત્યાર પછીની બધી રચનાઓ વર્ણાનુક્રમે છે. છેલ્લે બે થાળ અને બે આરતીનો સમાવેશ થયો છે. આ ગરબા સંગ્રહ ગરબારસિક શક્તિસ્વરૂપ નારીસમાજને ચોક્કસ ઉપયોગી થશે.

પુસ્તક: મંગલ વરસે

સંકલન-સંપાદન: દિવ્યાક્ષી દિવાકર શુક્લ, ડૉ. શ્રદ્ધા અશ્વિન ત્રિવેદી

પ્રકાશક: નીજુ પ્રકાશક, ૯, 'વાટિકા' બંગલોઝ, 'શબરી' સ્કૂલની ગલીમાં, વાસણા રોડ, વડોદરા-૩૯૦૦૧૫.

પ્રાપ્તિસ્થાન: ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧.


ફોન: ૦૭૯-૨૨૧૪૪૬૬૩

Email : goorjar@yahoo.com

પૃષ્ઠ: ૨૨૪

કિંમત: ₹ ૧૦૦/-

# ઉદ્‌ગાર એકાંતના : એમિલીનું વિશ્વ ગુજરાતી આકાશમાં




કવિતાનું ભાષાંતર ખૂબ જ અઘરી કલા છે. કારણ કે કવિતા વાસ્તવમાં પોતે જ જીવનની કોઈ અદભૂત ઊર્મિનું કાગળ પર અવતરણ હોય છે. આમ કવિતાનો અનુવાદ તેમ કહેવાને બદલે કવિતાનો ભાવાનુવાદ વધુ સૂચક બની રહે છે. ભાવાનુવાદ કાર્ય કરનારે ભારે સતર્કતાથી કાવ્યને આત્મસાત કરવાનું હોય છે. તાજેતરમાં જ રંતિદેવ વિનાયકરાય ત્રિવેદીએ પોતાના પાંચમા પુસ્તકનું લોકાર્પણ કર્યું. અમેરિકન કવયિત્રી એમિલ ડિકીન્સનની ૫૫ રચનાઓનો ‘ઉદ્‌ગાર એકાંતના’ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

એમિલી ડિકીન્સનના કાવ્યોમાં મૃત્યુ, શ્રદ્ધા, અમરત્વની સંગે કુદરત, ગુરુજીવન અને વાણીનું સામર્થ્ય અભિવ્યક્ત થાય છે. તેમની લખાણશૈલીની આધુનિક અમેરિકન કવિતા પર નોંધપાત્ર અસર વર્તાય છે. તેઓ અતીવ ઝનૂનપૂર્ણ એકલવાયા લેખિકા હતા. એમના જીવનકાળ દરમિયાન ફક્ત ૧૦ રચનાઓ જ પ્રકાશિત થઈ હતી. ૨૩ વર્ષની વયે જ તેમણે સામાજિક સંપર્કથી દૂર રહેવાનો સંકલ્પ કરેલો અને એકલવાસમાં લેખનકાર્ય કર્યું હતું. ૧૮૬૬માં એમના અવસાન બાદ તેમનાં બહેન દ્વારા તેમની અઢળક કાવ્યરચનાઓ શોધી કાઢવામાં આવી અને આમ તેમના મહામૂલા અઢળક કાવ્યસંગ્રહની સૌને જાણ થઈ. એમણે કુલ ૧૭૦૦ જેટલી કાવ્ય રચનાઓ આપી.


‘ઉદ્‌ગાર એકાંતના’ ભાવાનુવાદને કવિ ભાગ્યેશ જહાનો આવકાર સાંપડ્યો છે. તેમણે રંતિદેવ ત્રિવેદીના ભાવાનુવાદ કાવ્યને એક ચકલીના માળાને એક ઝાડ પરથી બીજા ઝાડ પર ગોઠવવા માટે રાખવામાં આવતી સાવધાની અને સંવેદના સાથે સરખાવી છે.

રંતિદેવ ત્રિવેદી દ્વારા આવા ઘણાં બધાં ગ્રંથોના ભાવાનુવાદ દ્વારા સૌ વાચકોને વિશ્વ સાહિત્યનો પરિચય થતો રહે એવી સૌની અપેક્ષા બની રહે છે.

પુસ્તક: ઉદ્‌ગાર એકાંતના
ભાવાનુવાદ: રંતિદેવ વિનાયક રાય ત્રિવેદી
પ્રકાશક: નિસર્ગ-આર્જવ પ્રકાશન
વિતરક: ગૂર્જર સાહિત્ય ભવન
મુદ્રક: શારદા મુદ્રણાલય
પૃષ્ઠ: ૧૦+૧૧૮
કિંમત: ₹ ૧૫૦/-
સંપર્ક: ૯૯૦૪૭૭૭૩૧૩



અનિલ ચાવડા



આટલાં વર્ષો ગયાં છે આકરા સંઘર્ષમાં,
જોઈએ શું થાય છે આ આવનારા વર્ષમાં.

રૂપિયા ખૂટી જશે-ની સ્હેજ પણ પરવા નથી,
ખૂટવી ના જોઈએ હિંમત હ્રદયના પર્સમાં.

એક પણ સંકલ્પ નૈં એવોય ક્યાં સંકલ્પ લઉં!
હું મને શું કામ બાંધું કોઈ પણ આદર્શમાં?

માત્ર સુખને શું કરું બચકાં ભરું? પપ્પી કરું?
જોઈએ પીડાય મારે આખરી નિષ્કર્ષમાં.

પાતળી પળની હથેળીઓ વચાળે જીવવું,
દિ-મહિના-વર્ષ લઈને કાળના સંસ્પર્શમાં.

# 'ગુજરાત ક્લબ' કોલકત્તા ખાતે યોજાયો ૩૫મો 'મધુર મહોત્સવ'



કોલકાત્તામાં વસતા ગુજરાતીઓ માટે છેલ્લાં ૩૫ વર્ષથી સાતત્યસભર મનોરંજન પીરસતી સંસ્થા 'ગુજરાત ક્લબ'નું એક આગવું ગૌરવ છે. વતનથી દૂર વસતા પણ વતનને ભરપૂર ચાહનારા ગુજરાતીઓ માટે વિવિધ મનોરંજનસભર કાર્યક્રમોનું આયોજન ગુજરાત ક્લબ થકી ઘણાં વર્ષોથી થતું રહ્યું છે.



૩૫મા મધુર મહોત્સવનું આયોજન તારીખ ૧૩મી ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર દરમિયાન કલામંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સર સર સરલા', 'સંભવ અસંભવ', 'શાતિર' અને 'સૂર' કાર્યક્રમો અંતર્ગત સંસ્થાના સભ્યમિત્રોએ આ મહોત્સવને માણ્યો હતો. મનહર ગડિયા નિર્મિત, મકરંદ દેશપાંડે દ્વારા લિખિત અને દિગ્દર્શિત 'સર સર સરલા'ની રજૂઆત સૌએ માણી હતી અને પ્રતિક ગાંધી, ભામિની ગાંધી, શિવમ પારેખ, ઓજસ રાવલના અભિનયને બિરદાવ્યો હતો. ડૉ. શીલા બુટાલા દ્વારા નિર્મિત અંશુમાલી રૂપારેલ દ્વારા લખાયેલ નાટક 'સંભવ-અસંભવ'નું દિગ્દર્શન કમલેશ મોટા દ્વારા કરવામાં આવ્યું હતું. લીમેશ પેણસે, અંકિત જસવાલ, રશ્મિ પટેલ, ક્રિશ્ના કાનાબાર અને બીજલ જોશીએ અભિનયના અજવાળાં પાથર્યા હતા. સ્નેહા દેસાઈ દ્વારા લિખિત અને મંગેશ કદમ દ્વારા દિગ્દર્શિત નાટક 'શાતિર'ની પ્રસ્તુતિ સૌએ માણી અને વખાણી હતી. ટીકુ તલસાણીયા અને સ્નેહા દેસાઈના બેનમુન અભિનયને બિરદાવવામાં આવ્યો હતો.



'મધુર મહોત્સવ ૨૦૧૮'ની પૂર્ણાહુતિ સંગીતના કાર્યક્રમ 'સૂર' થકી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદની જાણીતી ત્રિપુટી આરતી અને શ્યામલ-સૌમિલ દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ૨૪ જેટલા કલાકારો દ્વારા જાણીતા ગુજરાતી

ગીતો, તદ્દન નવી રચનાઓ, હાસ્ય નિષ્પન્ન કરતી રચનાઓ અને કેટલાંક મૌલિક નાવીન્યસભર પ્રયોગો દ્વારા રજૂ થયેલી પ્રસ્તુતિનો ભરપૂર આનંદ હાજર રહેલા સૌ કોઈએ માણ્યો હતો. જાણીતા કવિ તુષાર શુક્લનું રસસભર સંચાલન પણ સૌએ મનભરીને માણ્યું હતું. ડૉ. શ્યામલ મુનશીએ તેમની રચનાઓ દ્વારા હાસ્ય રેલાવ્યું હતું. અમદાવાદના અકુલ રાવલ અને તેમની સંસ્થા 'રીધમ પલ્ઝ'ના કલાકારો દ્વારા 'વાગ્યું તે વાજીંતર' અને 'ફોક ફ્યુઝન'ની પ્રસ્તુતિને પ્રાણવાન અને કાબિલ-એ દાદ બનાવી હતી. મનીષી રાવલ, લવ કંસારા, મનિષ કંસારા, અર્ચન કવિશ્વર, ઋજુલ શાહ અને રફીક ખાને વાદ્ય સંગત કરી હતી. ત્રણેય પ્રયોગો દરમિયાન કરવામાં આવેલી વૈવિધ્યસભર પ્રસ્તુતિને સુરીલો આવકાર સાંપડ્યો હતો. કોલકત્તાના જાણીતા સામયિક 'હલચલ'ના પ્રણેતા ભાવેશભાઈ અને સંજયભાઈ અને સાહિત્યમંડળ સાથે સંકળાયેલ શ્યામ આશર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કલા, સંગીત અને સાહિત્ય પારખુ શ્રોતાઓની સૌ કલાકારોએ દાદ મેળવી હતી.



'ગુજરાત ક્લબ'ના પ્રમુખ દેવેશ શાહ, સેક્રેટરી હિતેન રાયવડેરા અને સૌ કોઈ કમિટી મેમ્બર્સના આતિથ્યસભર ઉમળકાને સૌ કલાકારોએ વધાવ્યો હતો અને તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



# શાંભવી આર્ટ્સ અને ભવન્સ કલ્ચરલ સેન્ટર દ્વારા યોજાયો 'હંસા દવે-વિસ્તરતા સૂર' કાર્યક્રમ





શાંભવી આર્ટ્સ અને ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી, મુંબઈ ખાતે તારીખ ૨૮ સપ્ટેમ્બરનાં રોજ એક અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હંસા દવે-વિસ્તરતા સૂર શીર્ષક હેઠળ ગુજરાતી સુગમસંગીતના સ્વનામધન્ય ગાયક કલાકાર હંસાબેન દવે દ્વારા ગવાયેલા કેટલાંક અલ્પપ્રસિદ્ધ પણ અદભૂત અને અજોડ એવાં ગીતોની આજના પ્રતિભાસંપન્ન કલાકારો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી. નિશા ઉપાધ્યાય કાપડીયા, વિરાજ-બીજલ, સંગીત મૂળે રાજાપુરકર, ઉપજ્ઞા પંડ્યા અને શ્રદ્ધા શ્રીધરાણી દ્વારા ગવાયેલાં ગીતો જેવાં કે 'પિયુ કહો અંતર કેમ ઉદાસ', મારી ઉડતી બે પાંખ, ઉદાસી આ સૂરજની આંખે ચડી છે, 'ઉઈ મા મેળામાં મારે કાળજ કાંટો વાગ્યો', 'અલી તારું હૈયું કેસુડાનું ફૂલ', 'ઓ મા મુને તારો ખોળો સાંભરે' (ફિલ્મ: ખોળાનો ખુંદનાર) ગીતોએ શ્રોતાઓના દિલ ડોલાવ્યા અને 'વન્સમોર'થી સભાગૃહ ગાજી ઊઠ્યું.

આ કાર્યક્રમની પરિકલ્પના અને સંચાલન શાંભવી આર્ટ્સના નેહા યાજ્ઞિકની હતી. કાર્યક્રમમાં પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, કૌમુદીબહેન મુનશી, નંદીની ત્રિવેદી, સુરેશ જોશી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રોતાઓની દાદ અને કલાકારોની સબળ રજૂઆત આ કાર્યક્રમની સફળતા બની રહી.



SHYAMAL-SAUMIL

the musical odyssey

शीतल

# Best of Shyamal-Saumil

શ્યામલ-સૌમિલનાં

સદાબહાર અને લોકપ્રિય સ્વરાંકનો




સંગીતઃ
શ્યામલ-સૌમિલ

ગાયક :
આરતી મુનશી,
સૌમિલ મુનશી,
શ્યામલ મુનશી

Visit us on:www.shyamalsaumil.com

for downloads log on to hungama MOBILE

/shyamalsaumil YouTube

/shyamalsaumil f

Audio CD Available at all Music Stores

**Marketed by : Wonder Waves Ent.Pvt.Ltd.,** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchvati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834/35, Visit us at: www.shyamalsaumil.com



હર્ષલ બ્રહ્મભટ્ટ

# ટી-શર્ટ



એક છોકરાએ તેના પપ્પા પાસે દિવાળી નિમિત્તે કપડાં અને ફટાકડાની માંગણી કરી, તેના પપ્પાએ હળવાશ કહ્યું કે, 'બેટા મારી પાસે એટલા પૈસા નથી, એટલે તારે કાં તો કપડાં અથવા ફટાકડા બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની રહેશે.'

છોકરાએ વિચારીને કહ્યું, 'પપ્પા, મને ટી-શર્ટ લાવી આપજો.'

'સારું તું કહે એમ બેટા...'

સાંજે તે છોકરાના પપ્પાએ તેને નવી ટી-શર્ટ લાવી આપી. છોકરો ખુશ થઈ ગયો અને પપ્પાને થેંક યુ કહી ચુમ્મી ભરી, અને કહ્યું,

'પપ્પા આ ટી-શર્ટ હું કાલે નવા વર્ષે પહેરીશ.'

'સારું બેટા.'

પછી તે છોકરો શેરીમાં દિવાળીની રોશની જોવા જતો રહ્યો...

નવા વર્ષના દિવસે તે બાળકે તેના પપ્પાએ આપેલાં ટી-શર્ટમાં બે નાનાં કાણાં પાડી દીધાં હતાં, હવે જે પણ મહેમાનો કે પડોશીઓ આવે ત્યારે તે છોકરાંની ટી-શર્ટ જોઈને કહેતા,

'અરે! દીકરા આ કાણાં કેવી રીતે પડ્યાં?'

ત્યારે તે છોકરો કહેતો કે—

'આ તો મારા પપ્પા મારા માટે ખૂબ ફટાકડા લાવ્યાં હતા, તે ફોડતા ફોડતા તણખો ઊડી ગયો અને આ કાણાં પડ્યાં, પણ મારા પપ્પાએ આપેલી દિવાળીની ટી-શર્ટ મને ખૂબ જ ગમે છે, એટલે મેં આજે પણ આ કાણાંવાળી ટી-શર્ટ પહેરી રાખી છે.'

આ સાંભળી રસોડામાં મહેમાનો માટે મીઠાઈના ટુકડા ગોઠવતાં તેના મમ્મી-પપ્પાની આંખમાં આંસુ આવી ગયાં.

એ આંસુ તેમના દીકરાની સમજણનાં હતા કે પોતાની મજબૂરીના? શી ખબર!





ડૉ. મનોજ જોશી 'મન'

# તબલાંની જોડ

બેઠકવાળા ઓરડામાં હાર્મોનિયમ, ઢોલક, તબલાં, સિતાર વગેરે વાજિંત્રો પડ્યાં હતાં. ત્રણ-ચાર શિષ્યો એમાંથી અમુક વાદ્ય પર ગોઠવાયેલાં હતાં.

નિરંજન શાસ્ત્રી અને રમાગૌરી અંદરનાં ઓરડામાં હતાં.

હૈદરાબાદ રહેતા દીકરાનો ફોન હતો. પુત્રવધૂ સુશીલા ફોન પર હતી. બાપુજી! તમને તો ખબર છે... મોંઘવારી કેવી છે! છોકરાંવની સ્કૂલની ફી અને ઉપરથી મકાનના હપ્તા! ગમે તેટલું કરીએ તો પણ ખેંચાઈ જવાય છે! એટલે આ તમારા દીકરાનું એમ કહેવું છે કે બાનાં ગોઠણનું ઓપરેશન આવતાં વરસ ઉપર રાખીએ તો? લ્યો એમને આપું...

એમ કરી વહુએ મયંકને ફોન પકડાવ્યો! શાસ્ત્રીજીની આંખ સમક્ષ સામેના છેડાનું દશ્ય તરત રચાઈ ગયું. મયંક હજુ બોલવા માટે શબ્દો શોધતો હતો ત્યાં શાસ્ત્રીજી રણકો બદલાવી બોલ્યા, એમને ખાતરી હતી કે સામે છેડે ફોન સ્પીકર પર જ હશે.

મયંક બેટા! વહુને કહે કે જરાય ચિંતા ના કરે. તારી બા પાસે સોનું પડ્યું છે એ, કાં તો પછી પેલી મારા નામની પિયાવ જમીન છે ને... એ ક્યારે કામ લાગશે ? હું બે-ચાર દિવસમાં જ એનો બંદોબસ્ત કરી લઈશ. તમે નિશ્ચિંત થઈ જાવ. એમ કહી ફોન કાપી નાંખ્યો.

રમાગૌરીએ અચંબાથી પૂછ્યું કયું સોનું? કઈ જમીન?

શાસ્ત્રીજી કશું ન બોલ્યા.

શાંતિથી બેસી રહ્યાં.

દસમી મિનિટે પાછો હૈદરબાદથી ફોન આવ્યો. બાપુજી, હું ને મયંક આવતા અઠવાડિયે આવીએ છીએ. રાજકોટના સર્જન સાથે પણ વાત કરી લીધી છે. તમે જરાય ચિંતા ના કરો અને હા! તમારા દીકરા કંઈક સોનાની અને જમીનની વાત કરતા'તા... તો એની હમણાં કોઈ ઉતાવળ ન કરતા! અત્યારે તો અહીંથી વ્યવસ્થા થઈ ગઈ છે.

શાસ્ત્રીજી મનમાં હસ્યા! ફોન મૂકીને બેઠકમાં પ્રવેશતાં તબલાં પરના શિષ્યને ટપારતાં કહ્યું–'એલા! ભોણિયું તો બરાબર છે પણ આ જીવારી જરા બેસુરી–બોદી બોલે છે! જરા ચઢાવ એટલે સરખી બોલશે!'



ભોણિયું = મોટું, બેઠા ઘાટનું–નર તબલું. (જેને બાંયું પણ કહે છે) જીવારી = નાનું, ઊભા ઘાટનું–માદા તબલું. (જેને દાંયું પણ કહે છે)



વિનોદ જોશી

# પ્રેમની અભિવ્યક્તિનું સ્તોત્ર



જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન ત્યાં ત્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉં અહીં ત્યાં આવતી દરિયાની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં એ આશના,
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર:
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જૂદાઈ આપની!

રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની!

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું,
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની!

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી:
જોયું ન-જોયું છો બને જો એક યાદી આપની!

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી,
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની!

— કલાપી

કલાપીની આ બહુ જાણીતી રચના છે. 'આપની યાદી' એવા તેના શીર્ષકમાં જ કોઈ નિકટવર્તી સ્વજનનો નિર્દેશ છે, જે આખીયે રચનામાં તે સવિશેષ નિકટ હોવાનો અનુભવ આપી રહે છે. પ્રિય અને પરમેશ્વર બેઉની કક્ષા સમાન છે. પ્રિય તે જ હોય જેને પરમેશ્વર માની શકાય અને પરમેશ્વર પ્રિય ન હોય તો તેને પરમેશ્વર કહી ન શકાય. ગઝલના સ્વરૂપમાં લખાયેલી આ રચનાને પ્રિયપાત્ર અને પરમેશ્વર એમ બેઉ સંદર્ભમાં થતાં સંબોધન લેખે ઘટાડવામાં આવે છે. પણ તેનો ઝુકાવ પ્રિયને કરવામાં આવતી વાત તરફ સવિશેષ છે.

કલાપીના વ્યક્તિગત જીવનના સંદર્ભને આ રચનામાંથી ઉકેલવા કરતાં એક મદહોશ પ્રેમીના મસ્તીભર્યા રમણીય ઉદ્‌ગારો તેમાંથી સાંભળવાની મુદ્રા અહીં વધુ કારગત નીવડશે. યાદી અહીં અભિવ્યક્તિતનું મુખ્ય કેન્દ્ર છે અને 'આપની એવા વિશેષણ વડે તેને ચોક્કસ વ્યક્તિમાં મર્યાદિત કરાયું છે. કાવ્ય છે તો સ્મરણનું પણ સ્મરણનો ગુણ એ છે કે તેનો અનુભવ વર્તમાનમાં થતો હોય છે. વળી જેનું સ્મરણ થાય તે પાત્ર કે પરિસ્થિતિ જાણે સન્મુખ આવી જતાં ભાસે છે. કલાપીએ જ 'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું એવું અન્યત્ર કહ્યું જ છે.

અહીં આ રચનાની પહેલી પંક્તિમાં જ જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં ત્યાં આ પ્રેમીને પ્રિયતમાની યાદ અનુભવાતી હોવાનો હવાલો આપી દીધો છે. સ્મરણ એ અમૂર્ત છે પરંતુ અહીં તો નજરને તેનો અનુભવ થાય છે, એમ કહેવાયું છે. તરત નજર સાથે આંખો અને આંખો સાથે આંસુનો એને આશ્રય લેવો પડે છે. નજરનું ઠરવું અને આંસુનું ઝરવું એવી સ્થિતિ અને ગતિની ઉલઝનમાં ફસાતો કાવ્યનાયક પ્રેમીના ગાલની રતાશમાં રહેલી લાલી સિવાયની, પ્રેમની રતાશનો લાક્ષણિક નિર્દેશ કરે છે અને દરેક બગીચા કે ફૂલોના રંગો સાથે પ્રેમના રંગને જોડી દે છે.

દરિયા પરથી વહી આવતી જળલહરીની મંજુલ ગતિ આંખને દેખાય છે. પણ આ કાવ્યનાયકને એ વિલોકવામાં રસ નથી. એને તો એ જળલહરીઓ પર આસીન મૃદુસંચારિણી એવી પ્રિયતમાં જ દેખાઈ રહી છે, જે લગીરે લયભંગ કર્યા વગર પસાર થઈ રહી છે. કાવ્યનાયક એ લહેરો માટે 'મીઠી એવું વિશેષણ પ્રયોજી આંખે જોવાની વાતને જીભથી ચાખવાની વાતમાં પલટાવી દે છે. દરિયા પરથી પળવારમાં એ નજરને આકાશ ભણી ઊંચકી લે છે અને ઝૂમી રહેલા તારલાઓનાં ઝૂમખાં દેખાડવા લાગે છે. એની ઉક્તિ ભારે ચતુરાઈભરી છે. 'તારા ઉપર' એમ કહી એ પ્રિયતમા ઉપર એમ કહેવા ઈચ્છે છે કે પણ તારાઓ પર તારાઓ મળીને રચાતા નિહારિકામંડળનો નિર્દેશ કરે છે તે સમજવું દોહ્યલું છે. સૌથી અગત્યની વાત તો એ છે કે આવું દર્શન જાણે કોઈ ગેબી કચેરીનું દર્શન હોય તેવું લાગે છે. રહસ્યમંડિત આ લોકમાં પ્રેમનું હોવું કેવળ એક વિલક્ષણ અનુભવ જ હોઈ શકે, પણ અહીં તો કાવ્યનાયકને ખુદની આંખે જાણે કશુંક અકળ એવું સ્મરણવિશ્વ ખૂલતું દેખાઈ રહ્યું છે. જે સ્મરણમાં છે તે જાણે આખાયે શરીરમાં પણ રક્તતસંચાર બનીને ફરી વળ્યું છે. દિવસ-રાતના એના વારાફેરામાં સતત જાણે કોઈ ઝીણી સિતારીના મુગ્ધકર સૂર સંભળાતા હોય તેવો છે આ પ્રેમાનુભવ.

હવે આકાશથી ખંજરો વરસે તો તેની પણ આ માશૂકને તમા નથી. કારણ એક માત્ર એ છે કે હવે પ્રિયાની યાદને આડે ધરી શકાય તેમ છે. એ યાદ ઢાલ બનીને રક્ષણ કરી રહી છે. જે રક્ષણ કરે છે તે ગર્ભિત રીતે આક્રમણનું સમર્થન કરે છે. તેથી અહીં દુશ્મનો સામે લડી લેવાનું આવાહન પણ સૂચિત છે. પ્રેમ અને યુદ્ધ એ બેઉમાં કશું જોવાતું નથી, પણ કાવ્યનાયક અહીં યાદનો મહિમા કરી, યુદ્ધને પ્રેમથી જીતવાનો

મનસૂબો જાહેર કરે છે. પ્રેમના મામલે કેવળ પોતાના પક્ષે જ બધું આવી જતું નથી. સામેના પક્ષને પણ જાણવો જોઈએ. પણ ઘેલું પ્રેમીહૈયું વશ ન રહે અને પછી અપરાધભાવથી પીડાતું રહે તેવું સર્વદા બને છે. પાપ જેવી સંજ્ઞા તેમાંથી ઉદ્ભવે છે. પણ આ કાવ્યનાયક તો એવી બુરાઈના નિવારણ માટે પ્રિયતમાની યાદને જ વિમોચક માને છે.

વળી આ તો મસ્તીખોર મયપરસ્ત માશૂક છે. એને તો જેમ શરાબની પ્યાલી ચડે તેમ યાદનો નશો પણ ચડે. પ્રેમ નહીં સાંપડ્યાથી અનુભવાતા સિતમનો ઉગાર પ્રિયતમાની યાદ સિવાય આવા પ્રેમીને બીજે ક્યાંથી મળે? યારી નિભાવવામાં પણ આ યાદ મદદરૂપ. કોઈ વિદાય લે ત્યારે જુદાઈનું માન વધારવામાં પણ આ યાદ જ કામની. આશિકોના માર્ગમાં યાદ સિવાય એકલાને સાથ આપનાર બીજું કોઈ જ નહીં. યાદ વળી જૂની ને નવી પણ કેવી? એ તો કેવળ તાજી. તેને સમય સાથે નહીં, સ્વાદ સાથે લેવા દેવા છે. અને એ સ્વાદ તે કંઈ જીભને અનુભવાતો સ્વાદ નહીં, જીવનને અવુભવાતો સ્વાદ.

આ સ્મરણ નામે પૃષ્ઠ જેણે જોયું નથી એણે લાખો પુસ્તકો વાંચ્યાં હોય તો પણ તેનો કોઈ અર્થ નથી. બીજી રીતે કહીએ તો એ બધાં પુસ્તકો ભૂલી જવાય તેનો કશો વાંધો નથી પણ પ્રિયપાત્રની યાદને ભૂલવી ઈષ્ટ નથી. યાદને ભૂલવા જેવો વિરોધાભાસી કાવ્યાર્થ રચી અહીં વાતને વધુ મર્મગામી બનાવવાનો યત્ન થયો છે. કાવ્યનાયક તો કહે છે કે નસીબ જે ભૂલો કરાવે તે બધી જ કરી નાખવાની પોતાની તૈયારી છે, કારણ કે પ્રિયતમાની યાદ એ એકમાત્ર સાચ છે; અને સાચ તો ટકી જ રહેવાનું છે. છેવટે સંગ તો તેનો જ રહેવાનો છે. પ્રત્યક્ષ મળવાના કોઈ ઉધામા વગર જ કેવળ યાદને જ વિશ્રાંતિ લેખે સેવતો કાવ્યનાયક સૌષ્ઠવભર્યા પ્રેમનો સ્વામી છે તેવું સહેજે અહીં લાગશે.

આ આખીયે વાત ઈશ્વર વિશેના પ્રેમની દિશામાં ન લઈ જઈએ તો વધુ સાર્થક બને છે. કારણ કે અહીં દરેક સ્થાને તેનાં સંકેતો મુકાયા નથી. વળી, મનુષ્ય તરીકે મનુષ્યપ્રેમની વિશેષ એવી ભાવનની મુદ્રા રચીને તેને અન્ય સંદર્ભમાં મરડવી તે ઠીક નથી લાગતું. કવિ કલાપી જ શા માટે? કોઈપણ પ્રગલ્ભ પ્રેમીના આ ઉદ્ગારો છે. અને તે રીતે દરેક પ્રેમીની અભિવ્યક્તિનું આ સ્તોત્ર છે. તેમાં ઊંચાઈ પણ છે, ઊંડાણ પણ છે.



# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.

# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
ન્યૂઝ ડાયજેસ્ટ








સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹..........................મોકલી આપુ છું,

નામ :-..........................................................................................................................

સરનામું :-.....................................................................................................................

...................................................................................................................................

ટેલિફોન નંબર :-..........................................મોબાઈલ નંબર :-....................................ઈ-મેઈલ :-..................................................

ચેક/ડી.ડી નંબર :-.........................................બેંક :-..........................................................................તારીખ :-.........................


( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.



હર્ષ બ્રહ્મભટ્ટ

# પુકારતે હૈં દૂરસે, વો કાફિલે બહારકે...




કેટલાંય અત્યંત લોકપ્રિય ગીતોના કિસ્સામાં એવું બને છે કે તેમના ગીતકાર વિશે મોટાભાગના લોકોને કોઈ ખબર જ હોતી નથી. જ્યારે તેમને ગીતકારનું નામ જણાવવામાં આવે ત્યારે તેમણે એ નામ સાંભળ્યું જ હોતું નથી અને એ નામના કોઈ ગીતકાર છે એવું પણ એમને પહેલી જ વાર જાણવા મળ્યું હોય છે!

આજે આવા જ એક ગીતકાર વિશે વાત કરવી છે, જેમનાં લખેલાં ઘણાં બધાં જ ગીતો ખૂબ લોકપ્રિય થયાં પણ તેમના વિશે ભાગ્યે જ કોઈ કંઈ જાણે છે. હસન કમાલ એવી એક હસ્તીનું નામ છે કે જેમને પોતાની કાબેલિયત સાબિત કરવા માટે ફિલ્મ નિર્માતાઓ કે દિગ્દર્શકોના ઘરના કે કચેરીઓના કે સ્ટુડિયોના ધક્કા ખાવા નથી પડ્યા; તેમને ફિલ્મોમાં કામ સામે ચાલીને આપવામાં આવ્યું છે.

હસન કમાલનો જન્મ ૧લી જુલાઈ, ૧૯૪૩ના રોજ ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં થયો હતો. લખનૌ વિશ્વવિદ્યાલયમાંથી ગ્રેજ્યુએશન કર્યા પછી તેમણે મુંબઈ જઈને પોતાની પત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી. ૧૯૬૫માં તેઓ લોકપ્રિય અંગ્રેજી સાપ્તાહિક 'બ્લીટ્ઝ'ના ઉપ-સંપાદક બન્યા. ૧૯૭૪માં તેઓ 'ઊર્દૂ બ્લીટ્ઝ'ના સંપાદક બન્યા. ત્યાં તેમનું કામ એટલું અસરકારક રહ્યું કે 'ઊર્દૂ બ્લીટ્ઝ'ની ગ્રાહક સંખ્યા ૧૩,૦૦૦થી વધીને ૧,૦૦,૦૦૦ની થઈ ગઈ. તેઓ 'ઈન્કલાબ', 'રોઝનામા રાષ્ટ્રીય સહારા', 'ઐતમાદ' અને 'અલ-બાગ' જેવાં પ્રસિદ્ધ સામયિકોમાં છપાતી તેમની નિયમિત કૉલમને કારણે એક લોકપ્રિય કૉલમિસ્ટ રહ્યા. તેમની કૉલમો અવારનવાર તામિલ, તેલુગુ, મરાઠી અને અંગ્રેજીમાં ભાષાંતરિત થતી રહી.

હસન કમાલ આધુનિક ઊર્દૂ સાહિત્યના એક મહત્ત્વના શાયર પણ છે. ઊર્દૂ કવિ તરીકે અને પત્રકાર તરીકે તેમણે વિશ્વના ઘણા બધા દેશોનો પ્રવાસ ખેડ્યો છે. તેમણે ફિલ્મો માટે અને ટેલિવીઝન ધારાવાહિકો માટે સ્ક્રિપ્ટ રાઈટર

તરીકેની ભૂમિકા પણ બખૂબી નિભાવી છે. હિંદી ફિલ્મોમાં ગીતકાર તરીકે આવ્યા ત્યારે તે ક્ષેત્રમાં પણ તેમણે પોતાના નામનો ડંકો વગાડ્યો. એવી એક ખોટી માહિતી પ્રવર્તે છે કે હસન કમાલે ગીતકાર તરીકે પહેલીવાર ૧૯૮૨ની ફિલ્મ 'નિકાહ'થી શરૂઆત કરી. વાસ્તવમાં આ વાત સાચી નથી. ખ્વાજા એહમદ અબ્બાસ દ્વારા લિખિત, નિર્મિત અને દિગ્દર્શિત ૧૯૬૭ની ફિલ્મ 'બમ્બઈ રાતકી બાંહોંમેં' (કે જેમાં જે. પી. કૌશિકનું સંગીત હતું) માટે હસન કમાલે ચાર ગીતો લખેલાં: જલતી હૂઈ જવાનિયાં, યે અનકહી કહાનિયાં... (મહેન્દ્ર કપૂર); બમ્બઈ રાત કી બાંહોંમેં. કહેં નિગાહેં ઉન નિગાહોંમેં... (આશા ભોંસલે); ઉસને જો કહા મુઝે... (ક્રિશ્ના કલ્લે) તથા દિલ જો દુનિયા કે ગમો દર્દસે ઘબરાયા હૈ... (સુલક્ષણા પંડિત-મહેન્દ્ર કપૂર). ખ્વાજા એહમદ અબ્બાસની અન્ય ફિલ્મોની જેમ આ પણ એક ઑફ-બીટ ફિલ્મ હતી અને બૉક્સ ઑફિસ ઉપર સદંતર નિષ્ફળ રહી હતી; સ્વાભાવિક છે કે તેનાં ગીતો પણ ન ચાલ્યાં. પણ વાસ્તવિકતા એ છે કે 'બમ્બઈ રાતકી બાંહોંમેં' એ હસન કમાલની ગીતકાર તરીકેની સૌ પ્રથમ ફિલ્મ હતી.

ત્યાર પછી યશ ચોપરાની 'સિલસિલા' (૧૯૮૧) આવી તેમાં પણ હસન કમાલનું લખેલું એક ગીત હતું — 'સરસે સરકે સરકે ચુનરિયા, લાજભરી અખિયોંમેં...' (કિશોર-લતા). આ ગીત ખાસ્સું લોકપ્રિય થયું હતું. (બાય ધ વે, 'સિલસિલા'ના સંગીતકાર હતા હરિપ્રસાદ ચૌરસિયા અને શિવકુમાર શર્મા જેમણે ફિલ્મ માટે 'શિવ-હરી' એવું નામ રાખેલું. પણ બહુ ઓછા લોકોને એ વાતની ખબર હશે કે આ ફિલ્મનું ખૂબ જ પ્રસિદ્ધ ગીત 'નીલા આસમાં સો ગયા...' એ શિવ-હરીએ નહીં પણ અભિનેતા શમ્મી કપૂરે સ્વરબદ્ધ કર્યું હતું. વાસ્તવમાં બી.આર. ચોપરાની ૧૯૭૫ની ફિલ્મ 'ઝમીર'માં અમિતાભ બચ્ચન અને શમ્મી કપૂર એક સાથે કામ કરતા હતા. ત્યારે 'ઝમીર'ના સેટ ઉપર શમ્મી કપૂરે આ સ્વરાંકન અમિતાભને સંભળાવેલું અને અમિતાભને તે ખૂબ ગમી ગયેલું. જ્યારે 'સિલસિલા' બની રહી હતી ત્યારે અમિતાભે યશ ચોપરાને એ સ્વરાંકન સાથેનું એક ગીત ફિલ્મમાં લેવા આગ્રહ કર્યો અને યશ ચોપરાએ અમિતાભની વાત માનીને તે સ્વરાંકનવાળું ગીત 'નીલા આસમાં સો ગયા...' ફિલ્મ 'સિલસિલા'(૧૯૮૧)માં લીધું. જો કે કમનસીબી એ રહી કે આ ગીતના સંગીતકાર પણ 'શિવ-હરી' જ બતાવાયા અને શમ્મી કપૂરને ક્યાંય કોઈ પ્રકારની ક્રેડીટ પણ ન મળી.)



જોકે એ વાત સાચી કે હસન કમાલની ગીતકાર તરીકેની નોંધ લેવાઈ બી. આર. ચોપરાની ૧૯૮૨ની ફિલ્મ 'નિકાહ'થી અગાઉના લેખોમાં જણાવ્યું છે તેમ સાહિર લુધિયાનવીએ બી. આર. ચોપરા કેમ્પના કાયમી ગીતકાર હતા; સંગીતકાર ગમે તે હોય પણ ગીતકાર તો સાહિર જ હોય.

તા.૨૫.૧૦.૧૯૮૦ના રોજ સાહિરનું દુ:ખદ અવસાન થયું ત્યાર પછીની બી.આર. ચોપરાની પહેલી ફિલ્મ હતી 'નિકાહ'. ચોપરાસાહેબ બહુ ચિંતામાં હતા કે સાહીરનું સ્થાન સંભાળી શકે એવા ક્યા ગીતકારને લેવા. એ સમયે સંગીતકાર નૌશાદે ચોપરાજીને હસન કમાલનું નામ સૂચવ્યું.

થોડી અવઢવ પછી બી.આર. ચોપરા માની ગયા અને એ રીતે હસન કમાલ 'નિકાહ'(૧૯૮૨)ના ગીતકાર બન્યા. સંગીતકાર રવિની એક રીતે આ 'કમ-બેક' ફિલ્મ હતી; અભિનેત્રી સલમા આગાની આ ડેબ્યૂ ફિલ્મ હતી અને ગીતકાર હસન કમાલની ગીતકાર તરીકેની બાકાયદા નોંધ લેવી પડે એવી આ પ્રથમ ફિલ્મ હતી. હસન કમાલે 'નિકાહ'માં પાંચ ગીત લખ્યાં. (છઠ્ઠું ગીત એ જનાબ હસરત મોહાની સાહેબે લખેલી ગઝલ હતી જે ગુલામ અલીએ સ્વરાંકન કરીને અલગથી ગાઈ હતી અને જે 'નિકાહ'માં લઈ લેવામાં આવેલી). આ પાંચેય ગીતો જબરદસ્ત હીટ થયાં. (દિલ કે અરમાં, આંસુઓમેં બહ ગયે...; દિલકી યે આરઝૂ થી કોઈ દિલરૂબા મિલે; બીતે હુએ લમ્હોં કી કસક સાથ તો હોગીં...; ચહેરા છૂપા લિયા હૈ કિસીને હિજાબમેં... અને ફઝાં ભી હૈ જવાં જવાં...).

'નિકાહ'નાં બે ગીતો શ્રેષ્ઠ ગીતકાર માટેના ફિલ્મ ફેઅર ઍવૉર્ડના નોમીનેશનમાં હતાં (દિલકે અરમાં... અને દિલ કી યે આરઝૂ થી...), પણ તે વર્ષે શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો ફિલ્મ ફેઅર ઍવૉર્ડ ગીતકાર સંતોષ આનંદને ફિલ્મ 'પ્રેમરોગ'ના ગીત 'મહોબ્બત હૈ ક્યા ચીઝ, હમકો બતાઓ...' માટે મળ્યો. (જો કે શ્રેષ્ઠ ગાયિકાનો ઍવૉર્ડ સલમા આગાને 'દિલકે અરમાં આંસુઓંમેં બહ ગયે...' માટે મળ્યો.)

'નિકાહ' પછી હસન કમાલ બી.આર.ચોપરાની ફિલ્મોના સ્થાયી ગીતકાર બની ગયા. આજ કી આવાઝ, મઝદૂર, અવામ, દહલીઝ, તવાયફ, પ્રતિજ્ઞાબદ્ધ, કિરાયેદાર-એ બધી બી.આર. ચોપરા બેનરની ફિલ્મો હતી અને ગીતકાર હતા હસન કમાલ.

બી. આર. ચોપરા સિવાયના અન્ય બેનરો માટે પણ હસન કમાલે ગીતો લખ્યાં, જેવાં કે બટવારા, યતીમ, હથિયાર, એતબાર જેમાં તેમણે સંવાદ લેખનનું પણ કામ કર્યું.

હસન કમાલે ગીતકાર સિવાય અનેક ફિલ્મોમાં સ્ક્રીનપ્લે રાઈટર અને ડાયલોગ રાઈટર તરીકે પણ ભૂમિકા નિભાવી. તેમણે 'મહાભારત કથા', 'સૌદા', 'કાનૂન', 'ઔરત', 'પરમવીર ચક્ર', 'ઉસૂલ', 'વિષ્ણુપુરાણ', 'અકબર-ધ ગ્રેટ', 'રંગોલી', 'ઝાંસીકી રાની', 'મહારાણા પ્રતાપ', 'મૈં દિલ્લી હૂં', જેવી ટીવી સિરીયલોમાં પણ સંવાદલેખનનું કામ કર્યું છે.




ફિલ્મ 'આજ કી આવાઝ' (૧૯૯૪)ના ટાઈટલ સોંગ માટે હસન કમાલને શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો ફિલ્મ ફેઅર ઍવૉર્ડ મળ્યો હતો. (આજ કી આવાઝ, જાગ એ ઇન્સાન...)

તદુપરાંત હસન કમાલને અન્ય પ્રતિષ્ઠિત ઍવૉર્ડઝ પણ મળ્યા છે. નેહરુ કલ્ચરલ એસોસીએશન ઑફ યુ. પી. ઍવૉર્ડ (૧૯૭૬), હિન્દી ઊર્દૂ સાહિત્ય ઍવૉર્ડ ઓફ યુ.પી. (૧૯૮૮), મૌલાના અબુલ કમાલ આઝાદ ઍવૉર્ડ (૧૯૯૬).

હસન કમાલે બહુ ઓછી હિંદી ફિલ્મોમાં ગીતો લખ્યાં છે. પણ તેમનું નામ ઊર્દૂ અદબમાં ખૂબ મોટું છે. એક ઊર્દૂ શાયર તરીકે તેમણે અદ્ભુત ગઝલો આપી છે. થોડાક શે'ર જોઈએ:

**સબકી બિગડી કો બનાને નિકલે,**
**યાર હમ તુમ ભી દીવાને નિકલે.**
**કોઈ તો ચીઝ નઈ મિલ જાતી,**

**દર્દ ભી સદિયોં પુરાને નિકલે.**
**ચાંદ કો રાત મેં મૌત આઈ થી,**
**લાશ હમ દિન કો ઉઠાને નિકલે.**
**ઉમ્ર બરબાદ યૂં હી કર દી 'હસન',**
**ખ્વાબ ભી કિતને સુહાને નિકલે.**

*


**સર ઉઠાકર ન કભી દેખા કહાઁ બૈઠે થે,**
**ગિરતી દિવાર કા સાયા થા જહાઁ બૈઠે થે,**
**સબ થે મસરૂફ અંધેરોંકી ખરીદારી મેં,**
**હમ સજાયે હૂએ શામોંકી દુકાઁ બૈઠે થે**
**લોગ તો બુઝતે ચરાગોં કે ધુંએ સે ખુશ થે,**
**હમ હી બેકાર જલાયે હુએ જાં બૈઠે થે.**

*

**બેવફા, નામેહરબાં યે સચ હૈ વો ઐસા તો થા,**
**મત કહો કુછ ઉસકો યારો, જો ભી થા મેરા તો થા.**
**રાત આઈ ઔર આકે મુઝકો તનહા કર ગઈ,**
**કમ સે કમ દિન થા તો મેરે સાથ ઇક સાયા તો થા.**
**હમ 'હસન' કો જાનતે હૈં, આદમી અચ્છા ન થા,**
**દો ઘડી કો પાસ આકે દિલકો બહલાતા તો થા.**

ભલે હસન કમાલે બહુ ઓછી ફિલ્મોમાં ગીતો લખ્યાં હોય, પણ તેમનાં ગીતોની સફળતાનો આંક બહુ ઊંચો છે. તેમનાં કેટલાંક લોકપ્રિય ગીતો જોઈએ:

૧. દિલ કી યે આરઝૂ થી કોઈ દિલરૂબા મિલે... નિકાહ (૧૯૮૨)
૨. દિલ કે આરમાં આંસુઓ મેં બહ ગયે... નિકાહ (૧૯૮૨)
૩. ફઝાં ભી હૈ જવાં જવાં, હવા ભી હૈ રવાં રવાં... નિકાહ (૧૯૮૨)
૪. બીતે હુએ લમ્હોં કી કસક યાદ તો હોગી... નિકાહ (૧૯૮૨)
૫. સર સે સરકે સરકે ચુનરિયા... સિલસિલા (૧૯૮૧)
૬. તુમ્હેં ભૂલ જાનેકા હક હૈ અગર, હમેં હક મહોબ્બત નિભાનેકા હૈ... મઝદૂર (૧૯૮૩)
૭. પહલા પહલા પ્યાર ના ભૂલે, ભૂલે ચાહે સારી ખુદાઈ... મઝદૂર (૧૯૮૩)
૮. હમ મેહનતકશ ઈસ દુનિયાસે જબ અપના હિસ્સા માંગેંગે... મઝદૂર (૧૯૮૩)
૯. તેરે પ્યારકી તમન્ના, ગ઼મેં-ઝિંદગી કે સાયે... તવાયફ (૧૯૮૫)
૧૦. બહુત દેર સે દર પે આંખેં લગીં થીં, હુજૂર આતે આતે બહુત દેર કર દી... તવાયફ (૧૯૮૫)
૧૧. દિલ હી દિલમેં લે લિયા દિલ મહેરબાની આપકી... આજકી આવાઝ (૧૯૯૪)
૧૨. કિસી નઝર કો તેરા ઇન્તઝાર આજ ભી હૈ...એતબાર (૧૯૮૫)
૧૩. આવાઝ દી હૈ આજ ઇક નઝરને, યા હૈ યે દિલકો ગુમાં... એતબાર (૧૯૮૫)
૧૪. આજકી શામ, આપકે નામ... તવાયફ (૧૯૮૫)
૧૫. આજકી આવાઝ, જાગ એ ઇન્સાન... આજ કી આવાઝ (૧૯૯૪)




હસન કમાલ મૂળત: પત્રકારિતાનો જીવ એટલે તેમણે ફિલ્મોમાં ગીતકાર તરીકે કામ કરતા હોવા છતાં પત્રકાર તરીકેની પોતાની કારકિર્દી ચાલુ રાખી. તેથી જ આજે જ્યારે તેમને હિન્દી ફિલ્મોમાં ગીતકાર તરીકે ભાગ્યે જ કોઈ કામ મળે છે. ત્યારે તેઓ પત્રકાર તરીકેની ભૂમિકા બખૂબી નિભાવી રહ્યા છે.

આજે હસન કમાલે ફિલ્મ 'નિકાહ' (૧૯૮૨) માટે લખેલા, સંગીતકાર રવિએ સ્વરબદ્ધ કરેલા અને સલમા આગા એ ગાયેલા એક ગીતની વાત કરીએ, જે ફિલ્મમાં બેકગ્રાઉન્ડમાં વાગે છે. એક સુંદર સ્ત્રી જેનાં લગ્ન એક બિઝનેસમેન સાથે થયાં છે અને એ દંપતી હનીમુન માટે મુંબઈ આવેલું છે; ત્યાં પણ પતિ પોતાનાં ધંધાકીય કામોમાં સતત વ્યસ્ત રહે છે. એ દરમ્યાન એકલી પડી ગયેલી પત્નીની મન:સ્થિતિનું વર્ણન કંઈક જુદી રીતે હસન કમાલે આ ગીતમાં કર્યું છે. ગીત જોઈએ:

**ફઝા[૧] ભી હૈ જવાં જવાં**
**હવા ભી હૈ રવાં[૨] રવાં**
**સુના રહા હૈ યે સમાઁ[૩]**
**સુની સુની સી દાસ્તાં.**

૧. આજુબાજુનું વાતાવરણ, ૨. મંદગતિ, ૩. દશ્ય

લગ્ન પછી તુર્ત જ હનીમુન પર આવેલી નાયિકા (સલમા આગા) દરિયાકિનારે એક મોટા ખડક પર એકલી બેઠી છે. (પતિ એના વ્યાવસાયિક કામોમાં વ્યસ્ત છે.) નાયિકા વિચારે છે કે આસપાસનું સમગ્ર વાતાવરણ કેવું સુંદર અને આહ્‌લાદક છે! સરસ મઝાનો ધીમી ગતિનો પવન આવી રહ્યો છે અને આ રમ્ય દશ્ય પણ અગાઉ સાંભળેલી વાતોનું જ પુનરાવર્તન કરતું હોય એવું લાગે છે. પરંતુ એમ કેમ લાગે છે કે આ બધું હોવા છતાં વાતાવરણમાં એક પ્રકારની ઉદાસીનો ભાર છે; કોઈ મહત્ત્વની વાત ખૂટે છે; કોઈ વાતનો અભાવ છે.

**પુકારતે હૈં દૂર સે**
**વો કાફિલે બહારકે,**
**બિખર ગયે હૈં રંગ સે**
**કિસી કે ઇન્તઝાર મેં,**
**લહર લહર કે હોંટ પર,**
**વફા[૪] કી હૈં કહાનિયાં,**
**સુના રહા હૈ યે સમાઁ,**
**સુની સુની સી દાસ્તાં.**

૪. પ્રેમ, વફાદારી

નાયિકા કહે છે કે દૂર દૂરથી વસંતઋતુની રમણીયતાના કાફલા સાદ દઈ રહ્યા છે; એના બધા રંગો કોઈના આગમનની પ્રતીક્ષામાં ચારે બાજુ વેરાઈ ગયા છે; સમુદ્રની લહેરોના હોઠ પર પ્રેમની, વફાદારીની વાત ગુંજી રહી છે. સકળ સૃષ્ટિએ અદ્‌ભુત પરિવેશ ધારણ કર્યો છે. પરંતુ હું આ કશાનો ભાગ ન હોંઉ એવું કેમ લાગે છે? હું સૃષ્ટિના આ રંગીન ચિત્રની ફ્રેમમાં ક્યાંય ગોઠવાઈ કેમ શકતી નથી? કંઈક એવું છે જે અધૂરું છે – ખૂટે છે અને તે જ મને ગમગીન કરી રહ્યું છે; મારા ચિત્ત તંત્રને અભાવથી ભરી રહ્યું છે.

**બુઝી મગર બુઝી નહીં,**
**ન જાને કૈસી પ્યાસ હૈ.**
**કરાર[૫] દિલ સે આજ ભી.**
**ન દૂર હૈ ન પાસ હૈ.**
**યે ખેલ ધૂપ છાંવ કા**
**યે કુરબતેં[૬], યે દુરીયાં**
**સુના રહા હૈ યે સમાઁ**
**સુની સુની સી દાસ્તાં.**

૫. મનની શાંતિ, ૬. નજદીકી, નિકટતા

આ કેવી તરસ છે જે છીપાવા છતાં નથી છીપાતી? મનની શાંતિ છે અને છતાં નથી એવું કેમ લાગે છે? મારા જીવનસાથી સાથેની મારી આટલી નિકટતા અને છતાં એટલી જ દૂરી એવો અનુભવ મને કુદરતની તડકા-છાંયડાની રમત જેવો લાગે છે. આ બધી ગૂંગળાવનારી અનુભૂતિઓના મૂળમાં મારા જીવનસાથીનું મારી સાથે ન હોવું એ જ હોઈ શકે. એમના મારી સાથે હોવા છતાં મારાથી દૂર હોવાની બાબત જ મને ગમગીન બનાવી રહી છે.

**હર એક પલ કો ઢુંઢતા,**
**હર એક પલ ચલા ગયા.**

**હર એક પલ ફિરાક[૭] કા,**
**હર એક પલ વિસાલ[૮] કા.**
**હર એક પલ ગુઝર ગયા.**
**બના કે દિલ પે એક નિશાં.**
**સુના રહા હૈ યે સમાઁ.**
**સુની સુની સી દાસ્તાં.**

૭. વિરહ, વિયોગ ૮. મિલન

હનીમુન જેવા સુખદ અનુભવના દિવસોમાં એકલી પડી ગયેલી નાયિકા કહે છે કે વહી ગયેલા સમયની દરેક ક્ષણને શોધવા નીકળેલો સમય પણ ચાલ્યો ગયો, પાછો જ ન ફર્યો! વિરહની હોય કે મિલનની, બધી જ ક્ષણો મારા હૃદય પર નિશાન બનાવીને વિદાય થઈ ગઈ. સમય તો પસાર થઈ ગયો અને મારા હૃદયમાં ખાલીપાનાં કૈં કેટલાંય નિશાન બનાવી ગયો.

**વહી ઘડી, વહી પહર,**
**વહી હવા, વહી લહર.**
**નઈ હૈં મંઝીલેં મગર,**
**વહી ડગર, વહી સફર.**
**નજર ગઈ જીધર જીધર,**
**મિલીં વહી નિશાનિયાં.**
**સુના રહા હૈ યે સમાઁ.**
**સુની સુની સી દાસ્તાં.**

ગીતનો આ બીજો ભાગ છે. લગ્નજીવનમાં આંધી સર્જાતાં નાયકે નાયિકાને 'તલાક, તલાક, તલાક' કહી લગ્નવિચ્છેદ કર્યો છે. નાયિકા સમયની સાથે જીવનમાં આગળ વધી છે; કૉલેજ સમયના એક સહપાઠી સાથે તેણે બીજાં લગ્ન કર્યાં છે. સંજોગથી જ, આ વખતે પણ આ નવદંપતી હનીમુન માટે મુંબઈ જ આવે છે અને એ જ હૉટલમાં રહે છે જ્યાં પ્રથમ લગ્નના હનીમુન સમયે નાયિકા તેના પતિ સાથે રોકાઈ હતી. ફરીથી એ જ હૉટલ, એ જ રીસેપ્શન કાઉન્ટર, એ જ લોકો, એ જ દરિયો, એ જ ખડક...

નાયિકા વિચારે છે કે થોડા મહિનાઓ પહેલાં જે દૃશ્યો હતાં એ જ દૃશ્યો અત્યારે પણ નજર સમક્ષ છે. જાણે કે એ જ ઘડી, એ જ સમય, એ જ પવન અને એ જ સમુદ્રની લહેરો. બધું એ જ છે છતાં બધું બદલાઈ ગયું છે. જીવનની દિશા બદલાઈ ગઈ છે. એવું લાગે છે કે જાણે રસ્તો એ જ છે, પ્રવાસ એ જ છે, જ્યાં જ્યાં દૃષ્ટિ પહોંચે છે ત્યાં ત્યાં એ જ દૃશ્યો, એ જ નિશાનીઓ છે, પણ હકીકતમાં જીવન હવે એક નવી જ મંઝિલ તરફ, કોઈ જુદી જ દિશામાં જઈ રહ્યું છે. એક નવો પ્રવાસ શરૂ થયો છે પણ એ કઈ દિશામાં લઈ જશે એની ખબર નથી.




ફિલ્મમાંની સીચ્યુએશન સાથે સંપૂર્ણપણે તાલ મિલાવે એવા આ ગીતમાં હસન કમાલે પોતાની સાહિત્યિક ક્ષમતાનો ઉપયોગ કરીને એક સુંદર કવિતા જેવું ગીત આપ્યું છે, જે વારંવાર સાંભળવાની ઈચ્છા થાય. જ્યારે એક શાયર/કવિ ફિલ્મ માટે ગીત લખે ત્યારે વાત કઈ રીતે બદલાઈ જાય એ આવાં ગીતોથી સમજી શકાય છે. હિન્દી ફિલ્મોની વર્તમાન પરિસ્થિતિ બદલાય અને સરસ કાવ્યાત્મક ગીતો માટે તક ઊભી થાય તો હસન કમાલ જેવા ગીતકારોને ફિલ્મોમાં કામ મળે. આવું કંઈક બને એ માટે આશાવાદી રહીએ.



સંજય ચૌહાણ

# ગરજ

આખુંય ફળિયું ગાજી ઊઠ્યું.

શેરી ચીરી નાખતી એક જીપ ચોકમાં આવી ઊભી. જીપના ચાલકે ઉપરા છાપરી હોર્ન વગાડ્યો. રોફ જમાવવાનો ઇરાદો હશે કે શું? બીમાર થવાને કારણે ટૂટ-મૂટ ખાટલીમાં આડા થયેલા મંછાનું માથું ચડેલું હતું. સારું હતું કે એ હમણાં જ ચોકમાંથી ઊભો થઈ આવ્યો હતો. ત્યાં જ તડકો ખાવા બેઠો હોત તો? તો તો કાનમાંથી કીડા ખરી પડે એવી મણ-મણની જોખતાં એને રોકનાર કોણ હતું. પણ કેમ જાણે આજે એ ચૂપ-ચાપ પડ્યો રહ્યો. મનોમન બબડ્યો તો ખરો જ—દિયોર એક ધારુ ઉધરું લીધું હોય તેમ મંડ્યો સે... બાપ ગોતરમાં આ પેંપૂડું વગાડ્યું જ નહીં હોય કે શું?

વાસમાં સાધન ક્યાંથી? સૌ બહાર દોડી આવ્યાં. કોઈ કશું પૂછે એ પહેલાં તો મંછાના નામની બૂમ પડી. બહાર આવેલાં સૌ પાછાં ઘરમાં જઈ કામે લાગી ગયાં. મંછાના શરીરમાં સળવળાટ થયો. અવાજ એને પરિચિત લાગ્યો. એનું કપાળ ખેંચાયું.—આ તો અળખોજી... હિંમત એકઠી કરીને બેઠો થયો. હાથમાં લાકડી લઈ ટેકે-ટેકે બહાર આવ્યો. આંખ જીણી કરી જોયું. લાલ લાઈટવાળી સફેદ જીપ બરફની પાટ જેમ ઊભી હતી. આજુબાજુ દોરેલું ચોરસ નિશાન અને એના લાલ રંગે જાણે એના ભૂતકાળમાં ભડકો કર્યો. મંછો તાલુકાના નવા સરકારી દવાખાને નોકરી કરતો હતો. ત્યારે તો એનો વટ જુદો હતો. એ વખતના ડૉક્ટર કેશવચંદને કોઈ મેલા-ઘેલા દર્દીને અડકવાની સુગ ચડતી હતી. ગંદો-ગોબરો દર્દી આવી ચડે તો કેશવચંદની કાયા જાણે કાળી પડી જતી. વળી એવા દર્દીના ગુમડાંને સાફ કરવાનું હોય કે કોઈ વાગ્યા પાક્યા ભાગ પર ડ્રેસીંગ કરવાનું હોય, તે વખતે મંછો માંઘી મદદનો માણીધર લાગતો. એ તો સમજ્યા કે એવું કામ તો થાય પણ કોહવાઈ ગયેલી લાશ આવી હોય કે જેની દુર્ગંધથી જ બેહોશ થઈ જવાય એમ હોય તો પોસ્ટમોર્ટમ કર્યા વગર તો છૂટકો જ ન હોય, કોહવાઈ ગયેલી લાશને ડૉક્ટર તો અડકે તો જીવ નીકળી જ જાય. ત્યારે મંછો છેટે ઊભા રહેલા ડૉક્ટરના કહેવા મુજબ પોસ્ટમોર્ટમ કરતો. એવામાં બે દિવસ પૂરતો મંછો માયાળુ લાગતો. પછી કામ પતી ગયું તો તું કોણ ને હું કોણ? ચીવટથી કામ કરનારો મંછો એક નીચી જાત બની જતો. નીચી નજરે હોઠ ફફડ્યા.

આવો અળખાજી કેમ આજે આ બાજુ?

નજર જીપની અંદર સમડીની જેમ ચકરાવો લેવા લાગી. સીટ પર અદાથી બેઠેલો અળખોજી—કેબીન પર પડેલા ત્રણસોના બે મસાલા—ખભે નાખેલો રૂમાલ—બગબગાટ સફેદ કપડાં—વટ પાડતો અળખોજી એની આંખોમાં ભરાઈ વળ્યા. કેવી રીતે ભુલાય એ દિવસો? દવાખાને હંગામી કામ કરતો મંછો કાયમી થવાના અભરખા સાથે કામ કરીને થાકી જતો. તાલુકેથી ગામ આવવા જવાનું ભાડુ રહેતું નહીં. આજ નહીં તો કાલ કાયમી ઓર્ડર મળવાનો છે, એવું વિચારી હિંમત રાખતો. એવામાં જ સરકારે સફાઈ જેવા નાના કામમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ દાખલા કરી ને મંછાની કાયમી થવાની મંછા પર માટી વળી ગઈ. હવે તો એજન્સી મૂકશે કહીને કેશવચંદે છૂટો કરી દીધો. છૂટો તો ભલે કર્યો. પણ છેલ્લા મહિનાનો પગાર આપ્યો હોત તોય એનું મન માની જાત.

કેમ લ્યાં શરીર લેવાઈ ગયું સે? અળખાજી એ અવળી નજરે પૂછ્યું.

કામ નથી ને વળી બીમારી વળગી.

કામ તો લે ચાલ હાલ અપાવું...

અમને કામ કોણ આપે? નજર નિસાસાથી ભરાઈ વળી.

મંછાનું મન હજુ એ વાત નથી સમજી શક્યું કે આ મજૂરી કામમાં જ કોન્ટ્રાક્ટ પદ્ધતિ કેમ? બીજા કામો કે નોકરીઓમાં કેમ નહીં? મજૂરી કરીને માંદા પડો એટલે ખરા ટાઈમે જ કાઢી મૂકે, આ દુઃખ કોણ સમજે? વિચારોના વંટોળમાં અટવાયેલો એ કશુંક બોલવા ગયો ને છાતીના પોલાણે પોકાર પાડ્યો. ખાંહુ... ખાંહુ... ખાતી ઉધરસ ગળામાં ગડદાપાટુ મારી ગઈ. આંખોમાંથી પાણી નીકળી ગયું. દર્દથી એ ધ્રૂજી ઊઠ્યો. અળખોજી એની હાલત સમજવાનો ડોળ કરવા લાગ્યો.

કંઈ વાંધો નહીં તારું દુઃખ ગયું સમજ. સાહેબે તને યાદ કર્યો છે. હું તને લેવા જ આવ્યો છું.

ક્યાં?

ક્યાં તે દવાખાને...

મંછો વિશ્વાસ ક્યાંથી કરે? મનમાં શંકા સળવળી, એવું તે શું કામ આવી પડ્યું કે સાહેબે જીપ મોકલી? જેવું પૂછવું હતું પણ હવે ચૂપ રહેવામાં જ શાણપણ લાગ્યું. કાઠા દિવસોમાં જે કામ મળ્યું એ ખરું. પણ એને ક્યાં ખબર હતી કે અહીં તો રસ્તા પર પડેલ ધૂળની પણ ગમે ત્યારે જરૂર પડે... ઘેડ્યાએ કાંઈ ખોટું તો નહીં જ કહ્યું હોયને! અળખાજીના ચહેરા પર તરવરતા ભોળપણને જોઈ રહ્યો.

હેંડો આવું શું... કહેતો મંછો ઘરમાં ગયો. ખીંટી પર ભરાવેલા શર્ટ પહેર્યો ને ખીસ્સા ફેંદી વળ્યો. રાતી પાઈ પણ હાથ ન લાગી. અધમણનો નિસાસો નાખતો બહાર આવ્યો. સારુ હતું કે બેય છોકરાંને એની બાયડી ભીખી સાથે લઈ ગઈ હતી એટલે ચિંતા ન થઈ. કમાડ આડા કરી સાંકળ ચડાવી. હાલ તો જીપ સે ને વળતાં તો પડશે એવા દેવાશે. કામ મળશે તો ઊછી-ઉધારાય ક્યાં નથી કરાતા. માથાનો વલોપાત આજે વધી. ગયો. ખાસડાં તો છોકરો પહેરી ગયો હતો. ઉઘાડા પડે ઉપડ્યો. જીપના પાછલા દરવાજા પાસે પહોંચતાં એણે પડોસમાં રહેતી વાલીને બૂમ પાડી. વાલી બુન તમારા બુન ને કે'જો કે મું દવાખાને કામે જઉં છું.

સામેથી હાનો સાદ સાંભળી જીપમાં બેસી ગયો. ચોકમાં ચક્કર લગાવી જીપ વાસમાંથી બહાર આવી. માથું લબકારા લેતું હતું. સવારનો ખાવા માટે વલખાં મારતો મંછો એની બૈરી ક્યારે આવે એની જ રાહ જોતો હતો. પાસેના ગામમાં કોઈના લગ્ન હતા. એટલે તો છોકરાંને પણ સાથે જ લઈ ગઈ હતી. બધાં ત્યાં થોડું પેટમાં નાખતાં આવે ને લેતાં આવે એટલે બે દિવસ ટૂંકા થાય. દિવસો ટૂંકા કરવામાં એનું આયખું ટૂંકું થતું હતું. અળખાજીએ ચાલુ જીપે બીડી સળગાવી. એના ધૂમાડા પાછળના કેબીનનો ભરડો લીધો. ને મંછાની છાતીના છત્તરમાં છકડો રીક્ષાનું સાઈલેન્સર શરૂ થયુ. ખાંસી ખાતાં ખાતાં બેવડ વળી ગયો. માથાનો દુખાવો ડબલ વેગ પકડવા લાગ્યો. જીપ આખી જાણે ચક્કર-ભમ્મર ભમતી ભાળી.

રામપુરના પાટિયાથી જીપ તાલુકાના રસ્તે ચડી. ખોબા જેવું રામપુર એની આંખોમાં ઓળાટવા લાગ્યું. રામપુરમાં રોગચાળો ફાટી નીકળ્યો ને જિલ્લેથી તપાસ આવેલી. મોટા સાહેબોને જવાબ આપવામાં કેશવચંદની કાયાને કાણા પડેલા. એ તો મંછો હોય ને ગામ બેઠું થાય. રાત ને દિવસ મંછો આખું ય ગામ વાળી નાખતો. ને ઉપરથી ઘેર ઘેર જઈ દવા આપવાનું ને છાંટવાનું તો કામ ખરું જ! એને એમ કે પોતાનો રિપોર્ટ સારો બોલે તો સાહેબ એને કાયમી રાખે. ગામ આખું સાજુ થઈ ગયેલું પણ મંછો માંદો પડી ગયેલો, ત્રીજો દિવસે રાતના આઠ વાગે જિલ્લાના સાહેબ રવાના થયા કે તરત તાલુકાની ટીમ પણ રવાના થયેલી. ગામ જવાની બસ તો સાત વાગે જ છૂટી ગઈ. મંછા પાસે તાલુકાના દવાખાને જવા સિવાય કોઈ રસ્તો નહતો. અળખાજીએ એને જીપમાં બેસવાનીના પાડી હતી. ત્યારે જીપમાં બેઠેલા કેશવચંદ અને બીજા ત્રણ-ચારમાંથી કોઈને એની દયા આવી

ન હતી. પરિચિત એક રીક્ષાવાળો એનો ભાંગ્યાનો ભેરું થયેલો. હોસ્પિટલની લાંબીમાં પથ્થરની બેઠક પર એ ઠુંઠવાતો પડી રહેલો. કોઈએ એને પૂછ્યું નહતું કે નાસ્તો કર્યો કે નહીં? ત્યારે ભણેલા ગણેલા લોકો પરથી મંછાનું મન વળી ગયેલું. 'હાહરાં મોટાના મન નાના' કહેતાં કપાળ પર હાથ ગયો. હાથ જાણે અંગારાને અડ્યો હોય એવું થયું. ઘણા સમય પછી આ રસ્તે જતો હતો. પણ કેમ જાણે રસ્તો લંબાતો લાગ્યો. નજર અંદર બહાર થતી રહી.

જીપ તાલુકા મથકમાં પ્રવેશી.

મન મઘમઘી ઊઠ્યું. શહેરનો ચળકાટ જોઈ એ ખુશ થઈ જતો. પણ આજે એનું માથું દુખતું હતું. આડા પડવાનું મન થતું હતું. પણ કેશવચંદે એને યાદ કર્યો હતો. મંછાનું મગજ મંથન કરવા લાગ્યું. કેશવચંદ સાલો સ્વભાવથી સ્વાર્થી સે. અળખાજી એ પણ વાતનો વર્તારો ન વાળ્યો કે કામ શું હતું? મંછાએ માથું હલાવ્યું-હમણાં ખબર પડશે. જીપ સરકારી દવાખાના તરફ વળી હતી. રોજનો રસ્તો આજે ઝડપથી પસાર થતો લાગ્યો. આમ તો ચાલતો જતો પણ આજે એ જીપમાં હતો. દૂરથી દવાખાનું દેખાયું. પણ આ શું? મંછાની આંખો મોટી થઈ. આગળના કાચમાં નમી નમી ને એ જોવા લાગ્યો. દવાખાનાના મકાન આગળ ટોળે-ટોળાં ટળવળતાં દેખાયાં. જીપ દરવાજો પસાર કરી ઊભી. અકળામણ થઈ. આ શું હશે?

મંછા ઉતર... અળખોજી ધબ કરતું બારણું પછાડી ચાલતો થયો. મંછો એની જેમ ઝડપથી ઉતરવા જતા પડતાં-પડતાં રહી ગયો. દવાખાનું આખું ચક્કર ચક્કર ચકરાવે ચડતું લાગ્યું. ઊભેલાં ટોળા વાતે વળગેલા હતા. ક્યાં છેટે બેસેલાં બૈરા મોઢામાં મોઢા ઘાલી ગૂસ-પૂસ કરતાં હતાં. બધા સામે જોઈ મંછો વાતને પામી ગયો. આટલાં ટોળા તો કોઈની લાશ આવી હોત તોજ હોય! કેશવચંદ લુચ્ચું પ્રાણી સે. સાલો નફફટ નાટક કરી બેઠો. આળખાજી ને ભણાવીને જ મોકલ્યો હશે કે કારણ ન કહેવું. મંછાના માથું મણનું થઈ ગયું. થોડી હિંમત એકઠી કરી. ઑફિસ તરફ આગળ વધતાં પોસ્ટમોર્ટમવાળા રૂમ આગળ બેઠેલાં ટોળા કોહવાયેલી લાશના પરપોટા જેવા લાગ્યાં. રામપુરથી પાછા ફર્યાની રાત યાદ આવી. પણ એ રાત તો મંછારામ તમે ભૂખ્યા હતા. મંછો ગાંડાની જેમ ખળ... ખળ... હસી પડ્યો. ત્યારે અત્યારેય ક્યાં તમે ધરાયેલા સો? એ રાત તો મંછાના રોમેરોમમાં રમતી હતી. ઘણા સમયે એની નજર રમતી થઈ. મેલી-ઘેલી દીવાલો દેખાઈ. એ કેવી સફાઈ રાખતો હતો ને હવે? ગંદી ફિનાઈલ ભળેલી વાસ નાકમાં આવી બેઠી. કેશવચંદના દરવાજા આગળ એ અટકી ગયો. કશીક ગડમથલ ચાલતી હોય તેવું સંભળાયું. મંછાએ હોઠ દબાવ્યા. દરવાજો ખોલી ઊભો. બધાના મોઢામાં મમરા મુકાઈ ગયા. કેશવચંદની આજુબાજુ ઊભેલી ટોળી ટેન્શનમાં હોય એવું લાગ્યું.

બોલો સાહેબ... મંછાએ એક પછી એક બધાની સામે જોયું. કેશવચંદનો ચહેરો કાળોતરો ડસી ગયો હોય તેવો થયો હતો. મંછા સામે જોઈએ એણે બે હાથ ઘસ્યા. પછી અદબવાળી મંછા કોહવાયેલી લાશ આવી છે પોસ્ટમોર્ટમ કરી આપે તો સારું...

સાંભળી મંછો મટકું ન મારી શક્યો. એ પોતે જ જાણે બરફ પર મૂકેલી લાશ જેવો થઈ ગયો. આંખે અંધારા વળ્યાં. ઊભેલાં બધાં જાણે કાળાં કપડા પહેર્યા હોય તેવા લાગ્યાં. એ પૂછી બેઠો. તમારા કોન્ટ્રાક્ટવાળા કામદારો કયાં ગયા?

એ બે દિવસ માટે બહાર ગયા છે.

મંછાની આંખોએ રૂમમાં ચક્કર લગાવ્યું. કોન્ટ્રાક્ટના કામદારોએ તો ના પાડી હશે એટલે પથરા નીચે આંગળી આવી સે. મનમાં મલકાતો મંછો મૂછમાં હસ્યો. ઊભેલી નર્સો નાટકની નટરાણીઓ જેમ તૈયાર થયેલી લાગી. એનાથી

ક્યાં કશું ભુલાયું હતું. ગામડાના ભોળપણને કારણે ગોબરા રહેતા લોકોનાં ડ્રેસીંગ મંછો જ કરતો હતો. અને મોટો પગાર લેતી એ મોબાઈલોમાં મોઢા નાખી બેસી રહી હોય. કેમ એમનાં મોઢાં મરી ગયાં સે? લાશનું પોસ્ટમોર્ટમ કરવાનું પૂરું દબાણ હશે.

એણે મોં ખોલ્યું, લાશ કેટલા દિવસની સે.

ચાર દિવસની છે.

સાંભળીને મન મેલું થયું. કીડા પડી ગયા હશે. ભયંકર દુર્ગંધ મારતી હશે. આ બધાથી શું વળે? લાશ પાસે તો શું એ રૂમ પાસે પણ જઈ ન શકે. જાય તો ઓ... ઓ... કરતા આંતરડા નીકળી જાય એમ ચોકળી મારે. આખા રૂમમાં ભારે થયેલા વાતાવરણનો ભાર એના માથા પર આવી બેઠો. લબકારા થયા. ફફડતા હાથ આગળની ખુરશી પર ટેકવ્યા.

સાહેબ મારો પગાર બાકી સે યાદ સે?

એ તો આપું છું આજે લઈ જાને પણ આટલું કામ કર...

મતલબથી મેઠું બોલતા માણસોથી એનું માથું ફરી ગયું. ને નજર બારીના કાચની આરપાર નીકળી ગઈ. ટોળા રાતમાં બોલતાં તમરાં લાગ્યાં. નજરને પાછી ખેંચી લીધી. પગાર માટે આ જ કેશવચંદે એને કેટલા ધક્કા ખવડાવેલા, ને આજે ગરજ પડી તો ગધેડાને બાપ કહેવા નીકળ્યો સે ફટ... ફાળ્યા લાશોનાં ફોદા... મારેલ માણસોની લાશો કરતાં આ જીવતી લાશો એને વધારે ગંદી લાગી. હવે વધારે ત્યાં ઊભા રહેવું એના શરીરથી સહન થાય એમ ન હતું. સાહેબ તમે ત્યાં જાઓ હું બીડી પીને આવું. મંછો માથું ઝાટકી બહાર નીકળી ગયો. બહારની પથ્થરની બેઠક લોહીથી ખરડાયેલી લાગી. ઉતાવળે ચાલવું હતું. પણ પગનું જાણે પોસ્ટમોર્ટમ થયું હોય તેવા લાગ્યા. આજુબાજુ ઊભેલા લોક જાણે કીડા હોય તેમ ખદખદતા લાગ્યા. હાથની આંગળીઓ ખેંચાઈ. કેશવચંદ મારો પગાર આપવામાં તો કકળાટ કરતો હતો ને આજે કામ કઢાવી લેવા કાલા ઘેલાં કરી બેઠો? મંછાના ઊઘાડા પગમાં જાણે પવનપાવડી પેઠી. દરવાજો વટાવી બહાર આવ્યો. રોજ ચા પાણી કરવા જતો પહેલેથી જ કાણો લાગ્યો. લારી પાસે પહોંચતા ભૂતકાળ એની આજુબાજુ ભમવા લાગ્યો. તલપથી તડપી માર્યો હશે પણ એણે ઉધાર માંગ્યું. જોકે એ ઉધાર માગવા ક્યાં આવ્યો હતો? લારીના પાછળ ગામના રસ્તે જતી ગલી એને યાદ હતી. લાશની દુર્ગંધ એની પાછળ પડેલી લાગી. નીકળેલા કીડાઓને પાંખો ફૂટી હોય તેમ ઊડી આવતા દેખાયા. આ કીડા સાલા પીછો નહીં છોડે... બબડતો બેય હાથની મુઠ્ઠીઓ વાળી ગલીમાં ગરક થઈ ગયો.







નરેશ શુક્લ

# આખરી શરત

હું શહેરમાં રહી અભ્યાસ કરું. આ વર્ષેય દિવાળી કરવા માટે હું મારે ગામડે ગયો. આમ તો મારા ગામમાં ધોળા દાડે'ય કાગડાં ઊડતાં હોય. શેરીમાં વંટોળિયા હડિયાપાટું કરે. બાકી કાંઈ ન મળે. લોકો ખેતર-વાડીમાં પેટિયું કૂટતા હોય, ગામની બજેરમાં બે-ચાર ડોસા-ડગરાં ટકા ખંજવાળતા નાકનાં ફોંયણા સાફ કરતાં હોય. ડોશીયું છોકરાંવ વાંહે કીકયારા કરતી ઘરે માચીએ બેઠી હોય. બજરના સડાકા મારતી. માસ્તરો વચ્ચે-વચ્ચે જાગીને ટેબલ પર ધોકો પછાડી લે-છોકરાં મોંપાટ લેતા હોય ચડ્ડી ખંજવાળતા.

સાંજ પડે ને ગામ ભરાવા માંડે. ઘરે-ઘર કલબલાટ ઉભરાવા લાગે. ચરીને પાછી વળતી ગાય-ભેંસોનાં ભાંભરડા, લોટ દળવાની ચક્કીનો પૂક-પૂક અવાજ, એમાં અચાનક શરૂ થતી રામજી મંદિરની આરતીની ધણધણાટીને કોઈના રેડિયો પરથી દદડતું ગીત કે ભજન... હવામાં બાજરીના રોટલા ને તીખાં તમતમતાં શાકની ખુશ્બો પ્રસરી જાય. ગામ આખુંય સ્વપ્ન જેવું ધૂંધળું બની ધબકી ઊઠે. હું વાળું કરીને ભાગું, મારા કાયમી થાનકે. ગામ બહાર પાદરથી થોડે દૂર અલખના ઓટલા જેવા પાળીયાને ઓટલે.

મારા લંગોટિયા ભેરુઓ હરખે ભેટે. સુખ-દુઃખની વાતો થાય. એમાં આધેડથી માંડી એક-બે ભાભા ય આવતા હોય. જેવો રંગ એવી વાતો જામી પડે. કોઈ ભજન લલકારે, ક્યારેક પોતીયા ઢીલા લોકોની વાતુંય નીકળે. અલક-મલકની ચટકીલી વાતો વચ્ચે રાત જામતી જાય. વચ્ચે બીડીની થોકડી પડી હોય, કો'ક તમાકુ મસળતો હોય. એક રાતે આવો જ દાયરો જામેલો. વાતોના તડાકા ચાલતાં હતા. રા'ખેંગાર રાણકને કેમ ઉપાડી ગયેલો ત્યાંથી માંડીને આજકાલ અમેરિકા યુદ્ધે ચડવાનું છે-ની મોં-માથાં વિનાની વાતો ચાલે. દિવાળી એકદમ નજીક. ત્યાં આ નવા દા'ડા કહેવાય. રાત વરતનું સાચવવું પડે. નહીંતર જોડ-જપટ આભડી જાય. એવી માન્યતા. એવામાં કંઈક મમરો મૂકાયો ને ભૂત-પ્રેતની વાત નીકળી. દુનિયા આખીમાં ભૂતની વાત નીકળે ત્યાં માણસને એક કોર રસ ટપકવા માંડે ને બીજી કોર લબકારાંય લેવા માંડે...! ગાડી એ રવાડે ચડી ગઈ, ને...

બેઠા'તા એ બધાંમાંથી મોટા ભાગના, મંડાણા અનુભવો કહેવા.. વળગાડની વાતો, વળગાડ કાઢવાની વાતો ને પછી તો ભૂવા ને ડાકલાં... આખી વણઝાર હાલી પડી. વાતો સાંભળવામાં સૌ લીન થઈ ગયેલા પણ મને ખૂંચ્યું, થોડું વધુ ભણી ગયેલો ને...? એટલે મેં કહ્યું: 'આ ભૂત-બૂતની વાત જ ખોટી. આજના જમાનામાં એ વાત ટકે એમ જ નથી...'

હું વધુ બોલું એ પહેલાં તો ચાર-પાંચ એક સામટા તૂટી પડ્યા. દલીલોનો મારો ચલાવી દીધો. 'તમે ભણેલાઓ આવી વાતો કરો છો પણ ભેં પડે ને ત્યારે ઊભાય ના રહો...'

હું ડોકું ધૂણાવતો રહ્યો. 'આ બધું ગામડામાં જ કેમ? શા માટે શહેરમાં ભૂત નથી થતા? શા માટે વળગતાં નથી?' ધીમે ધીમે વાત વટે ભરાવા લાગી. સામેથી એક ભાભાએ આહ્‌વાહન કર્યું: તો લગાવ શરત ને કર પારખાં...!

ઘડીક બધાં અટકી ગયાં. પળ બે પળ હુંયે સહેમી ગયો, પછી અસલ ટણીએ ચઢી બોલ્યો, 'લાગી ત્યારે.' પેલા ભાભા ઉભડક પગે થઈ ગયા. બીડીને જોરથી મસળી નાખતાં કહ્યું, 'મરદ હોય તો પાસો નો પડતો...'

'કાળી ચૌદશે રાતે બાર વાઈગે મામાને ખીજડે નારિયેલ બાંધી આવવાનું. તમતમારે હાઈ રે એક નઈ બેને લઈ જાજે, જા...'

એ ખરાખરીના રંગમાં આવી ગયેલા. બધાં 'હાં... હાં... હાં... લવજીબાપા. આમ નો હોય કંઈ' કહીને મામલો ટાઢો

પાડવા મથ્યાં. પણ મેં માકડ ને ઈસલાનાં મોં સામે જોઈને શરત ઝીલી લીધી. મારા વતી ઈસલો જ બોલી ઊઠ્યો... 'ઈ પસીની વાત સે, પણ શરત પાકી, અમે બાંધી આવશું જાવ...' વળી રહી રહીને હવે નો જાય ઈ બે બાપનો...બસ?'

ત્યાં પાંચ-છ બેઠેલા એ સિવાય વાત બહાર જવી ન જોઈએ—એવું નક્કી કરી છૂટાં પડ્યાં ત્યારે ચિત્તમાં નવો ઓથાર સવાર થઈ ગયેલો. ખાટલામાં પડખાં ઘસતો રહ્યો.

કાળી ચૌદશને હજી ત્રણ-ચાર દિવસની વાર હતી. જેટલા અમારી શરત જાણતાં હતાં. એ સૌ ગાભણી કૂતરી જેમ રઘવાયા થઈને આંટા મારતાં હતાં. કોઈને કહેવાય નહીં ને સહેવાય પણ નહીં. કેટલાકે તો આ આખીએ શરત પડતી મૂકવા બેય બાજુ સમજાવી જોયા પણ કેટલાકને આ તાલ જોવાની ચટપટીય હતી. આમ તો મારી માન્યતામાં હું દઢ હતો પણ 'સાલુ વિજ્ઞાને ભૂત-પ્રેતને સ્વીકાર્યા નથી તો ખોંખારીને નકાર્ય પણ નથી.'—એ વિચાર સહેજ પરસેવો વાળી દેતો'તો. સૂતાં-બેસતાં શરત જ મનમાં હાલ્યા કરી. ઘરમાં ગમે નહીં બહાર પણ ટકું નહીં. મારા મૌનથી બા-બાપુ પણ ચિંતામાં પડી ગયેલાં. એમને કંઈ સમજાય નહીં.

હું, માકડ અને ઈસલો ત્રણેય સાથે જવાના હતાં. ત્રણેય બાળપણથી જ સાથે. અમે ત્રણેય મળ્યાં ખરા પણ વાતોય બંધ થઈ ગઈ. જોકે, એ બંને તો સીમના જીવ. રાત-દા'ડો ખેતર-વાડીએ રખડનારાં પણ આ તો ભૂતના પારખાં! પણ છૂટા પડીએ ત્યારે વળી દઢ થઈ જઈએ. દિવસો ધીમે-ધીમે કંટાળો-ચીડ ને અજ્ઞાત ઓથાર હેઠળ કાપતાં રહ્યાં. ને કાળી ચૌદશ આવી પહોંચી. સવારથી સાંજ પાડતા મારો દમ નીકળી ગયો. વચ્ચે જાત ઉપર દાઝ ચડે... 'ભડવા તને કોને દોઢડાહ્યા થવાનું કહ્યું હતું, વાતો સાંભળી લીધી હોત તો...!' સાંજ પડીને ખેતરથી પાછો આવેલ ઈસલો ઘરે આવ્યો. નજીક જ રહે. એ ડબલું લઈને નીકળ્યો, મારી ખડકી પાસે આવીને બૂમ પાડી... 'હાલ, નવીન આબ્બુ સે?' હું ચુપચાપ ડબલું ભરીને નીકળી પડ્યો એની સાથે. ગામ પૂરું થયું. વોંકળો શરૂ થયો. એક બાવળ વચ્ચે રહે એ રીત અમે થોડે દૂર ડબલાં મૂકીને બેઠા. એકેય કશું બોલ્યા નહીં. હું સાંઠીકડાંથી જમીન ઉપર આડાઅવળા લીટા પાડતો રહ્યો ત્યારે બાવળના છાંયામાં વલવલતાં હોલાનો ગંભીર અવાજ ગોરંભાતો હતો. અંતે ન રહેવાયું એટલે હું જ બોલ્યો: 'ઈસા, કંઈ વાંધો તો નહીં આવે ને?' 'હાચું ક'ઉં, મારીએ ફાટે સે. તેં ભરવી દીધા...'

ઈસો બોલ્યો ને પાછો મૂંગો થઈ ગયો પણ બે પળના મૌન પછી:

'ના ના, ઈસા કંઈ નો થાય, તમે બે તો કેવા રાત-દા'ડો ભટકતા હોવ છો?'

'હંમ'... એ કંઈ ન બોલ્યો. દૂર ગામમાં ઝાલર વાગવી શરૂ થઈ. તેનો ધીમો અવાજ સંભળાયો. અંધારું વધી રહ્યું હતું. દૂર સીમમાંથી પાછા ફરતાં કોઈ ખેડૂના ડચકારાં-પડકારા સંભળાતા રહ્યાં. અમે ઝટપટ પાછા આવી ગયા. ઘેર વાળુ પતાવીને પગમાં બૂટ અને ડિલે સ્વેટર પહેર્યું. ખાસ ઠંડી નહોતી તો ય. હાથમાં બેટરી લેવાનું વિચાર્યું પણ પછી વિચાર માંડી વાળ્યો. 'એ તો માકડ લઈને આવશે...' નીકળવા ગયો ત્યાં બા કહે: 'આજે બહુ મોડું ન કરતો, કાળી ચૌદશ છે... વે'લો આવી જાજે...'

'હા... પણ સૂઈ જજો, હરિયાને ત્યાં કદાચ ભજનમાં જઉં.' કહીને મનોમન બંનેને પગે લાગી લીધું અને હાલી નીકળ્યો.

શેરીના નાકે અંધારામાં માકડ ઊભો હતો, તૈયાર થઈને. માકડનો વિકરાળ કસાયેલો દેહ, આંખો ઝીણી ને ઝરખ જેવી ચકળવકળ. એનું મૂળ નામ ઠાકરશી પણ આંખો ઝીણી અને નાનપણથી જ ખ્યાત થઈ ગયો 'માકડ' નામે. બાકી મજબૂત ગેંડા સરખો.

દિવસ-રાત ઈ પોતે જ ભૂત જેમ ભટકતો હોય, બોલવાનું

ઓછું, તો બીજી બાજુ ઈસલો સિંગલ બોડીનો પણ મગજ તીખા મરચા જેવું. ગામમાં એના નામની રાડ પડે. આમ જુઓ તો અમારા ત્રણેયની ભાઈત નોંખી પણ સાવ ચડ્ડી પહેરતાં નો'તા ત્યારના ભેગા રમેલા, સાથે મંદિરે સવાર-સાંજ શંખ ફૂંકતા, નગારું વગાડેલું. નવરાત્રિમાં 'ઘોઘાઘોઘા ઘોઘ સલામ, નાથી બાના વીસ સલામ...' ગાતાં ઘરેઘરે ફરેલાં, વિયાંયેલી કૂતરીનાં રાભડાં ગલુડિયાં પર હક જમાવવા બાઝેલા ને પછી સાથે મળી 'કાળી ધોળી કૂતરી વિયાણી, ધાન ધોકો આલો... 'ની ફેરીઓ મારેલી. તળાવમાં નાગા થઈ ધૂમકાં મારેલા, ને પછી ઘરે એક સાથે માર ખાતા...છાનામાના બીડીઓ તાણેલી... એવા ભાઈબંધ મન મળી ગયેલા.

બેય તૈયાર થઈને આવેલા. બેય પાસે મજબૂત કડિયાળી ડાંગ, ઈસા પાસે તો રામપુરી ચાકુ હોય જ. માકડે ઊનનો કામળો ખભે નાખેલો. પગમાં દોઢ-શેરના જોડા. ખિસ્સામાં બીડીની થોકડી ને બાકસ. વખત કામ આવે. માકડ પહેલી વાર બોલ્યો: 'બામણભઈ તૈયાર?'

'હોવ્વ... ઠાકરશી' આજે એનું અસલી નામ બોલી ગયો. 'હાલો તાણે...' કહીને બીડી હેઠી નાંખતા પગ ઉપાડ્યા. ગામ પાદરના પાળિયે પહોંચ્યાં ત્યાં અમારો વિરોધ પક્ષ અને નવા બે-ત્રણ જણ ઊભેલા. આખોય જમેલો ઉપડ્યો ગામ બહાર આવેલ હનુમાનજીની દેરીએ. અહીં સુધી બધાએ સાથે આવવાનું હતું. ત્યાર પછી નદીના પટમાં એક-દોઢ કિલોમીટર સ્મશાન શરૂ થાય. એ વિશાળ વેરાન સ્મશાનની વચ્ચોવચ્ચ એક ખીજડો. એ ભૂતોનું ઘર. ત્યાં મામો થાય એટલે મામાનો ખીજડો. અમારે ફેલ વટાવી ત્યાં પહોંચવાનું હતું. એ ખીજડે શ્રીફળ અને ચૂંદડી બાંધી આવવાની એ શરત અમારી. વળતી સવારે એ લોકો ખાતરી કરી આવે એટલે હાર-જીતનો ફેસલો થાય.

દેરી આવી ગઈ. નાનકડું બાયણું ઉઘાડો એટલે વિકરાળ આંખો કાઢેલ હનુમાનજીની મોટી મૂર્તિ દેખાય. જોઈને જ હાથ જોડી દો. દર્શન કર્યા. અગરબત્તી કરી. ખાસ કોઈ બોલતું નહોતું. એમણે છેલ્લીવારની ચેતવણીઓ આપી. દાણો દબાવી જોયો પણ અમે મક્કમ હતા. એક ભાભાએ અમારા કપાળે હનુમાનજીની મળીનો ચાંલ્લો કર્યો ને ભારે હૈયે વિદાય લીધી... અમારી શરત હવે શરૂ થઈ ચૂકી.

અમે ચાલવાનું શરૂ કર્યું. અમે બોલવાનું ય શરૂ કર્યું, પણ કોઈ વાત લાંબી ચાલે નહીં. મૌન સહેવાય નહીં. 'શું થશે?'ની ઉત્તેજના વિચિત્ર હતી. રાત્રિના સાડા અગિયાર થઈ ગયેલા. અડધો કલાક ઉપરનું ચાલવાનું હતું. ઘોર અંધારી રાત જામી ગયેલી. હાથ પણ ન દેખાય એવી. ધીમેધીમે આંખો ટેવાવાં લાગી. વેરાન વગડામાં બધું ય કાળા અંધારામાં વિલીન થઈ ગયેલું. ક્ષિતિજો પાસે આવી ગયેલી. ઉપર આકાશ ચમકતાં થીગડાંઓથી તોળાઈ હેલું. પાછળ નજર કરી તો ક્યાંક બળતા ફાનસો અને દીવાઓમાં ગામ કોઈ રાક્ષસ જેમ જંપી ગયેલું. ભસતા કૂતરાઓના ભેંકાર અવાજોને તાણી લાવતી લ્હેરખી આવે ને શરીરમાં લખલખું વ્યાપી જાય. ઊંચા ઝાડવા નામ માત્રના. ધરતી પર જીપટાં, બોરડી ને કેરડાનાં ઝૂંડ ઊગી નીકળેલાં એમાં ભરાઈને એકધારા મચી પડેલા તમરાંઓનો કર્કશ અવાજ, માથાં પર છાનગપતીયાં કરી જતાં ચામાચિડિયાની ઉડાન અને વચ્ચે હલબલાવી નાખતી ચીબરીની કીકીયારી શરીરમાં સીશા જેમ પ્રસરી જતી. ત્રણેય એકબીજાની પાસે ખેંચાઈ જતા. પ્રયત્ન કરીને વાતો કરવા મથીએ. નદીની રેત શરૂ થઈ ગયેલી એટલે ચાલવાની ઝડપ ઘટી. ત્રણેયે બીડીયો સળગાવી. મને ઉધરસ ચડી ગઈ. પાણી યાદ આવ્યું. હતું નહીં. ગળામાં સોસ વધતો ચાલ્યો. હવે સ્મશાન ભૂમિમાં આવી પહોંચેલા. આખુય સ્મશાન એની સદીઓ જૂની એકલતા લઈને આવકારવા તૈયાર હતું. દૂરથી શિયાળ્યાની લારી સંભળાઈ. અચાનક જ દૂર સ્મશાનમાં તણખાંઓ ઊંચે ચડતાં દેખાયા,

આછો પ્રકાશ ફેલાયેલો. ત્યાં મારો જીવ આંખોમાં ભરાઈ ગયેલો. ઈસલો ને હું નજીક દબાયા, માકડે એક ડગલું આગળ માંડ્યું ને જાટકાથી પાછો ફર્યો. અમે હબક ખાઈ ઊભા રહી ગયા. માકડે એનું મોં નજીક લાવી સાવ દબાતા સાદે કહ્યું: 'માર્યા ઠાર...એલા આ તો ભૂલી જ ગયેલા...'

ઘડીક ત્રણેય મૂંગા થઈ ગયા. મગજ બે'ર મારી ગયું. કંઈ સમજ ન પડી. વાત જાણે એમ બનેલી કે અમારા ગામમાં મેરીયો રાવળ રહે. મોટા તાવડા જેવું પેટ, પેટ ઉપર ઉપસી આવેલું, કાળો ભમ્મર, ઉપર કાળી કોટી પહેરી હોય, કમર નીચે ટૂંકી પોતડી, લબડતી મૂંછના થોભિયા ને વાળ ખુલ્લાં કરે એટલે પેટથી વાસા સુધી પથરાયેલા હોય. ગળામાં રાતા-પીળા ને કાળા રંગના ચિત્ર-વિચિત્ર બેરખાંની બે-ત્રણ માળાઓ. આંખો ઘુવડ જેવી મોટી તગતગતી લાલઘૂમ. દાંત મોટા ને બહાર ધસી આવેલા પીળા પચરાક, આખો દિ કશુંક અગડમ બગડમ બબડતો હોય, દારૂથી છલોછલ ભરેલો, એક પગમાં ચાંદીનો મોટો તોડો પહેર્યો હોય. સાંજ પડ્યે રોજ એના મઢે ડાકલાં વગાડતો હોય. દાણાં નાંખે. જોડ-જપટ વળગાડે ને એનું મારણ કરે, એ ધારે એનું ધનોત-પનોત કાઢી નાંખે- એટલે ગામમાં એનાથી સૌ છેટા ભાગે. જોકે, એ ગામમાં ભાગ્યે જ આવતો ક્યારેક બીડી-તમાકુ લેવા. ચલમ ફૂંકતો હોય કાયમ. મોજમાં હોય ત્યારે માતાની રેગડીઓ લલકારે ને ધોળી સળગાવે! એ દર કાળી ચૌદશે સ્મશાનમાં સાધના કરે- એવી ગામમાં વાતો ચાલે. આજે નજરે દેખી. અમે આ વાત ભૂલી જ ગયેલા. કોઈને યાદ નહીં આવેલું. હવે શું કરવું? અમે મૂંઝાણા. હવે ખીજડે જવામાં જોખમ. એ વિફરે. પાછા વળીએ તો શરત હારી જીએ. બરાબર ફસાયા. કરવું શું?

છેવટે, અમે થોડી રાહ જોવાનું નક્કી કર્યું. આમેય મને મેરીયાની સાધનામાં રસ પડવા લાગેલો એટલે ત્રણે જણા એક કેરડાનાં ઢૂંગા પાછળ રેતીમાં લાંબા થઈ સંતાઈ ગયા. પડ્યા પડ્યા આંખો ખેંચી જોવા લાગ્યા.

અમે હતા ત્યાંથી ખેતરવા દૂર ખીજડાની નીચે એક વેદી બનાવેલી. વેદીમાં અગ્નિ ભડભડ બળતો હતો. એ વિરાસન કરીને બેઠેલો, ગળામાં હાડકાની માળા, વાળ ખુલ્લા મૂકી દીધેલા, વેદી અને મેરિયાની ફરતે મોટા કુંડાળે માટલાંઓ ગોઠવીને તેના પર દીવડાઓ ગોઠવેલા. બાજુમાં વિકરાળ ખડ્ગ પ્રકાશમાં ચમકતું હતું. એની સામેની બાજુએ ત્યાં જ કાયમ પડી રહેતા મોટા પથરા સાથે દોરડાથી મોટો અલમસ્ત બકરો બાંધેલો. એ સ્વાહા કરે ને અગ્નિ બમણો જોશથી પ્રજ્જ્વલિત થઈ ઊઠતો. થોડી વારે માટીનું પાત્ર ઉપાડી ઊંચા મોઢે કશું પીતો અને ચારેય દિશામાં છંટકાવ કરતો. અમે આખુંય દ્રશ્ય જોઇને સ્તબ્ધ બની ગયેલા. એક બીજાના હાથ પકડાઈ ગયેલા આપોઆપ. અમારી ઉપરથી પસાર થઈ ગયેલ ઘુવડનો ઝાંખો ફફડાટ અમારા શરીરમાં વ્યાપી ગયો. ભયથી છળીને મેં એકવાર તો પાછળ મોં કરીને ખાત્રી કરી લીધી. એક હબક ખાઈ ગયો. પાછળ વિકરાળ-બિહામણી કાળી આકૃતિ ઊભી હતી. મારા મોંમાંથી કશા શબ્દો ન નીકળ્યા. મોં હલાવીને બાજુમાં જાણ કરવાનાંય હોશ ન રહ્યાં. મારી આંગળીઓ ધીમે રહીને સળવળીને માકડનાં હાથે સ્પર્શી, એ ઝબકીને પાછળ ફરી ગયો...! પળ બે પળ પછી ફક્ કરીને સ્હેજ છાનું હસતાં કાનમાં બોલ્યો 'ઈ તો બોયડીનું ઝાડ સે...' મારા સાતેય કોઠે દીવા થઈ ગયા ઘડીમાં. મેં થોડા સ્વસ્થ થઈ મેરીયા તરફ નજર કરી.

મેરીયો એની જગ્યા પર હવે ઊભો થઈ ગયેલો. વાળ કમર સુધી પહોંચતા હતા. ગળામાં હાડકાની માળા વધુ ડરામણો બનાવતી હતી. એણે બાજુમાં પેલી માનવ ખોપડી અને હાડકું ઉપાડ્યું. ખોપડી પર એણે પછાડતો વેદી ફરતે પ્રદક્ષિણા કરતાં આહ્‌વાહન કરવા લાગ્યો. ધીમેધીમે એક પછી એક માટલું ઉપાડી એમાં ભરેલ દારૂને બધી બાજુ છાંટવા

માંડ્યો. પછી અટક્યો, જોરથી કશુંક બોલ્યો ને વાંકા વળી જમીનમાં ખોસેલ ખડ્ગ ઉપાડ્યું. હવામાં બે-ત્રણ વાર ઊંચું કર્યું ને નાક પાસે લઈ જઈ કશુંક બોલ્યો. ચારે દિશામાં ફર્યો. અમારી જેમ પેલો બકરોય ફફડી રહેલો. મેરીયો એની તરફ આગળ વધ્યો. હાથ લસરકો કરીને લોહી વડે બકરાને ચાંલ્લો કર્યો ત્યારે બકરો જીવ પર આવી કૂદવા લાગ્યો. વેદીમાં અગ્નિ બરાબરનો તેજ થઈ ગયેલો. અમારા ત્રણેયના ધબકારાંય સંભળાવા લાગેલા. એ સમયે શિયાળ-કૂતરાંના અવાજોય થંભી ગયા. તમરાંઓ પણ સ્તબ્ધ બની ગયા હોય એવી શાંતિ છવાઈ ગયેલી. આખીયે સ્મશાનભૂમિ ઊડતાં તણખાંઓ વચ્ચે આંખો ફાડી ફાડીને આ વિધિને જોવા એક નજર થઈ ગયેલી. મેરીયાએ હુંકાર ભરીને ઉછળતા બોકડાના મોટા શીંગડાઓને એક જ આંચકો મારી પકડી લીધા. બકરો છેલ્લું જોર કરવા લાગ્યો. મેરીયાએ અચાનક જ હુંકાર કરી બકરાના બેય આગલા પગ ઉપર હાથથી પ્રહાર કર્યો. બકરો ઝાટકાભેર ઢીંચણીયા થઈ ગયો. એનું ડોકું પથરા ઉપર મંડાઈ ગયું. મારા ગળામાં એકાએક મેરીયાના ઉચકાયેલા ખડ્ગને જોઈ રહ્યો... ‘એ...એ...એ...’ને ‘ઓય મા...’ની કારમી ચીસ અચાનક જ નીકળી ગઈ. હું હવામાં ઉચકાઈને મોં ભેર રેતીમાં ઝીંકાયો. ઈસલો મારી ઉપર પડ્યો. એમ બેય સ્તબ્ધ બની હબકી ગયા. થથરી જઈ પલટી ખાઈને પાછળ જોયું તો રૂંવાડા ખડા થઈ ગયા. માકડ બેઠો થઈને ચત્તેપાટ પડેલો. એક હાથ-પગ વડે ધમપછાડા નાંખતો હતો. એની ઉપર કોઈ વિકરાળ વાઘ જેવું પશુ ઝળુંબી રહ્યું હતું. ઈસલો બોલી ઊઠ્યો, ‘એલા આ તો નાર સે’ મારી નજર સામે કેટલાક કાળા ઓળા દોડતાં દેખાયા. અમારી બાજુ આવતાં હતાં. માકડ નાર સાથે બાખડી પડેલો. મારું ધ્યાન મેરીયા બાજુ ગયું. એ મારી ચીસ સાંભળીને અમારી હાજરી જાણી ગયેલો તે ખડ્ગ લઈને અમારી બાજુ ધસી પડેલો. વિકરાળ ડગ ભરતો ખુલ્લાં ખડ્ગ સાથે ગાળો ભાંડતો એ તો આવ્યો. મેં આ બેયનું ધ્યાન દોરવા બરડો પડ્યો. એટલામાં પેલા ઓળા પહોંચી ગયા મારા સુધી. એ પેલા ભાભા ને મિત્રો હતા. એ ખરે ટાંકણે પહોંચી ગયા. બધા ભેગા થઈને પેલા નાર ઉપર તૂટી પડ્યા. માકડે ઝનૂનપૂર્વક ડાંગનો પ્રહાર કર્યો પેલા પ્રાણી પર... એની ખોપડી ફાટી પડી અવાજ સાથે ને ભાભાએ બૂમ મારી ‘ધોડજો એલા, મેરીયો વાંહે પડ્યો સે; એણે હતું એટલું જોર કરી મેરીયાની ગાળોથી દૂર ભાગવા દોડવા લાગ્યા. માકડે દોડતા દોડતાં વાંહે જોયું તો પાંચ-છ નાર પેલા મેરીયા ઉપર તૂટી પડેલા. પહેલાં તો એ આ અણધાર્યા હુમલાથી હબક ખાઈ ગયો પણ પછી મંડાણો ખડ્ગ વીંઝવા. ખચાખચ કાપી નાંખ્યા. બાકીના બીકના માર્યા ભાગ્યા. અમે મુઠ્ઠીઓ વાળી દોડવા લાગ્યા. છાતીમાં હાંફ માંય નહીં. ધમણ જેમ ફૂંફાડા મારવા લાગેલો. શરત મારનાર ભાભા મને ધકેલતા, મારો હાથ ખેંચતા મને ઢસડતા લવરી કરતાં હતાં... ‘મને ક્યાં આ ઉંમરે પારખાં સૂઝ્યાં...બાપ, ધોડ હવે... તારા બાપને શું જવાબ દઈશ...’ ઈસલો આગળ નીકળી ગયેલો. આગળ કંઈ ભળાય નહીં. રાતા-પીળા દેખાય. એટલું યાદ છે રેતી પૂરી કરીને જમીન ઉપર આવી ગયેલો... મારું શરીર પડતું હોય તેવું લાગ્યું, મને.

આંખો ખોલી ત્યારે પેલા ભાભાના ખોળામાં મારું માથું હતું. હનુમાનજીને ચડાવેલ નારિયેળ વધેરીને મારા મોઢામાં એનું પાણી મૂકતો. માકડ રૂ બાળીને ઘા પર લગાડતો હતો. બીજા બે-ત્રણ જણા મને ફળિયાથી પવન નાખતાં હતાં. મેં બધાને જોયા. મારા મોંએથી સહજ રીતે જ નીકળી ગયું... ‘લવજીકાકા, જોયુંને ભૂત નો હોય. ઈ તો મેરીયો જ...! બધા હો... હો... હો...’ કરીને હસી પડ્યા. હું બાઘાની જેમ બધાને જોઈ રહ્યો...

બાપુજી બીજે દિવસે અમને બે-ત્રણ જણાને એકસાથે ચઢી આવેલા તાવનું રહસ્ય શોધતાં હતા. વૈદ ખરા ને?

SHYAMAL-SAUMIL
the musical odyssey

# IMPACT

## Shyamal Saumil's Institute for Music Performance And Cultivating Talent

**સંગીતની રજૂઆત માટે જરૂરી આત્મવિશ્વાસ,
સર્જનાત્મકતા અને પ્રાયોગિક અભિગમ
પર વિશેષ ધ્યાન આપવામાં આવશે**

- માત્ર મર્યાદિત સંખ્યામાં એડમીશન .
- પ્રવેશ માટે ઓડિશન આવશ્યક.
- સંગીત તથા સૂર-તાલની પ્રાથમિક સમજ આવશ્યક.
- તાલીમ દ્વારા તૈયાર થયેલા યોગ્ય વિદ્યાર્થીઓને રેકોર્ડિંગ અને અન્ય કાર્યક્રમોમાં રજૂઆતની તક.



**Contact:** (From 11 to 6) 707, Shitiratna, Panchavati Circle, Ellisbridge, Ahmedabad - 380006.
**(O):** 079-26561834/35 **(M):** +91 98250 45957 **Website:** www.shyamalsaumil.com, **Email:** info@shyamalsaumil.com

# વિશ્વકોશમાં પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા ભૂપેન્દ્ર ત્રિપાઠીનું પ્રેરક વ્યાખ્યાન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે યોજાતી શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ વિશ્વકોશ ભવનમાં 'પ્રતિકૂળતા એ જ અનુકૂળતા: પ્રજ્ઞાચક્ષુની પુરુષાર્થગાથા' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદથી રીઝર્વ બૅંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતાં પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા ભૂપેન્દ્ર ત્રિપાઠીએ પોતાના જીવનની સંઘર્ષકથા સાથે જીવનને ભરપૂર અને સફળતાપૂર્વક જીવવાનાં પ્રત્યેક માણસમાં રહેલાં ગુણો અને વિશ્વાસને ધબકતો રાખતાં રસપ્રદ અને સાચાં ઉદાહરણો સાથે પ્રેરક વ્યાખ્યાન આપી ઉપસ્થિત શ્રોતાઓને પ્રભાવિત કર્યાં હતાં.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને સામાન્ય નાગરિક તરીકેની સામાજિક સ્વીકૃતિ મળે તે માટે આ પ્રકારનાં કાર્યક્રમો દ્વારા એક નવી દિશામાં નવી પહેલ કરી રહ્યું છે. કાર્યક્રમના અંતે ગુજરાત વિશ્વકોશના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઈએ આ પ્રકારના વધુ કાર્યક્રમો યોજવાની વિશ્વકોશની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮, બુધવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.

# હસતાં હસતાં કપાય જીવનના રસ્તા વિશે વિશ્વકોશમાં યઝદી કરંજિયાએ આપેલું વકતવ્ય



તાજેતરમાં શ્રી જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણીમાં 'હસતાં હસતાં કપાય જીવનનાં રસ્તા' વિશે નાટ્યકાર યઝદી કરંજિયાએ જીવનમાં હાસ્યના મહત્ત્વને સમજાવતી વાતો કરી. તેમણે કહ્યું કે સામાન્ય રીતે પારસી સમાજ હળવા મિજાજનો સમાજ કહેવાય છે. પારસીઓને હસવાનું અને હસાવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. આમ પણ આ જીવનમાં ટૅન્શન ઓછું નથી. એટલે હું નમ્રપણે માનું છું કે ટૅન્શન વધારી સ્વાસ્થ્ય સાથે રમત કરવી યોગ્ય નથી. તેમાં કોઈ મજા નથી. મજા જ આપણી દવા છે. દોસ્તો, હસી લો, હસાવી લો, બે ઘડી મસ્તીમાં વિતાવી લો. કોને ખબર કાલે મળ્યા કે ન મળ્યાં. આજને બસ પ્રેમથી વધાવી લો. હું નાનો હતો, ત્યારે અમારા પિતાજીએ સ્થાપેલી વાણિજ્ય સંસ્થામાં વાર્ષિક સ્નેહસંમેલનમાં અભિનય-ગીત ગાતો હતો. પછી જરા મોટો થતાં નાટકમાં સ્ત્રીપાત્ર ભજવવાની તક મળી, કારણ કે એ સમયમાં સ્ત્રીઓ નાટકમાં ભાગ નહોતી લેતી. કૉલેજમાં મને પુરુષપાત્ર ભજવવાની તક મળી અને હું જ્યારે બી.કોમના છેલ્લાં વર્ષમાં આવ્યો, ત્યારે ઈન્ટર યુનિવર્સિટી કોમ્પ્ટીશન જે દિલ્હીમાં થાય છે, ત્યાં અમારી કૉલેજ તરફથી નાટક ભજવવાની તક મળી.

નાટકનું નામ હતું 'મુંગી સ્ત્રી' સ્વર્ગસ્થ આંતરરાષ્ટ્રીય નાટ્યલેખક અને ચિંતક ચં. ચી. મહેતા જે પછીથી મારા કલાગુરુ બન્યા. તેમણે આ નાટક લખ્યું હતું. દિલ્હીમાં ૪૦ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો અને રાષ્ટ્રના પ્રેસિડેન્ટ, વાઈસ પ્રેસિડેન્ટ, વડાપ્રધાન જવાહરલાલ નહેરુ એ ફેસ્ટીવલમાં હાજર રહેતાં. દિલ્હીના તાલ કટોરા ગાર્ડનમાં પંદર દિવસ સુધી આ ફેસ્ટીવલ ચાલતો. મારા સદનસીબે મારા માતા-પિતા અને કલાગુરુના આશીર્વાદથી મારું નાટક ત્રીજા ક્રમે આવ્યું અને મને બેસ્ટ એક્ટરનો પારિતોષિક મળ્યો. આ નાટકની માગ અન્ય સ્થળોએ થઈ, ત્યારે મારા પિતાજીએ વચન માંગ્યું કે દીકરા નાટક કરો. તમને પ્રભુ તરફથી બક્ષિશ મળી છે, તેને કદી વ્યવસાય બનાવશો નહીં. તે દિવસથી આજ દિન સુધી ભારતમાં અને ભારત બહાર ઘણાં નાટકો ભજવ્યાં. મને ભગવાનની કૃપાથી લગભગ રૂપિયા ત્રણ કરોડનું દાન મેળવવા માટે અમે નિમિત્ત બન્યા અને હું આ સાથે મારા કલાગુરુ ચં. ચી. મહેતા જેમણે મને ઓલ ઇન્ડિયા રેડિયો પર નાટક કરતો કર્યો. તેની પવિત્ર યાદ સાથે દુઆ ગુજારું છું કે મારે જીવનમાં એવું રોલ કરી જવું છે કે છેલ્લા શ્વાસે વન્સમોર લઈ જવું છે. યઝદી કરંજિયાએ પોતાના જીવનના અનેક હાસ્યલક્ષી અને જીવનપ્રેરક પ્રસંગો કહ્યા હતા.

# ‘કેફિયત, મારા સર્જનની’ એ વિષય પર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં કવિ ચંદ્રકાન્ત શેઠે વક્તવ્ય આપ્યું



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં અત્યાર સુધીમાં વિવિધ વિષયો ઉપર ૨૯૭ જેટલા વ્યાખ્યાનો યોજાઈ ગયા છે. સાહિત્ય, અર્થશાસ્ત્ર, રાજકારણ, વિજ્ઞાન જેવાં વિષયોમાં તજજ્ઞો દ્વારા વિવિધ વિષયોની માહિતી પીરસતાં સુંદર વ્યાખ્યાનો નિયમિત રીતે વિશ્વકોશમાં દરેક મહિનાના બે બુધવારે યોજાય છે. જાણીતા કવિ ચંદ્રકાન્ત શેઠનું ‘કેફિયત, મારા સર્જનની’ એ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. વ્યાખ્યાનમાં તેમણે કહ્યું કે, કોઈ કબીરને ફકીરીમાં સુખ લાગે તો મારા જેવાને લલિતજીની જેમ મજાની મઢૂલીમાં સુખ લાગે. મને કોણ જાણે કેમ અહંકાર ને ઉશ્કેરે ને બઢાવે એવાં માનમોભાના કે ધનસંપત્તિના ચકરાવામાં અટવાવું ગમતું નથી. હું એ બધી બાબતમાં છેક જ નિઃસ્પૃહ છું એવું નથી; પરંતુ એ બધાંની મર્યાદાઓનું મને કંઈક ભાન છે. મીરાંને રામરૂપી રમકડામાં આનંદ આવતો હતો. મને શબ્દરૂપી રમકડામાં આનંદ આવે છે. આપણે જીવીએ, પણ રમતની રીતે જીવીએ; આનંદી કાગડાની જેમ જીવીએ. જગત-ગુરુદેવને જે ગમે તે ભલે કરે; આપણે તો એ અંગેનો ખરખરો છોડી દઈ, આપણા ધર્મ અદા કરીને આનંદ મસ્તીમાં રહેવું.

અહીંનો પગલીનો પાડનાર તો એક ગામડિયો ચાંદા-સૂરજછાપ થીંગડિયાવાળી ચડ્ડી ને સાંધેલું બાંડિયું પહેરી ફરતો રહેતો રહેતો એ છોકરો, નામે બચુડો—ચંદરિયો—ચંદરિયાની દોસ્તી ગુમાવવા જેવી નહીં એ ‘ચંદુડિયા’ના સર્જક કવિશ્રી સમજે છે ને તેથી જ એ દોસ્તીને ખીલવવાના ખ્યાલથી જ આવી પગલીઓ શબ્દના માર્ગે ચમકાવીને રાજી થાય છે. આ રાજીપામાં સૌને સામેલ કરવાની હોંશે આ પગલીઓ પ્રકાશિત થાય છે. આ કાર્યક્રમમાં સાહિત્યપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર દ્વારા શાસ્ત્રીય કંઠ્ય સંગીત અને 'મેઘાણી સરવાણી' નામે નાટકની પ્રસ્તુતિ થઈ.



કાર્યક્રમના પહેલા દિવસે હુબલી, કર્ણાટકના પંડિત વેંકટેશકુમારે પોતાના શાસ્ત્રીય ગાયનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. વેંકટેશકુમારે ગ્વાલિયર અને કિરાના ઘરાણાની સઘન તાલીમ વીરેશ્વર પુણ્યાશ્રમમાં પદ્મભૂષણ શ્રી પુટ્ટરાજ ગવાઈ પાસે લીધી. એમના ગાયનમાં આ બંને ઘરાણાનું સુંદર સંયોજન જોવા મળે છે. એમણે શરૂઆત સાંજના રાગ પુરિયા ધનાશ્રીથી કરી. એ પછી રાગ કેદાર, ખમાજ, ગૌડ મલ્હારની પ્રસ્તુતિ બાદ અંતે ભૈરવીમાં ભક્તિરચનાથી કાર્યક્રમ સમાપ્ત થયો.

આરંભે વિશ્વકોશ વતી ડૉ. કુમારપાળ દેસાઈએ કલાકાર અને શ્રોતાઓનું સ્વાગત કર્યું. એ પછી અગસ્ત્ય ફાઉન્ડેશન વતી અમર ભટ્ટે કલાકારની ઓળખ આપતા જણાવ્યું કે વેંકટેશકુમાર એક સાધક છે. એમણે આ ક્ષેત્રે આગવું તપ આદર્યું છે. આજકાલ કલાકારોને ખૂબ ઝડપથી ને નાની વયે સ્ટેજ મળે છે ત્યારે વેંકટેશકુમારને એમની ચાલીસ વર્ષની ઉંમરે પંડિત ભીમસેન જોશીએ સવાઈ ગાંધર્વ સંગીત મહોત્સવમાં આમંત્ર્યા ત્યાં સુધી તો એમના વિશે બહુ જૂજ લોકોને જાણ હતી. અમર ભટ્ટે આ વાતના સમર્થનમાં મરીઝનો આ શેર ટાંક્યો—

**શબ્દોના સંગસંગમાં ચિત્રણની વાત છે,**
**આ ગઝલ છે કાંઈ એમાં ઝડપથી લખાય ના.**

સમગ્ર કાર્યક્રમમાં શ્રોતાઓએ શબ્દવિહીન સંગીત માણ્યું. પંડિત વેંકટેશકુમારના ગાયનમાંથી નિપજેલું નાદમાધુર્ય અને શાસ્ત્રીય ગાયનની કેટલીક ઝીણી વાતો શ્રોતાઓને અસર કરી ગઈ. વિલંબિત લયમાં શરૂ થયેલું ગાયન, સ્વર પરના ઠહેરાવ અને નાભિમાંથી નીકળતો શુદ્ધ નાદ કાન વાટે સીધા હૃદયમાં ઉતરી ગયાં. આજકાલ માઈકથી ખૂબ નજીક રહીને ગાવાનું ચલણ ને વલણ છે ત્યારે આ કલાકાર માઈકથી એક ફૂટ દૂર હોવા છતાં અદ્‌ભુત રીતે નાદ બહાર આવતો હતો.

અનેક સંગીત રસિક શ્રોતાઓએ આ કાર્યક્રમ માણ્યો. વરિષ્ઠ સાહિત્યકાર ધીરુબેન પટેલે કાર્યક્રમ બાદ જણાવ્યું કે એમને આ સંગીત સાંભળીને દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિ થઈ.

કાર્યક્રમના બીજા દિવસે સર્વનામ મુંબઈ દ્વારા ઉત્કર્ષ મઝુમદાર દિગ્દર્શિત અભિનિત નાટક ‘મેઘાણી સરવાણી’ની પ્રસ્તુતિ કરવામાં આવી.

ઉત્કર્ષ મઝુમદારના હસ્તે અગસ્ત્ય ફાઉન્ડેશન દ્વારા નિર્મિત અમર ભટ્ટનાં ૧૧૭ ગીતો/ગઝલોનાં ૧૩ આલ્બમ્સની પેન ડ્રાઈવનું તથા નવી એક સીડી ‘કાવ્યસંગીતયાત્રા: પડાવ:૧’નું વિમોચન કરવામાં આવ્યું.



એ પછી હિતેન આનંદપરા લિખિત ઉત્કર્ષ મઝુમદાર દિગ્દર્શિત સાંગીતિક નાટ્યપ્રસ્તુતિ ‘મેઘાણી સરવાણી’માં આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જીવનકથા અદ્‌ભુત રીતે તખ્તા પર અભિવ્યક્ત થઈ. ‘મેઘાણી સરવાણી’ નાટકની રજૂઆતમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો સહયોગ મળ્યો. ‘તારી કલમ વખાણું કે વાણી’ એવા લાડકા પ્રશ્ન સાથે મેઘાણીની જીવનયાત્રા ને જીવનકથા ને સર્જનયાત્રા નાટ્યસ્વરૂપે રજૂ થઈ.



ઉત્કર્ષ મઝુમદારે મેઘાણીનું પાત્ર જીવંત કરી બતાવ્યું. મેઘાણીના જીવનના અનેક પ્રસંગો નાટ્યસ્વરૂપે રજૂ થયા. મેઘાણીના મિત્ર તરીકે, ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી તરીકે, મેઘાણીની સામેના વકીલ તરીકે વગેરે અનેક પાત્રોમાં રાજુલ દિવાનનો અભિનય અત્યંત પ્રશંસનીય હતો. મેઘાણીએ ખૂબ જહેમત ઉઠાવી ગામેગામ ફરી આપણાં લોકગીતો સંકલિત અને એકત્રિત કર્યાં એ તો જાણીતી વાત છે, પણ એ કામમાં એમને જેમની પાસેથી મહદ્અંશે આ બધી સામગ્રી મળી તેવાં ઢેલીબેનનું પાત્ર પરિજ્ઞા પંડ્યા શાહે ભજવ્યું. પરિજ્ઞાનો અત્યંત સુરીલો, મીઠો અવાજ સૌને સ્પર્શી ગયો. નાટકમાં સંગીત સંકલન ઉદય મઝુમદારનું હતું અને નૃત્યગૂંથણી હેતલ જોષીની હતી અને વાજિંત્ર સંગત ઋજુલ શાહ (કીબૉર્ડ), બલ્લુ સિંધા (ઢોલક) અને દીપેશ ત્રિવેદી (મંજીરાં)ની હતી.

પહેલા અંકની સમાપ્તિ વખતે સ્ટેજ પર ગરબા માટે અનેક પ્રેક્ષકો પણ જોડાયાં. આમ, સમગ્ર રજૂઆતમાં મેઘાણી લોકોના જ છે ને લોકોનાં હૃદયમાં ચિરંજીવ રહેશે એવી લાગણી અભિવ્યક્ત થતી હતી.



કેટલાં બધાં ગીતો તો પ્રેક્ષકો સાથે ગાતાં હતાં. પરિજ્ઞાએ મેઘાણીનાં પુત્રીનું પાત્ર પણ સુંદર રીતે ભજવ્યું. મેઘાણીએ રોયલ્ટી માટે ગ્રામોફોન કંપની પર કેસ કર્યો તે પ્રસંગ ભજવાયો. જેના શબ્દો ગવાય કે જેની જહેમતને લીધે શબ્દો સંકલિત થયા હોય તે કવિ કે વ્યક્તિને માત્ર ચાર આના રોયલ્ટી મળે એ ક્યાંનો ન્યાય? એવા મેઘાણીના પ્રશ્ન સમયે ઘણાંની આંખમાં આંસુ હતાં. મેઘાણીનાં અનેક જાણીતાં ગીતો જે પ્રસંગે ને જે રીતે લખાયાં હશે તે પ્રસંગ ને તે સર્જનપ્રક્રિયા આ નાટકમાં તાદૃશ થઈ. 'છેલ્લી પ્રાર્થના', જે ધંધુકાની કૉર્ટમાં પોતાના બચાવમાં એમણે ગાયેલી, કે પછી અંગ્રેજી કવિતા 'સમવન્સ ડાર્લિંગ'નો મેઘાણીએ કરેલો અનુવાદ 'કોઈનો લાડકવાયો' જેલમાં દેવદાસ ગાંધીના અનુગ્રહથી થયેલો— 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે'. ગાંધીજી ગોળમેજી પરિષદમાં લંડન જવાના હતા ત્યારે સ્ટીમર પર મેઘાણીનું ગીત 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ' એમને મળ્યું હતું. આ બધાં ગીતો સ્ટેજ પરથી કલાકારોએ અભિનય સાથે ગાયાં. આ ઉપરાંત પરિજ્ઞાએ ગાયેલાં— 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ'—જેવાં અનેક લોકગીતો તો જુદાં. મેઘાણી અને ટાગોરની મુલાકાતમાં મેઘાણીએ ટાગોરને ગુજરાતી કવિતામાં શૃંગાર અને વીરરસ રહેલો છે તેનાં દૃષ્ટાંત આપ્યાં હતાં. 'ચારણકન્યા'ના ઉત્કર્ષ મઝુમદાર અને રાજુલ દિવાન દ્વારા થયેલ પઠનને વન્સ મોર રૂપી દાદ મળી. અંતે સૌને 'કસુંબીનો રંગ' સાથે ગાવા માટે આમંત્રણ આપ્યું. શ્રોતાઓએ અંતે પાંચ મિનિટ સુધી કલાકારોને 'સ્ટેન્ડીંગ ઓવેશન' આપ્યું.

> જેના શબ્દો ગવાય કે જેની જહેમતને લીધે શબ્દો સંકલિત થયા હોય તે કવિ કે વ્યક્તિને માત્ર ચાર આના રોયલ્ટી મળે એ ક્યાંનો ન્યાય?

બંને દિવસના કાર્યક્રમો શ્રોતાઓને રસની ઉચ્ચ ભૂમિકાએ લઈ ગયા અને તમામનાં મન હૃદયમાં અંદરથી સમૃદ્ધ થયાનો ભાવ હતો. અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ કલાના ક્ષેત્રમાં ઊંચાં ધોરણો સ્થપાય તે માટે પ્રયત્નશીલ છે જેની સૌએ નોંધ લીધી. આ કાર્યક્રમમાં ૨૫૦ જેટલાં રસજ્ઞ સહૃદયી શ્રોતાઓ ઉપરાંત ધીરુબેન પટેલ, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ જેવાં વરિષ્ઠ સાહિત્યકારો, શ્રીમતી મંજુ મહેતા, વિરાજ અમર, વિભા દેસાઈ, અમર ભટ્ટ જેવાં સંગીતકારો, અર્ચન ત્રિવેદી જેવા રંગકર્મીઓ અને ડૉ. એસ. ડી. દેસાઈ જેવા વિદગ્ધ વિવેચકો ઉપસ્થિત હતાં. મેઘાણીનાં પુત્રી ઈન્દુબહેન અને પૌત્રી મંજરીબહેન (કે જે મેઘાણીના પુત્ર મહેન્દ્ર મેઘાણીના પુત્રી છે)ની હાજરીએ કાર્યક્રમને અંગત સ્પર્શ આપ્યો ને વધુ ઉજળો બનાવ્યો.

— કુણાલ વૈષ્ણવ

# કવિ વિનોદ જોશીને એનાયત થયો નરસિંહ મહેતા એવોર્ડ



'ચાંદો નીચોવીને અમે વાટકા ભર્યા અને મોગરાની કળીએ હલાવ્યા' મોગરાના સુગંધી પુષ્પ જેવી આ રચનાના સર્જક વિનોદ જોશીને પૂજ્ય મોરારિબાપુના વરદહસ્તે શરદપૂનમની સંધ્યાએ ગિરનારની ગીર તળેટીમાં આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ તારીખ ૨૪ ઓક્ટોબરનાં રોજ રૂપાયતન સંસ્થામાં જૂનાગઢ ખાતે એનાયત થયો હતો.

સને ૧૯૯૯થી પ્રતિવર્ષ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના વિદ્યમાન કવિને ગુજરાતી કવિતા ક્ષેત્રે પ્રતિષ્ઠિત આ એવોર્ડથી વંદના કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮નું આ સન્માન ગુજરાતી ભાષાના લોકપ્રિય કવિ વિનોદ જોશીને અર્પણ કરવાનો સમારોહ વિદ્વાન સાહિત્યકારો-કવિઓ-સંપાદકોની હાજરીમાં સમ્પન્ન થયો.



કાર્યક્રમનો પ્રારંભ નૂપુર બૂચની સરસ્વતી નૃત્યવંદનાથી થયો. ગાયિકા ગાર્ગી વોરાએ નરસિંહ મહેતાના પદ 'પ્રેમરસ પાને તું...'ની ભાવવાહી પ્રસ્તુતિ કરી. રૂપાયતન સંસ્થાના વડા હેમંત નાણાવટીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્ય હતા. નિધિના પ્રમુખ રઘુવીર ચૌધરીએ એવોર્ડની ગરિમા, ચયનપ્રક્રિયા તથા જેણે આ સન્માન પ્રાપ્ત થાય છે તેની ચૂંટેલી રચનાઓના સંપૂટના પ્રકાશનની વિગતો આપી હતી. કવિઓ સર્વશ્રી મણિલાલ હ. પટેલ તથા યોગેશ પંડ્યાએ વિનોદ જોશીની સર્જનયાત્રાનો ભાવવાહી પરિચય કરાવ્યો હતો. વિનોદ જોશી કૃત 'સૈરન્ધ્રિ' પદ્યવાર્તાનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે, 'સર્જક મનનો સ્વામી હોય છે, સર્જન એક સાધના છે તેથી તે તપસ્વી હોય તે આવકાર્ય છે. કવિતાનો હું જાણતલ નથી માત્ર માણતલ છું. શ્લોક અને લોકનો સંયોગ વધુ સારી પ્રયોજવો જોઈએ.' આમ કહીને તેમણે કવિ વિનોદ જોશીને વિકસતા રહેવાની શુભકામના પાઠવી હતી.



કાર્યક્રમનું સંચાલન કવિ પ્રણવ પંડ્યાએ સંભાળ્યું હતું અને સંકલન-આયોજન કવિ-ગાયક હરિશ્ચન્દ્ર જોશી અને નિધિના ટ્રસ્ટી તેમજ રૂપાયતન પરિવાર રહ્યો હતો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવકો હાજર રહ્યા હતા.



કુલદીપ કારિયા

# દિવાળી

દીવાના પ્રકાશમાં દેખાયો ભૂતકાળ,
કેવી રીતે હું વાનરમાંથી માણસ બન્યો,
ના રે,
બસ જરાક માટે રહી ગયો,
મજબૂરીઓ દેખાઈ,
ફાનસના અજવાળે વાંચેલા પુસ્તકોનાં પાનાં ઊડ્યાં...
ભૂલો દેખાઈ,
કોડિયામાં પ્રગટ્યો મોબાઇલનો અજવાસ.

દીવાના અજવાળે દેખાયું અંધારું,
તેમ છતાં શું ન દેખાયું?
પતંગિયું બનીને હું ઊડવા લાગ્યો આઘે ને આઘે,
દીવો મારી પાછળ ને પાછળ,
ધીમે-ધીમે વધતા જાય દીવા,
વધતા જાય પતંગિયાં,
વધતી જાય આંખો,
વધતાં જાય દશ્યો,
વધતું જાય અંધારું.

મને ભવિષ્ય દેખાય એ પહેલાં
કોઈ આ પતંગિયું ઠારી નાખો,
હું માણસ બનું એ પહેલા
મને ઠારી નાખો.

Happy Diwali

# હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેના ૧૮૮માં જન્મદિન નિમિત્તે એક વ્યાખ્યાન 'હાસ્યમેવ જયતે' યોજાયું



ગુજરાત સાહિત્ય અકાદમી અને ઓમ કૉમ્યુનિકેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેના ૧૮૮મા જન્મદિન નિમિત્તે એક વ્યાખ્યાન 'હાસ્યમેવ જયતે' કાર્યક્રમનું આયોજન તારીખ ૨૧મી ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જાણીતા હાસ્યલેખક અને વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર, ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, પ્રદીપભાઈ દવે તથા ઓમ કૉમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠક, સાહિત્ય અકાદમીનાં મહામાત્ર અજયસિંહ ચૌહાણ મહામાત્ર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



જ્યોતિન્દ્રભાઈની સર્જનયાત્રા વિશે જણાવતા રતિલાલ બોરીસાગરે જણાવ્યું કે, 'જ્યોતિન્દ્રભાઈ ૨૦મી સદીના શ્રેષ્ઠ હાસ્યલેખક હતા. તેઓ ભારતીય ભાષાના કોઈપણ લેખકની સાથોસાથ ઊભા રહી શકે તેવી સર્જકતા ધરાવતા હતા. તેમની કોઈ પણ કૃતિ છપાયા પછી તે વાંચતાં ન હતા. હાસ્યકાર હોવાની સાથોસાથ તેમને વેદ-ઉપનિષદ અને શાસ્ત્રોના પણ ઊંડા અભ્યાસી હતા.' જ્યોતિન્દ્ર દવેના પુત્ર પ્રદીપભાઈ દવેએ પણ પિતાની યાદો તાજી કરતાં જણાવ્યું કે, 'જ્યોતિન્દ્રભાઈને ચા ઉપરાંત પાન ખાવાનો શોખ હતો. સાહિત્ય ઉપરાંત સંગીત પરત્વે તેમને ઘણો લગાવ હતો. તેઓ દરરોજ રાત્રે વીણા અને દિલરુબા વગાડતા હતા. ગુજરાતી ભાષા ઉપરાંત તેઓ ઉર્દૂ ગઝલોના પણ અભ્યાસી હતા. તેમણે ઉર્દૂમાં ગઝલો લખેલી અને મુશાયરામાં રજૂ પણ કરતાં હતા. સંસ્કૃતનું પણ તેમને ઘણું જ્ઞાન હતું અને સંસ્કૃતમાં કાવ્ય પણ રચી શકતા. તેમણે ક્યારેય ગુસ્સો કર્યો નહોતો.' પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ પણ જ્યોતિન્દ્ર દવેની હાસ્ય પરંપરા વિશે વાત કરી હતી.




કાર્યક્રમમાં હાજર રહેલા સૌએ જ્યોતિન્દ્ર દવેની સ્મૃતિ અને સર્જનયાત્રાને માણી હતી.





ભાવેશ ભટ્ટ



દીપની માફક ઝળહળવાનો સૌનો ચહેરો હસતો-ગાતો,
આવનાર નવ વર્ષની સાથે બંધાવાનો એવો નાતો.

નવા વર્ષમાં હશે મનાઈ અંધારાના પ્રવેશ પર,
હવે ધરા પર મોતી માફક ઝગમગવાનું દરેકનું ઘર,
કોઈ પીરસવાનું આવી સૂરજમાં બોળેલી રાતો.

આખુંયે જગ મ્હેકી ઉઠશે, બાકી રહેશે ન કોઈ ખૂણો,
પવન ફરી વળવાનો સઘળે સુગંધનો લઈ પાલવ કૂણો,
જોવા મળશે નહીં હવેથી કોઈ છોડ લીલો કરમાતો.

દીપની માફક ઝળહળવાનો સૌનો ચહેરો હસતો-ગાતો,
આવનાર નવ વર્ષની સાથે બંધાવાનો એવો નાતો.



ડૉ. રન્નાદે શાહ

# ગ્રાન્ડ કેનિયન્સને જોતાં



યુગોથી તારી સોડે
ખળખળ વહી
પછાડ્યાં મેં માથાં—
ઓ પથ્થર!
હવે તો કંઈ બોલ!
તારા વક્ષે
ચીતરી કંઈ અનોખી ભાત
વ્હાલ કેરી!
યુગોથી તારી સોડે...
એકેય પડઘો સ્નેહનો
દીધો નહીં તેં—
ઓ પથ્થર!
હવે તો કંઈ બોલ!

નદીની બંને કાંઠે
ગિરિશિખરની
પંક્તિ, અગણિત—
ઉપાલંભ હાસે—

તને હું યુગોથી
મુજ કર મધ્યે ધરી રહ્યો
અવરોધ્યા ના
તુજ ચરણને ક્યારેય—
સરતી રહેતી સતત, સદાયે
પછાડ્યાં તેં માથાં
એ છાપ હૃદયે ધરી રહ્યો—
અધીરી તું ને આ,
પવન પણ હા ચંચળ થઈ
રહે કોરી મારાં,
મન હૃદયને કૈ યુગ સુધી!
છતાં પ્રિયે તારી,
સકળ ગતિને હું નિરખતો
યુગોથી—
શું બોલું મુખે?

સમજ ભાષા મૌનની તું—

# સૂરબહારનાં સૂર વિખરાયા



સેનિયા મહિયર ઘરાનાના જનક ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાનનાં પુત્રી, સરોદવાદક ઉસ્તાદ અલીઅકબરખાનનાં બહેન, બેજોડ સુરબહારનાં વાદીકા અન્નપૂર્ણાદેવીનું મુંબઈ ખાતે તારીખ ૧૩ ઓક્ટોબરના રોજ મુંબઈ ખાતે દુઃખદ નિધન થયું છે. પંડિત રવિશંકરનાં તેઓ પત્ની હતાં પણ લગ્નનાં થોડાં વર્ષો પછી તેઓ છૂટાં પડ્યાં.

અન્નપૂર્ણાદેવી સંગીતનાં મોટા જાણકાર હતાં. શાસ્ત્રીયસંગીતના સિદ્ધહસ્ત કલાકાર પિતાના સંગીતવારસાને તેમણે પચાવ્યો હતો. આ કલાને જીવંત રાખવા તેમણે અનેક શિષ્યોને સંગીતદીક્ષા આપી. 'મા'ના સંબોધનથી જાણીતા થયેલા આ સંગીત આરાધિકાના નિધનથી સૂરબહારનાં ઘણાં જાણીતાં અંગો લુપ્ત થશે.

માન અકરામથી હમેશાં અળગાં રહેલાં 'મા' એક શ્રેષ્ઠ સુરસાધિકા જ નહીં, એક વિતરાગી વિભૂતિ હતાં. એમના નિધનથી મા સરસ્વતીનો કંઠાહાર સરી પડ્યો છે. આ મહાન સ્વરસાધિકા, મહાન કલાગુરુને શત શત વંદન.

**— રન્નાદે શાહ**

# જનાર્દન રાવલ... જનુભાઈ...
# જનુભાઈ... હર્ષદાબેન...
# રણઝણતા તન તંબૂરનો તાર તૂટ્યો અને શાંત થયું સંગીત


ગુજરાતી કાવ્યસંગીતનું સ્વરયુગ્મ. ગુજરાતી સુગમસંગીતના પાયામાં એમનાં મૂળ. પણ સમય જતા સુગમસંગીતના ગુલાબી રંગની માયા તેમણે છોડી અને ભક્તિસંગીતના ભગવા રંગે રંગાયા. અધ્યાત્મજગતનો તેમનો આ પ્રવેશ તેમની નવી ઓળખાણ બની રહ્યો અને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તેમનો તનતંબૂર રણઝણતો રહ્યો... અને તાર તૂટ્યો તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ.



જનાર્દન રાવલ-જનુભાઈ

તેમના કંઠે રેલાયેલું યુગ્મગીત ગીત 'કેવા રે મળેલાં મનનાં મેળ' સંગીત મહેફિલનું ચિરંજીવ ગીત બની રહ્યું. જનુભાઈ-હર્ષદાબેન આ ગીત મંચ ઉપરથી પ્રસ્તુત કરે ત્યારે આ ગીતના સ્વરકાર-ગાયક ક્ષેમુભાઈ દિવેટીઆ અને એનાં મૂળ સહગાયિકા સુધાબેન દિવેટીઆ સ્હેજ પાછળ બેઠા હોય અને આ ગીતને ગવાતું સાંભળી હરખાય.

આ ચિરંજીવ યુગલગીતના સ્વરકાર ક્ષેમુભાઈની જન્મતિથીએ જનુભાઈએ વિદાય લીધી અને આમ ત્યાં સ્વર્ગમાં જામી હશે 'મળેલાં મનની બેઠક'.



જનુભાઈ-હર્ષદાબેન

જનુભાઈનો પૌરુષથી છલકતો કંઠ, સાવજ સમી ચાલ અને કલાકારને યોગ્ય જગ્યાએ હાથ ફરકાવીને મળતી દાદ હંમેશ યાદ રહેશે.

અમારા મોરપિચ્છ ટહુકા અમે આજદિન સુધી લીલાછમ રાખી શક્યા એમાં તમારો ભાવ ખૂબ અગત્યનો મહત્ત્વનો. અમારાં માથે તમારાં આશીર્વાદ વરસતા રહે એ પ્રાર્થના સાથે તમને શત શત વંદન.

**– સૌમિલ મુન્શી**

## જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

### નવેમ્બર

૨ નવેમ્બર: **નમ્રતા શાહ** (ગાયિકા, અમદાવાદ)
૨ નવેમ્બર: **અનુ મલિક** (સંગીતકાર, મુંબઈ)
૨ નવેમ્બર: **દેવાંગ પટેલ** (ગાયક, અમદાવાદ)
૩ નવેમ્બર: **ગૌતમ જોષી** (લાઇટિંગ ડિરેક્ટર, આઈએનટી, મુંબઈ)
૩ નવેમ્બર: **સ્વરૂપ સંપટ** (ફિલ્મ, ટીવી કલાકાર, મુંબઈ)
૪ નવેમ્બર: **ફાધર વાલેસ** (સાહિત્યકાર, સ્પેન)
૫ નવેમ્બર: **જાવેદ અલી** (ગાયક, મુંબઈ)
૫ નવેમ્બર: **પૂજા સોની** (ફિલ્મ કલાકાર, અમદાવાદ)
૮ નવેમ્બર: **અરવિંદ ત્રિવેદી** (નાટક, ટીવી, ફિલ્મ કલાકાર, મુંબઈ)
૮ નવેમ્બર: **વાસુદેવ ચાવડા** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)
૯ નવેમ્બર: **આરતી પટેલ** (અભિનેત્રી, નિર્માત્રી, ટીવી કલાકાર, અમદાવાદ)
૯ નવેમ્બર: **અરુણા જાડેજા** (લેખિકા, અમદાવાદ)
૧૧ નવેમ્બર: **પ્રદીપ્તો સેનગુપ્તા** (વાદક કલાકાર, મેન્ડોલિન, મુંબઈ)
૧૨ નવેમ્બર: **સંજય સેજવલકર** (વાદક કલાકાર-તબલાં, અમદાવાદ)
૧૨ નવેમ્બર: **રંતિદેવ ત્રિવેદી** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)
૧૩ નવેમ્બર: **શ્રવણ રાઠોડ** (સંગીતકાર, મુંબઈ)
૧૩ નવેમ્બર: **અતુલ વૈષ્ણવ** (ગાયક, અમદાવાદ)
૧૩ નવેમ્બર: **સુપર્ણા બેનર્જી** (ગાયિકા, અમદાવાદ)
૧૪ નવેમ્બર: **પીકોલા શાહ** (ગાયિકા, અમદાવાદ)
૧૪ નવેમ્બર: **જસ્પીન્દર તરુલા** (ગાયિકા, મુંબઈ)
૧૫ નવેમ્બર: **ઉદય મજુમદાર** (ગાયક-સંગીતકાર, મુંબઈ)
૧૫ નવેમ્બર: **ભૌતેષ વ્યાસ** (લાઇટ્સ, મુંબઈ)

૧૯ નવેમ્બર: **જિતિન વૈષ્ણવ** (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)
૨૧ નવેમ્બર: **રવીન્દ્ર પારેખ** (કવિ, સુરત)
૨૧ નવેમ્બર: **પૂર્વી જોશી** (નાટ્ય કલાકાર, મુંબઈ)
૨૨ નવેમ્બર: **ફિરોઝ ઈરાની** (ટીવી અને ફિલ્મ કલાકાર, મુંબઈ)
૨૩ નવેમ્બર: **સંદીપ પટેલ** (દિગ્દર્શક, અમદાવાદ)
૨૪ નવેમ્બર: **ગૌરાંગ વ્યાસ** (સંગીતકાર, અમદાવાદ)
૨૮ નવેમ્બર: **મોના થીબા** (ફિલ્મ અભિનેત્રી, મુંબઈ)
૨૮ નવેમ્બર: **ડૉ. દિવ્યાક્ષી શુક્લ** (કવયિત્રી, વડોદરા)

## ડિસેમ્બર

૧ ડિસેમ્બર: **ઉદિત નારાયણ** (ગાયક, મુંબઈ)
૧ ડિસેમ્બર: **મિરાંદે શાહ** (ગાયિકા, અમદાવાદ)
૧ ડિસેમ્બર: **નિકેશ સંઘવી** (ગાયક, સુરત)
૨ ડિસેમ્બર: **ઉસ્તાદ મહોમ્મદ હુસૈન** (ગઝલ, સૂફી, કવ્વાલી ગાયક, મુંબઈ)
૨ ડિસેમ્બર: **વિજય મોરે** (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)
૩ ડિસેમ્બર: **મુખ્તાર શાહ** (ગાયક, અમદાવાદ)
૫ ડિસેમ્બર: **રઘુવીર ચૌધરી** (સાહિત્યકાર, અમદાવાદ)
૫ ડિસેમ્બર: **પાયલ ચાવડા** (ગાયિકા, અમદાવાદ)
૭ ડિસેમ્બર: **પ્રકાશ લાલા** (પત્રકાર, ગાંધીનગર)
૭ ડિસેમ્બર: **રોહિત શાહ** (સાહિત્યકાર, પત્રકાર, અમદાવાદ)
૭ ડિસેમ્બર: **શિલા ખુટાલા** (નિર્માત્રી, અભિનેત્રી, મુંબઈ)
૯ ડિસેમ્બર: **શાહબુદ્દીન રાઠોડ** (હાસ્ય કલાકાર અને લેખક, થાનગઢ)
૧૦ ડિસેમ્બર: **નીતિન વડગામા** (કવિ, ગઝલકાર, મુંબઈ)
૧૧ ડિસેમ્બર: **હેમંત ઝા** (નાટ્યકાર, દિગ્દર્શક, નિર્માતા, મુંબઈ)
૧૨ ડિસેમ્બર: **ખલીલ ધનતેજવી** (ગઝલકાર, વડોદરા)
૧૩ ડિસેમ્બર: **તુષાર જોષી** (ડાયરેક્ટર, એક્ટર, સ્ક્રીન પ્લે અને ડાયલોગ રાઇટર, અમદાવાદ)
૧૪ ડિસેમ્બર: **પુરૂરાજ જોશી** (કવિ, સાવલી, નડિયાદ)
૧૪ ડિસેમ્બર: **મનોજ જોષી** (ફિલ્મ અને નાટ્યકલાકાર, મુંબઈ)
૧૪ ડિસેમ્બર: **નિહારિકા આચાર્ય** (ગાયિકા)
૧૫ ડિસેમ્બર: **ઉષા મંગેશકર** (ગાયિકા, મુંબઈ)
૧૫ ડિસેમ્બર: **બાબુ સુપ્રિયો** (ગાયક, અમદાવાદ)
૧૫ ડિસેમ્બર: **અમર ભટ્ટ** (ગાયક, અમદાવાદ)
૧૬ ડિસેમ્બર: **સત્યમ પાટીવાલા** (વાદક કલાકાર-ઓક્ટોપેડ, અમદાવાદ)
૧૭ ડિસેમ્બર: **સિદ્ધાર્થ રાંદેરિયા** (નાટ્ય કલાકાર, મુંબઈ)
૧૯ ડિસેમ્બર: **દિપક ઘીવાલા** (નાટ્ય કલાકાર, મુંબઈ)
૨૦ ડિસેમ્બર: **મિતેશ ભટ્ટ** (વાદક કલાકાર-ઓક્ટોપેડ, અમદાવાદ)
૨૧ ડિસેમ્બર: **અમિન સયાની** (રેડિયો એનાઉન્સર, મુંબઈ)
૨૧ ડિસેમ્બર: **આનંદ (મિલીન્દ)** (સંગીતકાર, મુંબઈ)
૨૧ ડિસેમ્બર: **ડૉ. મુકુલ ચોક્સી** (કવિ, સુરત)
૨૨ ડિસેમ્બર: **ચિરાગ વોરા** (અભિનેતા, દિગ્દર્શક, મુંબઈ)
૨૨ ડિસેમ્બર: **અક્ષત ખાંડેકર** (વાદક કલાકાર-કીબોર્ડ-અમદાવાદ)
૨૪ ડિસેમ્બર: **નિરંજન રાજ્યગુરુ** (કવિ, લોકસાહિત્યકાર, ભજનિક, ઘોઘાવદર, ગોંડલ)
૨૪ ડિસેમ્બર: **પ્રકાશ મહેતા** (નાટ્ય કલાકાર, સુરત)
૨૫ ડિસેમ્બર: **રાજેન્દ્ર બુટાલા** (દિગ્દર્શક, નિર્માતા, નાટ્યકાર, મુંબઈ)
૨૬ ડિસેમ્બર: **શિવદાન ગઢવી** (લોકસાહિત્યના મર્મજ્ઞ, લેખક, અમદાવાદ)
૨૮ ડિસેમ્બર: **એસ. એસ. રાહી** (કવિ-ગઝલકાર, પૂના)
૨૯ ડિસેમ્બર: **હની છાયા** (દિગ્દર્શક, અભિનેત્રી, મુંબઈ)
૨૯ ડિસેમ્બર: **જયા હલાટવાલા** (લેખિકા, સુરત)
૩૦ ડિસેમ્બર: **સોનાલી વાજપાઈ** (ગાયિકા, મુંબઈ)
૩૦ ડિસેમ્બર: **આનલ વસાવડા** (ગાયિકા, અમદાવાદ)
૩૦ ડિસેમ્બર: **પ્રણવ મહેતા** (ગાયક, યુ.એસ.એ.)


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under
Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.


SHYAMAL-SAUMIL

the musical odyssey

Gift Article



શ્યામલ-સૌમિલ દ્વારા નિર્મિત
સમય સાથે, વય સાથે, લય મીલાવતું સંગીત,
પારિવારિક મનોરંજન.

ઉત્સવ અને શુભ પ્રસંગોએ
ભેટરૂપે આપો માતૃભાષાના સંગીત,
સાહિત્ય અને સંસ્કારનો સૂરીલો

વારસો

૧૩ ઑડિયો સીડીનો સંપુટ
માત્ર ₹ ૯૯૯/-

સંગીતનો...
સાહિત્યનો... સંસ્કારનો...
વારસો
ભવિષ્યના જતન માટે...




707, Shitiratna, Nr. Panchavati Circle, Ellisbridge, Ahmedabad-380006. Phone : (0)-079-26561834/35
• www.shyamalsaumil.com • E-mail: swarsetu@yahoo.com • Like us on Facebook